અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ જુલાઈ ૨૦૨૫, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ ૭

વર્ષ : ૧૭
અંક : ૩૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# અમેરિકાએ ભારત પર લગાવ્યો ૨૫ ટકા ટેરિફ

## ભારત અમેરિકન માલ પર ઊંચા ટેરિફ લાદે છે, જેના જવાબમાં આ "પારસ્પરિક ટેરિફ" લાગુ કરાયો : આ ટેરિફ ૧ ઓગસ્ટથી અમલમાં આવશે

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।**

અમેરિકા અને ભારત વચ્ચે એક ટ્રેડ ડીલ થઈ ગઈ છે. અમેરિકાન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે જાહેરાત કરી કે, અમેરિકા ભારત પર ૨૫ ટકા ટેરિફ લગાવ્યો છે. ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ટ્રેડ ડીલ અંગે વાતચીત ચાલી રહી હતી. હવે ટ્રમ્પે પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ અંગે માહિતી આપી છે. ઉલ્લેખનીય છે કે, આ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં, ભારતની અમેરિકામાં નિકાસ ૨૨.૮ ટકા વધીને $25.51 બિલિયન થઈ છે, જ્યારે આયાત 11.68 ટકા વધીને $12.86 બિલિયન થઈ છે. ટ્રમ્પે કહ્યું કે, ભારત અમેરિકન માલ પર ઊંચા ટેરિફ લાદે છે, જેના જવાબમાં આ "પારસ્પરિક ટેરિફ" લાગુ કરવામાં આવ્યો છે. આ ટેરિફ ૧ ઓગસ્ટ, 2025 થી અમલમાં આવશે. હવે આ અંગે વાટાઘાટો ઓગસ્ટના બીજા અઠવાડિયા પછી ફરી શરૂ થઈ શકે છે.




આનાથી ભારતીય નિકાસકારો પર, ખાસ કરીને ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ અને જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રોમાં, ઊંડી અસર પડી શકે છે. ભારત સરકારે આ નિર્ણયનો અભ્યાસ શરૂ કર્યો છે અને વેપાર વાટાઘાટોને ઝડપી બનાવવાની વાત કરી છે. નિષ્ણાતો માને છે કે, આ ટેરિફ ભારતના અર્થતંત્ર અને રૂપિયાના મૂલ્ય પર દબાણ લાવી શકે છે.

અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, જો આ અઠવાડિયે ભારત-અમેરિકા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં નહીં આવે, તો ભારતને 25% સુધીની આયાત ડ્યુટી (ટેરિફ)નો સામનો કરવો પડી શકે છે. મંગળવારે, જ્યારે પત્રકારોએ તેમને પૂછ્યું કે, જો કરાર ન થાય તો શું ભારતે વધુ ટેરિફ ચૂકવવા પડશે, ત્યારે ટ્રમ્પે જવાબ આપ્યો, "હા, મને એવું લાગે છે." અમેરિકાએ ભારત અને કેટલાક અન્ય દેશોને ૧ ઓગસ્ટની સમયમર્યાદા આપી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે, કાં તો તેઓએ આ તારીખ સુધીમાં વેપાર કરાર કરવો જોઈએ અથવા તેમને વધેલા ટેરિફનો સામનો કરવો પડશે. ડોનાલ્ડ ટ્રમ્પના મતે, ભારત, ભલે અમેરિકાનો મિત્ર દેશ હોય, પરંતુ વેપારની દ્રષ્ટિએ ક્યારેય સંપૂર્ણ સહકારી રહ્યું નથી. તેમણે પોતાના નિવેદનમાં નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ પર ભાર મૂક્યો :


ઉચ્ચ ટેરિફ અને વેપાર અવરોધો : ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ લાદતા દેશોમાંનો એક છે. તેમના મતે, ભારતના બિન-નાણાકીય વેપાર અવરોધો પણ ખૂબ જટિલ અને વાંધાજનક છે. આ જ કારણોસર અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર વ્યવહારો મર્યાદિત થયા છે.

### આ ૨૫% ટેરિફ ભારતીય નિકાસકારો માટે મોટો પડકાર ઉભો કરશે




**આર્થિક અસર : આ ૨૫% ટેરિફ ભારતીય નિકાસકારો માટે મોટો પડકાર ઉભો કરશે, કારણ કે તેમના ઉત્પાદનો અમેરિકન બજારમાં વધુ મોંઘા બનશે, જેનાથી તેમની સ્પર્ધાત્મકતા ઘટશે. વેપાર સંબંધોઃ આ નિર્ણય ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં તણાવ વધારી શકે છે. ભારત પણ વળતા પગલાં તરીકે અમેરિકન ઉત્પાદનો પર ટેરિફ લાદી શકે છે, જેનાથી વેપાર યુદ્ધ વધુ તીવ્ર બની શકે છે. અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, જો આ અઠવાડિયે ભારત-અમેરિકા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં નહીં આવે, તો ભારતને ૨૫% સુધીની આયાત ડ્યુટી (ટેરિફ)નો સામનો કરવો પડી શકે છે. મંગળવારે, જ્યારે પત્રકારોએ તેમને પૂછ્યું કે, જો કરાર ન થાય તો શું ભારતે વધુ ટેરિફ ચૂકવવા પડશે, ત્યારે ટ્રમ્પે જવાબ આપ્યો, "હા, મને એવું લાગે છે."**

### ભારતે અત્યાર સુધી લગભગ દરેક દેશ કરતાં વધુ ટેરિફ વસૂલ્યા છે.



**ભૌગોલિક-રાજકીય સંબંધો : રશિયા સાથેના ભારતના સંબંધોને લઈને ટ્રમ્પના નિવેદનો બંને દેશો વચ્ચેના ભૌગોલિક-રાજકીય સંબંધોમાં પણ નવા સમીકરણો લાવી શકે છે. છેલ્લા કેટલાક મહિનાઓથી, ભારતીય અને અમેરિકન અધિકારીઓ આ વેપાર કરાર અંગે વાટાઘાટો કરી રહ્યા હતા, પરંતુ ક્યારેક તેઓ આશાવાદી અને ક્યારેક સતર્ક સ્થિતિમાં દેખાતા હતા. કરાર ક્યારે થશે અને શું થશે તે સ્પષ્ટ નહોતું. જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે, સંભવિત કરારમાં તેઓ ભારત પાસેથી શું અપેક્ષા રાખે છે, ત્યારે તેમણે કહ્યું કે, "ચાલો જોઈએ શું થાય છે. ભારત એક સારો મિત્ર રહ્યો છે, પરંતુ ભારતે અત્યાર સુધી લગભગ દરેક દેશ કરતાં વધુ ટેરિફ વસૂલ્યા છે." તેમણે આગળ કહ્યું કે, "પરંતુ હવે હું જવાબદારીમાં છું, અને હવે આવું નહીં ચાલે." ઉચ્ચ ટેરિફ અને વેપાર અવરોધો : ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ લાદતા દેશોમાંનો એક છે. તેમના મતે, ભારતના બિન-નાણાકીય વેપાર અવરોધો પણ ખૂબ જટિલ અને વાંધાજનક છે. આ જ કારણોસર અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર વ્યવહારો મર્યાદિત થયા છે.**

## ઓપરેશન મહાદેવ બાદ સેનાનું ઓપરેશન શિવશક્તિ



**। (એજન્સી) જમ્મુ, તા.૩૦ ।**

ભારતીય સેના આતંકવાદ વિરુદ્ધ એક-પછી એક ઓપરેશન હેઠળ આતંકીઓને ઠાર કરી રહી છે. આજે ભારતીય સેનાની વ્હાઈટ નાઈટ કોરે જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં LOC પર એક સફળ આતંકવાદ વિરોધી અભિયાન ઓપરેશન શિવશક્તિ હાથ ધર્યું હતું.

આ ઓપરેશનમાં સેનાએ બે આતંકવાદીઓને ઠાર કર્યા છે, આ આતંકવાદીઓ સરહદ ઓળંગી ઘૂસણખોરી કરી રહ્યા હતા. તેમની પાસેથી ત્રણ હથિયાર પણ જપ્ત કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસના ગુપ્ત સૂત્રોએ આ આતંકવાદીઓ વિશે બાતમી આપી હતી.

વ્હાઈટ નાઈટ કોરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ઓપરેશન શિવશક્તિ અંગે માહિતી આપી હતી. પોસ્ટમાં લખ્યું હતું કે, અમારી સતર્ક સેનાએ સટિક લક્ષ્યો દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરી આતંકવાદીઓના નાપાક ઈરાદાઓને નિષ્ફળ બનાવ્યા છે. આ અભિયાન બુધવારે સવારે શરુ થયું હતું.

### ગુજરાત ATSને મળી મોટી સફળતા

## બેંગલુરુમાંથી મહિલા આતંકીની ધરપકડ કરાઈ

**30 વર્ષીય શમા પરવીનની ગુજરાત ATSએ ધરપકડ કરી : શમા પાકિસ્તાનના અનેક લોકો સાથે સંપર્કમાં હતી**

**। (એજન્સી) બેંગલુરુ, તા.૩૦ ।**

ગુજરાત ATSને મોટી સફળતા મળી હતી. મળતી જાણકારી અનુસાર, બેંગલુરુમાંથી મહિલા આતંકીની ATSએ ધરપકડ કરી હતી. ૩૦ વર્ષીય શમા પરવીનની ગુજરાત ATSએ ધરપકડ કરી હતી. શમા પરવીન પાકિસ્તાનના અનેક લોકો સાથે સંપર્કમાં હતી. ઓનલાઈન ટેરર મોડ્યૂલ તોડવામાં ગુજરાત ATSને સફળતા મળી હતી. અગાઉ પણ ચાર આતંકીઓની ધરપકડ કરી હતી. ગુજરાત ATS ને અલ કાયદાના આતંકવાદી મોડ્યુલ કેસમાં મોટી સફળતા મળી છે.



ગુજરાત ATS એ બેંગલુરુથી અલ કાયદાના આતંકવાદી મોડ્યુલની એક મહિલા આતંકવાદીની ધરપકડ કરી છે. કર્ણાટકની રહેવાસી શમા પરવીન અલ કાયદાના સમગ્ર મોડ્યુલનું સંચાલન કરતી હતી. આ મહિલા આતંકવાદીની ગુજરાત ATS દ્વારા કર્ણાટકથી ધરપકડ કરવામાં આવી છે. આ સંદર્ભે પૂછપરછ ચાલી રહી છે.

## ભારતે રચ્યો ઈતિહાસ : નાસા સાથે મળી લોન્ચ કર્યું નિસાર મિશન

### અંતરિક્ષથી પૃથ્વી પર રાખશે દેખરેખ, પૃથ્વીનો સંપૂર્ણ ડેટા એકત્રિત કરશે, દરેક દેશ પર રાખજે નજર

**। (એજન્સી) શ્રીહરિકોટા, તા.૩૦ ।**

ઈસરોએ આજે નાસા સાથે મળી નિસાર મિશન લોન્ચ કર્યું છે. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતિષ ધવન અંતરિક્ષ કેન્દ્ર ખાતે આજે બુધવારે સાંજે ૫.૪૦ વાગ્યે નિસાર (નાસા-ઈસરો સિન્થેટિક એપરચર રડાર)ને જીએસએલવી-એસ૧૬ રોકેટ મારફત લોન્ચ કર્યું છે. આ પહેલું એવુ મિશન છે, જેમાં કોઈ જીએસએલવી રોકેટ મારફત સન-સિંક્રોનસ ઓર્બિટ (સૂર્ય-સ્થિર કક્ષા)માં કૃત્રિમ ઉપગ્રહ સ્થાપિત કરવામાં આવ્યો હોય. જીએસએલવી રોકેટ લગભગ ૧૯ મિનિટની યાત્રા બાદ ઉપગ્રહને ૭૪૫ કિમીની ઊંચાઈએ સૂર્યની સ્થિર ધ્રુવીય કક્ષા (સન-સિંક્રોનસ ઓર્બિટ)માં સ્થાપિત કરશે. આ એવી કક્ષા છે, જ્યાં ઉપગ્રહ પૃથ્વીના ધ્રુવોની ઉપરથી પસાર થાય છે, અને દરેક વખતે એક વિશેષ સ્થાનથી પસાર થાય છે, જો કે, દરેક સ્થિતિમાં સૂર્ય પ્રકાશની સ્થિતિ એક જેવી જ રહે છે. કાવુલરૂએ મિશન વિશે જણાવ્યું હતું કે, નાસાએ નિસાર માટે એલ-બેન્ડ ઉપલબ્ધ કરાવ્યું છે, જ્યારે ઈસરો સિન્થેટિક એપરચર રડાર માટે એસ-બેન્ડ પુરૂ પાડ્યું હતું. જેનાથી મોટી સંખ્યામાં ડેટા એકત્રિત કરવાનું સંભવ બનશે. આ ઉપગ્રહ એન્ટાકર્ટિકા, ઉત્તરીય ધ્રુવ, અને મહાસાગરો સ્થિત પૃથ્વી પાસેથી સંબંધિત વ્યાપક ડેટા પ્રસારિત કરશે. કાવુલરૂએ જણાવ્યું હતું કે, નિસાર સમગ્ર પૃથ્વીનો સંપૂર્ણ ડેટા એકત્રિત કરશે. જેનો ઉપયોગ કોમર્શિયલ અને વૈજ્ઞાનિક ઉદ્દેશો માટે થશે. ઈસરો આ ડેટાને પ્રોસેસ કરશે અને તેમાંથી મોટા ભાગના ડેટાને ઓપન-સોર્સ તરીકે ઉપલબ્ધ કરાવશે. જેથી વિશ્વભરના યુઝર્સને તેની સરળતાથી ઍક્સેસ કરી શકશે. આનાથી આપણે હિમાલય અને એન્ટાર્કટિકા જેવા પ્રદેશોમાં જંગલોમાં ફેરફાર, પર્વતોની સ્થિતિ અથવા સ્થાનમાં ફેરફાર અને હિમનદીઓની હિલચાલ સહિત મોસમી ફેરફારોનું નિરીક્ષણ કરી શકીશું. દરેક દેશ પર નજર રાખી શકાશે. ઈસરો અનુસાર, નાસા-ઈસરો સિન્થેટિક એપરચર રડાર (NISAR) ઉપગ્રહનું પ્રક્ષેપણ બંને અવકાશ એજન્સીઓ વચ્ચેના એક દાયકાથી વધુ લાંબા સહયોગમાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. ઈસરોએ જણાવ્યું હતું કે આ ઉપગ્રહ દર ૧૨ દિવસે આખી પૃથ્વીનું સ્કેન કરશે અને હવામાનની તમામ પરિસ્થિતિઓમાં દિવસ અને રાત હાઈ-રિઝોલ્યુશન ડેટા પ્રદાન કરશે. ઉપગ્રહ પૃથ્વીની સપાટી પર થતા અત્યંત સૂક્ષ્મ ફેરફારોને ઓળખી શકશે, જેમ કે વનસ્પતિમાં ફેરફાર, હિમનું પીગળવું અને જમીનનું ડિફોર્મેશન.

### લશ્કર-એ-તૈયબાની મદદ વગર પહલગામ હુમલો શક્ય નથી

**। જમ્મુ, તા.૩૦ ।**

૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ આખા દેશને હચમચાવી નાખ્યો હતો. હવે આ મામલે સંયુક્ત રાષ્ટ્રના તાજેતરના અહેવાલમાં પાકિસ્તાનનું જુઠ્ઠાણું ફરી એકવાર ખુલ્લું પડી ગયું છે. યુએન સુરક્ષા પરિષદની પ્રતિબંધ દેખરેખ ટીમે કહ્યું હતું કે, ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) એ બે વાર પહલગામ હુમલાની જવાબદારી લીધી હતી અને હુમલા સ્થળની તસવીરો પણ જાહેર કરી હતી. આ ટીમે તેના રિપોર્ટમાં કહ્યું હતું કે, પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના સમર્થન વિના આ હુમલો થઈ શક્યો ન હોત.

## દેશમાં ડિજિટલ પેમેન્ટસના વ્યાપમાં નોંધપાત્ર વધારો

**। (એજન્સી) નવી દિલ્હી, ૩૦ ।**

વર્તમાન વર્ષના માર્ચમાં દેશમાં ડિજિટલ પેમેન્ટસમાં વાર્ષિક ધોરણે ૧૦.૭૦ ટકા વધારો થયો હોવાનું રિઝર્વ બેંકના ઈન્ડેકસ પરથી કહી શકાય છે. આરબીઆઈ-ડિજિટલ પેમેન્ટસ ઈન્ડેકસ દેશમાં થતા ઓનલાઈન વ્યવહારનું માપ મેળવે છે. છેલ્લા ચાર વર્ષમાં ડિજિટલ પેમેન્ટસના ઈન્ડેકસના વ્યાપમાં જોરદાર વધારો થયો છે. માર્ચ, ૨૦૨૪માં આ ઈન્ડેકસ જે ૪૪૫.૫૦ હતો તે વર્તમાન વર્ષના માર્ચમાં વધી ૪૯૩.૨૨ રહ્યો છે. સપ્ટેમ્બર, ૨૦૨૪માં આ ઈન્ડેકસ ૪૬૫.૩૩ રહ્યો હતો. દેશમાં ડિજિટલ પેમેન્ટસના સ્વીકાર અને તેના વિસ્તારનો ઈન્ડેકસમાં અંદાજ આપવામાં આવે છે. ઈન્ડેકસ ઊંચો આવવાનો અર્થ દેશમાં પેમેન્ટ માળખામાં વધારો થઈ રહ્યાના સંકેત છે. માર્ચ, ૨૦૨૧માં ૨૭૦.૫૯થી વધી ઈન્ડેકસ હાલમાં ૪૯૩.૨૨ના સ્તરે પહોંચી ગયો છે, જે દેશમાં ડિજિટલ પેમેન્ટસનો વ્યાપ વધી રહ્યાનું સૂચવે છે. દેશમાં ડિજિટલ પેમેન્ટસ માત્ર શહેરો પૂરતું જ મર્યાદિત નથી રહ્યું પરંતુ નાના નગરો તથા ગામડાઓના ઉપભોગતા પણ તેનો સ્વીકાર કરતા થયા છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ દરમિયાન, ૬૫,૦૦૦ કરોડથી વધુ ડિજિટલ વ્યવહારો થયા છે, જેનું કુલ મૂલ્ય રૂ. ૧૨,૦૦૦ લાખ કરોડથી વધુ છે તેમ લોકસભામાં માહિતી આપતા સરકારે જણાવ્યું હતું. સરકાર, રિઝર્વ બેંક અને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન એ એમએસએમઈ અને નાના વેપારીઓને ડિજિટલ ચુકવણી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા માટે સમયાંતરે વિવિધ યોજનાઓ શરૂ કરી છે.

## અમદાવાદમાં ક્રેશ થયેલા બોઈંગ ૭૮૭ના વધુ એક વિમાનમાં ખામી સર્જાવા પામી

**। (એજન્સી) મ્યુનિક, તા.૩૦ ।**

અમદાવાદ પ્લેન ક્રેશ બાદ બોઈંગના અનેક વિમાનોમાં ખામી જોવા મળી છે. છેલ્લા કેટલાક મહિનામાં બોઈંગના વિમાનોના ઈમરજન્સી લેન્ડિંગ, એન્જિનમાં ખામી સહિતની સમસ્યાઓ ચર્ચાનો વિષય બની છે. અમદાવાદમાં ક્રેશ થયેલું બોઈંગનું 787-8 ડ્રીમલાઈનરનું અન્ય એક મોડલ અમેરિકામાં પણ ક્રેશ થતાં થતાં બચી ગયું છે. મ્યુનિક સ્થિત યુનાઈટેડ એરલાઈન્સની બોઈંગ 787-8 ડ્રિમલાઈનર ફ્લાઈટ UA108 ૨૫ જુલાઈએ શુક્રવારે ટેકઓફ થયા બાદ ટૂંક સમયમાં જ વોશિંગ્ટન ડલાસ ઍરપોર્ટ પર પરત ફરવું પડ્યું હતું. જેમાં એન્જિન ફેઈલ થતાં પાયલટે MAYDAY કોલ આપતાં પેસેન્જર્સમાં ખળભળાટ મચ્યો હતો. મ્યુનિક જઈ રહેલી આ ફ્લાઈટ હવામાં ૫૦૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચ્યા બાદ તેના એન્જિનમાં ખામી સર્જાઈ હતી. જેના લીધે ક્રૂએ ઈમરજન્સી જાહેરાત કરી હતી. એર ટ્રાફિક કંટ્રોલર્સને ઘટનાની જાણકારી આપ્યા બાદ પાયલટે MAYDAY કોલ આપ્યો હતો. જો કે, ફ્લાઈટનું સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. મીડિયા રિપોર્ટ અનુસાર, ફ્લાઈટનું સુરક્ષિત લેન્ડિંગ કરાવવા પાયલટે સમય સૂચકતા વાપરી ફ્યુલ ખાલી કરવા વોશિંગ્ટનના ઉત્તર-પશ્ચિમમાં જ અનેક ચક્કરો લગાવ્યા હતા. પ્લેનનું વજન મેનેજ કરવા પાયલટે 6000 ફૂટની ઊંચાઈએ હવામાં પ્લેન રાખ્યું હતું. એર ટ્રાફિક કંટ્રોલર્સ એરક્રાફ્ટને સતત સૂચનો આપી રહ્યા હતા. તેમજ સુરક્ષિતપણે ફ્યુલનું ડમ્પિંગ કરવા મંજૂરી આપી હતી. ફ્યુલ ખાલી કરવા હવામાં જ ચક્કર લગાવવા તેમજ હોલ્ડ કરવા આદેશ આપ્યો હતો.



## ગુજરાતમાં રાહુલ ગાંધીની મુલાકાત બાદ કોંગ્રેસમાંથી ૨ નેતાઓના રાજીનામા



। આણંદ,તા.૩૦ ।

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે, તેમ છતાં પાર્ટીની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. હજુ તો રાહુલ ગાંધીએ ગુજરાતની મુલાકાત લીધી તેના બે દિવસ જ થયા છે, ત્યાં ફરી પાર્ટીમાં ભડકો જોવા મળ્યો. હકીકતમાં રાહુલ ગાંધીની વિદાયના બે જ દિવસમાં પાર્ટીમાંથી બે રાજીનામાં પડી ગયા છે. આણંદ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી વિજય બારૈયાએ તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. આ સિવાય વિધાનસભા સોશિયલ મીડિયા પ્રમુખ વિજય જોશીએ પણ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. નોંધનીય છે કે, બંનેએ રાજીનામું આપતા જણાવ્યું કે, આણંદ જિલ્લા કોંગ્રેસમાં આગળ જવા ક્ષત્રિય હોવું જરૂરી છે. મળતિયાઓને રાહુલ ગાંધીના કાર્યક્રમમાં પ્રવેશ માટે પાસ ફાળવી દેવાયા. સેવાદળના એક કાર્યકરના આખા ઘરને પ્રવેશ પાસ અપાયા છે. મળતી માહિતી મુજબ, રાહુલ ગાંધીની વિદાય બાદ કાર્યકરોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો. પક્ષમાં ગ્રાઉન્ડ લેવલે કામ કરનારા અનેક નેતા અવગણનાનો આરોપ લગાવી રહ્યા છે.

## સરવડ ગામના તત્કાલીન તલાટી મંત્રીના ૧ દિવસના રિમાન્ડ મંજૂર

। (એજન્સી) મોરબી,તા.૩૦ ।

મોરબી જિલ્લાના માળિયા તાલુકામાં બોગસ ખેડૂત ખાતેદાર બનવાના કૌભાંડમાં સંડોવાયેલા સરવડ ગામના તત્કાલીન તલાટી મંત્રી ભરતભાઈ દેવજીભાઈ ખોખરના કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ભરત ખોખરની ધરપકડ બાદ તેને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટે તેના ૩૦ જુલાઈ બપોર ૧૨ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ કૌભાંડમાં બોગસ વારસાઈ આંબો એટલે કે વંશાવળી બનાવીને ખોટા આધાર-પુરાવા ઊભા કરી કેટલાક લોકો ખેડૂત ખાતેદાર બન્યા હોવાનો મામલો સામે આવ્યો હતો. આ અંગે ગત મે મહિનામાં માળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ નોંધાયા બાદ રાજકોટ CID ક્રાઈમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ ઘટનાથી મહેસૂલ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. તપાસ દરમિયાન આ સમગ્ર ગેરરીતિમાં તત્કાલીન તલાટી મંત્રી ભરત ખોખરની સંડોવણી ખૂલતા તેની ધરપકડ કરવામાં આવી હતી. હવે રાજકોટ CID ક્રાઈમ દ્વારા રિમાન્ડ દરમિયાન આરોપી તલાટી મંત્રી ભરત ખોખરને સાથે રાખીને આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવશે.

# ભરૂચ સેશન્સ કોર્ટે મુખ્ય આરોપી હીરા જોટવા અને પુત્ર દિગ્વિજયની જામીન અરજી ફગાવી

### આરોપી હાર્ટ પેશન્ટ છે અને રાજકીય અગ્રણી હોવાથી રાજકીય રંગ આપવા આરોપી બનાવાયા હોવાની દલીલ કરી હતી

। (એજન્સી) ભરુચ,તા.૩૦ ।

ભરુચમાં મનરેગા કૌભાંડ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. કૌભાંડના મુખ્ય આરોપી હીરા જોટવા અને તેમના પુત્ર દિગ્વિજય જોટવાને જામીન માટે ભરૂચની સેશન્સ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. જો કે ભરૂચ સેશન્સ કોર્ટે બંને આરોપીઓના જામીન ફગાવી દીધા છે. કોર્ટે મુખ્ય આરોપી હીરા જોટવા અને પુત્ર દિગ્વિજયની જામીન અરજીને નામંજૂર કરી દીધી છે. સરકાર તરફના મુખ્ય સરકારી વકીલ પી.બી.પંડ્યાએ કરેલી દલીલો કોર્ટે માન્ય રાખી છે. હીરા જોટવાના વકીલે કહ્યું કે આરોપી હાર્ટ પેશન્ટ છે અને રાજકીય અગ્રણી હોવાથી રાજકીય રંગ આપવા આરોપી બનાવાયા હોવાની દલીલ કરી હતી. તમને જણાવી દઈએ કે ૨૪ જુલાઈએ આ કૌભાંડ મામલે પોલીસે ધરપકડ કરેલા અન્ય ૪ આરોપીઓના કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસે ૫ દિવસના રિમાન્ડની માગણી કરી હતી પણ કોર્ટે ૧ દિવસના રિમાન્ડ પર મોકલવાનો આદેશ આપ્યો હતો. આ કૌભાંડમાં તાલુકા વિકાસ અધિકારી (TDO) અને એક નિવૃત TDOની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની સાથે કૌભાંડમાં સંડોવાયેલા બે ટેકનિકલ આસિસ્ટન્ટની પણ ધરપકડ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ કૌભાંડમાં મનરેગા યોજના હેઠળના કામોમાં મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હતી. જેમાં સરકારી નાણાંની ઉચાપત, બોગસ કામો દર્શાવવા કે કામોની ગુણવત્તામાં કટકી જેવા આક્ષેપો તપાસનો વિષય બન્યા છે. પોલીસ દ્વારા આરોપીના રિમાન્ડ મેળવીને આરોપીઓ પાસેથી કૌભાંડ સંબંધિત વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે. મહત્વનું છે કે, કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ, નાણાં ક્યાં અને કેવી રીતે વાપરવામાં આવ્યા અને કૌભાંડનો વ્યાપ કેટલો છે તે દિશામાં તપાસ આગળ વધારવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ કૌભાંડમાં મનરેગા યોજના હેઠળના કામોમાં મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હતી. જેમાં સરકારી નાણાંની ઉચાપત, બોગસ કામો દર્શાવવા કે કામોની ગુણવત્તામાં કટકી જેવા આક્ષેપો તપાસનો વિષય બન્યા છે. પોલીસ દ્વારા આરોપીના રિમાન્ડ મેળવીને આરોપીઓ પાસેથી કૌભાંડ સંબંધિત વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે. મહત્વનું છે કે, કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ, નાણાં ક્યાં અને કેવી રીતે વાપરવામાં આવ્યા અને કૌભાંડનો વ્યાપ કેટલો છે તે દિશામાં તપાસ આગળ વધારવામાં આવશે.

# હડમતીયા ગામે આપ અને ભાજપના કાર્યકર્તાઓ આમને-સામને આવી ગયા

### વિવાદનું કારણે એક દીવાલ હતી, જેના કારણે ગામમાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે આ વિવાદ હજુ ખતમ નથી થઈ રહ્યો

। (એજન્સી) જૂનાગઢ,તા.૩૦ ।


બે દિવસ પહેલાં જૂનાગઢના ભેસાણ તાલુકાના હડમતીયા (વીશળ) ગામે એક વિવાદ ચર્ચાનો વિષય બન્યો છે. જ્યાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયા અને ભાજપના સ્થાનિક નેતાઓ આમને-સામને આવી ગયા હતા. જોકે, આ વિવાદનું કારણે એક દીવાલ હતી. જેના કારણે ગામમાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે આ વિવાદ હજુ ખતમ નથી થઈ રહ્યો અને મંગળવારે (૨૯ જુલાઈ) ફરી બંને પક્ષના નેતા આમને-સામને આવી ગયા હતા. જેના કારણે પરિસ્થિતિ ન વકરે તે માટે પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવું પડ્યું હતું. નોંધનીય છે કે, બે દિવસ પહેલાં ગોપાલ ઈટાલિયા દ્વારા હડમતીયા (વીશળ) ગામમાં એક ઘરની બહાર ખડકી દેવામાં આવેલા બેલા હટાવી લેવાયા હતા. આ દરમિયાન ગોપાલ ઈટાલિયાએ સ્થાનિક લોકોને આ પરિવારની મદદ કરવા અને તેમનો સાથ આપવા માટે અપીલ કરી હતી. જોકે, ત્યારબાદ આ બેલાનું રાજકારણ ગરમાયું હતું. ભેસાણ તાલુકાના વિશળ ગામમાં હલાણ (આવવા-જવાનો રસ્તો)ને લઈને બે પરિવારો વચ્ચે છેલ્લાં ૮ વર્ષથી વિવાદ ચાલે છે અને આ વિવાદ હાલ કોર્ટમાં છે. જોકે, આ દરમિયાન આપ ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ગામમાં હલાણ બંધ કરવા માટે ડેલી આડા રાખેલા બેલાને ખસેડી નાંખતા વિવાદ વકર્યો હતો. બેલા હટાવતા ઈટાલિયાએ કહ્યું કે, 'હું આ બેલા હટાવું છું અને જોઉં છું કે, પાછા કોણ આ અહીં મૂકે છે.' જોકે, ઈટાલિયાના બેલા હટાવ્યાની થોડી જ વાર બાદ એ જ રાત્રે ગામની પંચાયત ટીમ અને ઉપ પ્રમુખે આવીને ફરી બેલા ગોઠવી દીધા અને હલાણ બંધ કરી દીધા. તેમજ કહ્યું કે, આ કેસ હાલ કોર્ટમાં છે સાથે મામલતદારનો ઠરાવ પણ છે કે આ પરિવારનું હલાણ આ તરફ નથી, તેથી ઈટાલિયાએ વચ્ચે ન પડવું જોઈએ. આ સાથે ગોપાલ ઈટાલિયાને ચેલેન્જ પણ આપવામાં આવી હતી કે, તારામાં તાકાત હોય તો બેલા ફરી હટાવીને બતાવ. આ મુદ્દાએ ૨૮ જુલાઈના રોજ સોશિયલ મીડિયા પર આખા ગુજરાતમાં ભારે ચર્ચા જગાવી હતી. જોકે, વિવાદ મોટો થતા હાલ ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયું છે. આ સાથે ગોપાલ ઈટાલિયાને ચેલેન્જ પણ આપવામાં આવી હતી કે, તારામાં તાકાત હોય તો બેલા ફરી હટાવીને બતાવ. આ મુદ્દાએ ૨૮ જુલાઈના રોજ સોશિયલ મીડિયા પર આખા ગુજરાતમાં ભારે ચર્ચા જગાવી હતી. જોકે, વિવાદ મોટો થતા હાલ ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયું છે.

### સાબરમતી કાંઠા વિસ્તારોને સતર્ક રહેવા સૂચના

## ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે અમદાવાદ, ખેડા અને આણંદ જિલ્લામાં એલર્ટ

### વૌઠા અને પાલ્લા નજીકના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે ઉપરવાસમાં પડેલા ધોધમાર વરસાદને કારણે નદીમાં પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।



ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે અમદાવાદ, ખેડા અને આણંદ જિલ્લામાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સ્થાનિક પ્રશાસન દ્વારા લોકોને નદી કિનારે ન જવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ, સાબરમતી નદીના કાંઠા વિસ્તારોને એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના કારણે નદીમાં પાણીની ભારે આવક થઈ છે, જેને કારણે નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને વૌઠા અને પાલ્લા નજીક પૂરની સ્થિતિ જોવા મળી રહી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, વૌઠા અને પાલ્લા નજીકના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ઉપરવાસમાં પડેલા ધોધમાર વરસાદને કારણે નદીમાં પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છે. સાબરમતી નદીમાં પાણીની આવક વધતાં સંત સરોવરમાંથી ૧૦,૪૦૦ ક્યૂસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે. આ કારણે સાબરમતી નદીની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. સાબરમતી નદીની હાલની સપાટી ૧૨૫.૭૫ ફૂટે પહોંચી ગઈ છે. નદીમાં પાણીનો પ્રવાહ જાળવી રાખવા અને નીચાણવાળા વિસ્તારોમાં પૂરનું જોખમ ઘટાડવા માટે વાસણા બેરેજના ૩ ગેટ ૨-૨ ફૂટ ખોલવામાં આવ્યા છે.

વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, નદીમાં પાણીનો પ્રવાહ હજુ પણ વધવાની શક્યતા છે, જેને ધ્યાનમાં રાખીને નદી કિનારે રહેતા લોકોને સાવચેત રહેવા અને જરૂર પડ્યે સુરક્ષિત સ્થળે ખસી જવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે. માછીમારો અને નદી કિનારે પ્રવૃત્તિ કરતા લોકોને પણ હાલ પૂરતું નદીમાં ન જવા અપીલ કરવામાં આવી છે. લોકોએ કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા અને માત્ર સત્તાવાર જાહેરાતો પર જ ભરોસો રાખવા વિનંતી કરવામાં આવી છે. માછીમારો અને નદી કિનારે પ્રવૃત્તિ કરતા લોકોને પણ હાલ પૂરતું નદીમાં ન જવા અપીલ કરવામાં આવી છે. લોકોએ કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા અને માત્ર સત્તાવાર જાહેરાતો પર જ ભરોસો રાખવા વિનંતી કરવામાં આવી છે.

## જામકલ્યાણપુરમાં અનાજ ભરેલો ટ્રક ઝડપાયો પોલીસે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી

। જામકલ્યાણપુર,તા.૩૦ ।



જામકલ્યાણપુરમાં અનાજ ભરેલો ટ્રક ઝડપાયો છે. ટ્રકમાંથી શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો મળ્યો મળી આવતાં પોલીસે ટ્રકને પોતાના કબ્જામાં લીધી છે. ૪૨૦ બોરી ઘઉંનો જથ્થો કલ્યાણપુર પોલીસે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી. ઘઉંનો જથ્થો દ્વારકા લઈ જવાતો હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. પોલીસે મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી છે. દેવભૂમિ દ્વારકાના જામ ખંભાળીયાના જામ કલ્યાણપુરમાંથી આધાર પુરાવા વિનાનો શંકાસ્પદ સરકારી અનાજ ભરેલો ટ્રક ઝડપાયો છે. જેમાં ૪૨૦ બોરી ઘઉંનો જથ્થો સગેવગે થાય તે પહેલા જ કલ્યાણપુર પોલીસે ઝડપી પાડયો હતો. કલ્યાણપુર સરકારી ગોડાઉનમાંથી ઘઉંનો જથ્થો ભરીને દ્વારકા તરફ જથ્થો લઈ જવાતો હોવાનું અનુમાન પોલીસ દ્વારા લગાવવામાં આવી રહ્યું છે.

પોલીસે ટ્રક અને ઘઉંના જથ્થા સાથેનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી. ગરીબોના હક્કનું અનાજ આવી રીતે ચોરી કરવામાં આવી રહ્યું છે ત્યારે પોલીસે સતર્કતા દાખવીને તેને પકડી પાડ્યું છે.

## ઝીંઝુવાડાની શાળામાં ચાલુ ક્લાસે પંખો પડતા બે વિદ્યાર્થી ઘાયલ થયા

। (એજન્સી) સુરેન્દ્રનગર,તા.૩૦ ।

સુરેન્દ્રનગર જિલ્લાના ઝીંઝુવાડા ગામમાં આવેલી એક શાળામાં આજે એક ગંભીર ઘટના બની હતી. ચાલુ ક્લાસરૂમ દરમિયાન અચાનક પંખો છત પરથી નીચે પડતાં બે વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટનાને પગલે શાળા અને વાલીઓમાં ભારે અફરાતફરી અને રોષનો માહોલ સર્જાયો છે.

વિદ્યાર્થીઓ ક્લાસરૂમમાં અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે છત પર લગાવેલો પંખો અચાનક છૂટો પડીને નીચે બેઠેલા વિદ્યાર્થીઓના માથા પર પડ્યો હતો. આ દુર્ઘટનામાં બે વિદ્યાર્થીઓને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.ઘટના બનતા જ શાળા સ્ટાફ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. ઈજાગ્રસ્ત બંને વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે તાત્કાલિક વિરમગામની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. હાલ તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનાને પગલે વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વાલીઓનો આક્ષેપ છે કે, શાળામાં પંખા અને અન્ય માળખાકીય સુવિધાઓની જાળવણી યોગ્ય રીતે થતી નથી. આવી બેદરકારીના કારણે બાળકોના જીવ જોખમમાં મુકાય છે. વાલીઓએ તંત્ર સામે કડક કાર્યવાહી કરવાની અને શાળાઓમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે જરૂરી સુરક્ષાના પગલાં લેવાની માંગ કરી છે. સમગ્ર ઘટના મામલે શિક્ષણ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે તેવી શક્યતા છે.

# GCCI, રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા વિદેશ વેપાર મહા નિર્દેશાલયના સંયુક્ત ઉપક્રમે કરાયું આયોજન

। ગાંધીનગર, તા.૩૦ ।

ઉદ્યોગ અને ખાણ વિભાગ, GCCI તથા વિદેશ વેપાર મહા નિર્દેશાલયના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) પર કેન્દ્રિત ચર્ચા' કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા. શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે આ પ્રસંગે ગુજરાતના વિકાસ મોડેલ વિશે વિગતો આપતા જણાવ્યું હતું કે આપણા દેશના નેતૃત્વના સાતત્યપૂર્ણ પ્રયત્નોથી આપણે હવે વિશ્વની ચોથી મોટી આર્થિક શક્તિ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના આપણા સંકલ્પને સાકાર કરવાની દિશામાં મહત્વનો સાબિત થશે. વધુમાં, શ્રી રાજપૂતે ફૂડપાર્ક માટેના MOU વિશે વાત કરી હતી તથા લોજિસ્ટિક ખર્ચ ઘટાડવા માટે સરકારના પગલાં વિશે ઉપસ્થિત સૌને માહિતગાર આપી હતી. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે પ્લાસ્ટિક, કાપડ, રસાયણો જેવા ઉદ્યોગોને આ કરાર દ્વારા ઘણો ફાયદો થશે. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્માએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર આપણા રાષ્ટ્ર માટે ખૂબ જ ગર્વની બાબત છે. આ એક ઐતિહાસિક અને વ્યૂહાત્મક કરાર છે અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝન તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે. આ કરાર ગુજરાત રાજ્યની નિકાસમાં વિક્રમજનક વધારો કરવામાં મદદરૂપ સાબિત થશે.



આ પ્રસંગે ગુજરાત સરકારના ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપે ભારત માટે ડ્યુટી ફ્રી એક્સેસ ધરાવતા ઉત્પાદનોની વિગતો આપી હતી, જે યુકેની આયાતમાં લગભગ ૮૬ ટકા ફાળો આપે છે. તેમણે જણાવ્યું હતું કે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર આગામી વર્ષોમાં વેપાર સરપ્લસ પ્રાપ્ત કરવામાં મદદરૂપ સાબિત થશે. તેમણે ઉમેર્યું હતું કે, યુકે હંમેશા ભારત માટે પસંદગીનું વેપાર ભાગીદાર રહ્યું છે. ફોરેન ટ્રેડ ડિરેક્ટોરેટના શ્રી રાહુલ સિંહે આ કરારને ભારત દ્વારા વાટાઘાટો થકી પ્રાપ્ત કરેલ સૌથી વ્યાપક વેપાર કરાર ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં, યુકે સાથેના ભારતના વેપારમાં નિકાસમાં એકંદરે સકારાત્મક વલણ જોવા મળ્યું છે, જે ભારત માટે વધુ અનુકૂળ વેપાર સંતુલન તરફ આગળ વધવાનો સંકેત પૂરો પાડે છે. આ પ્રસંગે GCCI ના પ્રમુખ શ્રી સંદીપ એન્જિનિયરે તે બાબતે ખાસ નોંધ લીધી હતી કે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર એ યુકે સાથે ભારતના જોડાણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે. તેમણે ભારત દ્વારા યુકેમાં થતી ૯૯ ટકા નિકાસ માટે અભૂતપૂર્વ ડ્યુટી-મુક્ત ઍક્સેસ પર ખાસ ભાર મૂક્યો હતો, શ્રી એન્જિનિયરે ઉમેર્યું હતું કે આ પહેલ વેપાર મૂલ્યના લગભગ ૧૦૦ ટકાને આવરી લેશે અને તે થકી કાપડ, વિવિધ દરિયાઈ ઉત્પાદનો, લેધર, ફૂટવેર, રમતગમતના સામાન, રમકડાં અને રત્નો અને ઘરેણાં વગેરે વિવિધ ઉદ્યોગો માટે નિકાસની અનેકવિધ નવી તકો ઊભી થશે તેમજ એન્જિનિયરિંગ માલ, ઓટો ઘટકો અને કાર્બનિક રસાયણો જેવા ઝડપથી વિકસતા ક્ષેત્રો માટે પણ નવી તકો ખુલશે. આ કાર્યક્રમમાં આયોજિત ઓપન ફોરમમાં 'ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર'(CETA) વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં INDEXTBના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.સી. સંપત તેમજ વ્યાપાર સંગઠનના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને તે થકી કાપડ, વિવિધ દરિયાઈ ઉત્પાદનો, લેધર, ફૂટવેર, રમતગમતના સામાન, રમકડાં અને રત્નો અને ઘરેણાં વગેરે વિવિધ ઉદ્યોગો માટે નિકાસની અનેકવિધ નવી તકો ઊભી થશે તેમજ એન્જિનિયરિંગ માલ, ઓટો ઘટકો અને કાર્બનિક રસાયણો જેવા ઝડપથી વિકસતા ક્ષેત્રો માટે પણ નવી તકો ખુલશે.

આ કાર્યક્રમમાં આયોજિત ઓપન ફોરમમાં 'ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર'(CETA) વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં INDEXTBના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.સી. સંપત તેમજ વ્યાપાર સંગઠનના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### બિહાર SIR મામલે સુપ્રીમ કોર્ટની ચૂંટણી પંચને ચેતવણી

। (એજન્સી) બિહાર, તા.૩૦ ।

બિહારમાં વોટર લિસ્ટમાં જીૈઇ (સ્પેશ્યલ ઈન્ટેસિવ રિવિઝન) અભિયાન પર સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને સલાહ આપતા કહ્યું કે, જો માસ એક્સક્લૂસન અથવા મોટી સંખ્યામાં નામ કટ કરવામાં આવ્યા તો કોર્ટે દખલગીરી કરવી પડશે. તમે એક બંધારણીય સંસ્થા છો, બંધારણ મુજબ ચાલો.' આ સિવાય કોર્ટે અરજદારોને વિશ્વાસ અપાવ્યો કે, મતદાર યાદીથી માસ લેવલ પર લોકોનું નામ કાપ વામાં આવશે તો સુપ્રીમ કોર્ટ હસ્તક્ષેપ કરશે. આ મામલે આગળની સુનાવણી સુપ્રીમ કોર્ટ ૧૨-૧૩ ઓગસ્ટે કરશે.

સુપ્રીમ કોર્ટે મંગળવારે સુનાવણી દરમિયાન કહ્યું કે, ચૂંટણી પંચે કોર્ટને વિશ્વાસ અપાવ્યો છે, જો તે તેનાથી અલગ થાય છે તો અમે જરૂર હસ્તક્ષેપ કરીશું.

અરજદારોએ સુપ્રીમ કોર્ટને કહ્યું કે, તે ૧ ઓગસ્ટે પ્રકાશિત થયા બાદ ડ્રાફ્ટ સૂચિથી બાકી રહેતા લોકોને ચિહ્નિત કરે. ત્યાર બાદ સુપ્રીમ કોર્ટે કહ્યું કે, યાદીમાં નામ જોડવા અને સુધારા માટે ૩૦ દિવસની પ્રક્રિયા છે. જો મોટાપાયે નામ બહાર કરવામાં આવશે તો અમે હસ્તક્ષેપ કરીશું.

છઢ્ઢઈના વકીલ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે, ફોર્મ સબમિટ ન કરનારા ૬૫ લાખ લોકોને બાકાત રાખવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે અરજદારોની આશંકા દૂર કરવાનો પ્રયાસ કર્યો કે, ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી મતદાર યાદીમાંથી મોટી સંખ્યામાં લોકોને બાકાત રાખવામાં આવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે અરજદારોને આ મામલે દ્રષ્ની ભૂમિકા ભજવવા કહ્યું અને કહ્યું કે, જ્યાં પણ કંઈ અલગ દેખાય તો કોર્ટને સૂચના આપો કોર્ટ હસ્તક્ષેપ કરશે.

ચૂંટણી પંચે દાવો કર્યો કે, આ યાદીમાં કાં તો મૃત્યુ પામેલા અથવા સ્થાયી રૂપે અન્ય કોઈ જગ્યાએ જતા રહેલા લોકો જ સામેલ છે. ચૂંટણી પંચના વકીલ રાકેશ દ્વિવેદીએ કોર્ટને જણાવ્યું કે, આ હજુ સુધી ફક્ત ડ્રાફ્ટ લિસ્ટ જાહેર કરાઈ છે. લોકો પોતાનો વાંધો નોંધાવી શકે છે. અંતિમ યાદી ૧૫ સપ્ટેમ્બરની આસપાસ આવી શકે છે.

### લંડનમાં ખુલ્લેઆમ ચાકુબાજીની ચોંકાવનારી ઘટના, બેના મોત

। (એજન્સી) લંડન, તા.૩૦ ।

યુકેના લંડનમાં આવેલા બર્મોન્ડસી ખાતે એક કોમર્શિયલ પરિસરમાં ચાકુબાજીની ચોંકાવનારી ઘટના બની છે. જેમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય બે ઘાયલ છે. મેટ્રોપોલિટન પોલીસને આ અંગે સોમવારે બપોરે એક વાગ્યે માહિતી મળી હતી.

પોલીસે જણાવ્યા અનુસાર, આ ચાકુબાજીમાં એક ૫૮ વર્ષીય વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયુ હતું. જ્યારે ૨૭ વર્ષીય યુવકે હોસ્પિટલમાં સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો હતો. અન્ય એક ૩૦ વર્ષીય યુવકને પણ સામાન્ય ઈજા થઈ હતી. પોલીસે ૩૦ વર્ષીય આરોપીની અટકાયત કરી હતી. જે પણ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. લંડન એમ્બ્યુલન્સ સેવાના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતાં એમ્બ્યુલન્સ ક્રૂ, પેરામેડિક્સ, ઈન્સિડન્ટ રિસ્પોન્સ ઓફિસર્સ, કમાન્ડ સપોર્ટ વ્હિકલ અને ટેક્નિકલ રિસ્પોન્સ યુનિટ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, આ ઘટના આતંકવાદ સંબંધિત લાગી રહી નથી. અમે પ્રારંભિક ધોરણે ઘટના પાછળનું કારણ જાણવા પ્રયાસ કરી રહ્યા છીએ. ડિટેક્ટિવ ચીફ સુપરિટેન્ડન્ટ એમ્મા બોન્ડે જણાવ્યું કે, અમારી તપાસ પ્રારંભિક તબક્કામાં છે. આ ચોંકાવનારી ઘટનાની સંપૂર્ણ પરિસ્થિતિ સમજવા પ્રયાસ કરી રહ્યા છીએ. હાલ આ ઘટના આતંકવાદ સંબંધિત નથી. અન્ય જનતા પર કોઈ જોખમ નથી. ઘટનાસ્થળે પોલીસ તૈનાત કરવામાં આવી છે. તેમજ પ્રત્યક્ષદર્શીઓની જુબાની લઈ રહ્યા છે.

અમેરિકાના ન્યૂયોર્કમાં પણ આજે ગોળીબારની ઘટના બની હતી. જેમાં એક વ્યક્તિએ અંધાધૂંધ ગોળીબાર કરી ચાર લોકોની હત્યા કરી હતી. જેમાં એક પોલીસ અધિકારીએ પણ જીવ ગુમાવ્યો હતો. બાદમાં આરોપીએ પોતે પણ ગોળી મારી આપઘાત કર્યો હતો. અમેરિકામાં આ વર્ષે ૨૫૪ વખત ખુલ્લેઆમ ગોળીબારની ઘટના બની છે.

આ સિવાય થાઈલેન્ડમાં પણ ગોળીબાર થયો હતો. બેંગકોકમાં ઓર-તોસ્કોર માર્કેટમાં અચાનક એક હુમલાખોરે આડેધડ ગોળીબાર શરૂ કર્યો હતો. જેમાં ચાર સિક્યુરિટી ગાર્ડ્સ માર્યા ગયા હતાં. એક મહિલાનું પણ મોત નીપજ્યું હતું. બાદમાં અહીં પણ હુમલાખોરે પોતે ગોળી મારી આપઘાત કર્યો હતો.

ભારત-યુએસ વેપાર સંબંધો મુદ્દે હજુ પણ મૂંઝવણ । આ મામલા સાથે જોડાયેલા લોકોએ જણાવ્યું કે, હજુ વેપાર કરારમાં વધુ સમય લાગી શકે છે

# ડેડલાઈન નજીક પણ ભારત-અમેરિકા ટ્રેડ ડીલ ફરી અટવાઈ

। (એજન્સી) અમેરિકા, તા.૩૦ ।



અમેરિકા દ્વારા લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફની ડેડલાઈનને આડે હવે માત્ર બે દિવસ બાકી છે. બીજી તરફ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર મુદ્દે અનિશ્ચિતતાઓ જળવાઈ રહી છે. બંને પક્ષે વાટાઘાટો ચાલી રહી હોવા છતાં હજુ સુધી નક્કર જાહેરાત કરવામાં આવી નથી. આ મામલા સાથે જોડાયેલા લોકોએ જણાવ્યું કે, હજુ વેપાર કરારમાં વધુ સમય લાગી શકે છે. યુએસ ટ્રેડના પ્રતિનિધિ જેમિસન ગ્રીરે જણાવ્યું હતું કે, ભારત સાથે વધુ વાટાઘાટોની જરૂર છે. તેમણે જણાવ્યું કે, ભારતના સ્થાનિક બજારને સુરક્ષિત રાખવાના લાંબા સમયથી ચાલતા અભિગમના કારણે વેપાર કરારમાં અમુક વસ્તુઓ વધુ જટિલ બની છે. જેથી વધુ સમય લાગી રહ્યો છે. અમે ભારત સાથે વાતચીત કરી રહ્યા છીએ. તેઓએ પોતાના માર્કેટમાં અમારા માટે તકો ખુલ્લી મુકવા સમર્થન આપ્યું હતું. પરંતુ અમારે અમારા મિત્ર દેશ ભારત સાથે વધુ વાટાઘાટ કરવાની જરૂર છે કે, વાસ્તવમાં તેઓ શું ઈચ્છે છે. ગ્રીરે વધુમાં જણાવ્યું કે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અપેક્ષા રાખે છે કે વેપાર કરાર નોંધપાત્ર રીતે બજારો ખોલશે, જેમાં ભાગીદાર દેશના અર્થતંત્રના મોટા ભાગો સુધી પહોંચી શકાશે. પરંતુ ભારત સાથે સમજવા જેવી વાત એ છે કે તેની વેપાર નીતિ ઘણા લાંબા સમયથી ચાલતાં તેના સ્થાનિક બજારને મજબૂત રીતે સુરક્ષિત રાખવા પર આધારિત છે. તેઓ આ અભિગમ પર બિઝનેસ કરે છે. જેના લીધે વેપાર કરારમાં અડચણો ઉભી થઈ છે. ભારતના વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે અગાઉ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વેપાર કરારમાં ૨૬ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ રદ કરવામાં આવી શકે. પરંતુ ગત સપ્તાહે તેમણે નિવેદન આપ્યું હતું કે, ભારત-યુએસ વેપાર સંબંધમાં કોઈ મુદ્દા પર અડગ નથી. હાલ ચાલી રહેલી વેપાર મંત્રણામાં ઈમિગ્રેશન-એચ૧બી વિઝા જેવા મુદ્દાઓ પર કોઈ ચર્ચા થઈ નથી. ભારત અને અમેરિકા વેપાર કરારમાં વિલંબ પાછળનું એક કારણ એલ્યુમિનિયમ અને તાંબા પર અમેરિકા તરફથી લાદવામાં આવેલો ઊંચો ટેરિફ છે. ભારત સ્ટીલ અને એલ્યુમિનિયમ પર લાગુ ૫૦ ટકા અને ઓટો સેક્ટરમાં ૨૫ ટકા ટેરિફમાં રાહત ઈચ્છે છે. જ્યારે ડેરી અને કૃષિ પ્રોડ્કટ્સ પર અમેરિકાને કસ્ટમ ડ્યુટીમાં રાહત આપવાના પક્ષમાં નથી. કારણકે, તેની સીધી અસર ભારતના સમૃદ્ધ કૃષિ સેક્ટર પર પડશે. ખેડૂતોને મોટું નુકસાન થશે. બીજી તરફ અમેરિકા ઈચ્છે છે કે, ભારત પેટ્રોકેમિકલ્સ, ડેરી પ્રોડક્ટ્સ, ડ્રાય ફ્રૂટ્સ, ગાડીઓ અને ઔદ્યોગિક સામાનો પર લાગુ ટેરિફ ઘટાડે. વધુમાં અમેરિકા દ્વારા કેળા, જુતા-ચપ્પલ, પ્લાસ્ટિક અને હસ્તકળા જેવી પ્રોડક્ટ્સ પર ટેરિફના દરો ઘટાડવા મુદ્દે સહમતિ બની રહી નથી.

બાર ડાન્સરે ખેલ્યો ખતરનાક ખેલ

# ડેટિંગ એપ દ્વારા યુવકને ૨ લાખનો ચૂનો લાગ્યો

**પુરુષ પાસેથી શખ્સોએ ૧૫ લાખ રૂપિયા માંગ્યા હતા વાતચીત બાદ, પુરુષે બે લાખ રૂપિયા આપવા માટે સંમતિ દર્શાવી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

એક વ્યક્તિની ડેટિંગ એપ દ્વારા એક મહિલા સાથે મુલાકાત થઈ હતી. આ બાદ મહિલા તેને દારુ પીવાની ઓફર આપીને હોટલના રૂમમાં લઈ ગઈ હતી. જે બાદ એવો કાંડ થયો કે, પુરુષે સપનામાં પણ એવું વિચાર્યું નહીં હોય...ડેટિંગ એપ બમ્બલ પર એક પુરુષની પ્રોફાઈલ સંગીતા નામની મહિલા સાથે મેચ થઈ હતી. બંને ઘણા અઠવાડિયા સુધી મેસેજ અને વીડિયો કોલ પર વાત કરતા રહ્યા હતા. આ પછી, બંનેએ ડેટ પર જવાનું નક્કી કર્યું હતું. આ બાદ, તેઓ કોફી શોપમાં મળ્યા હતા, જ્યાં બંનેને બધું બરાબર લાગ્યું હતું. આ બાદ, મહિલાએ તેને રૂમમાં જઈને દારૂ પીવાની ઓફર કરી હતી. આ પછી, રૂમમાં જે બન્યું તે પુરુષે ક્યારેય વિચારી ન હોય તેવી ઘટના બની હતી. બંને રૂમમાં બેઠા હતા અને વાતો કરી રહ્યા હતા, ત્યારે ચાર પુરુષો રૂમમાં આવ્યા હતા. ચારેય જણે પુરુષ પર ડ્રગ પાર્ટીમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. આ પછી, પોલીસને બોલાવવાની ધમકી આપી હતી. આ દરમિયાન, ચારેય જણે રૂમની પણ તપાસ શરૂ કરી હતી. જ્યારે એક વ્યક્તિએ મહિલાની બેગની તપાસ કરી તો તેમાંથી સફેદ પાવડરનું પેકેટ નીકળ્યું હતું. આથી, ચારેય જણે દાવો કર્યો કે, તે ડ્રગ્સ છે. સંગીતા રડવા લાગી અને બીજા રૂમમાં દોડી ગઈ અને આત્મહત્યા કરવાની ધમકી આપવા લાગી હતી. પુરુષે ચારેયને મહિલાને છોડી દેવા વિનંતી કરી હતી. આ બાદ, ચારેય જણે સમાધાનની વાત કરી હતી. આ પછી, પુરુષ પાસેથી શખ્સોએ ૧૫ લાખ રૂપિયા માંગ્યા હતા. વાતચીત બાદ, પુરુષે બે લાખ રૂપિયા આપવા માટે સંમતિ દર્શાવી હતી. આ ઘટનાના ત્રણ દિવસ પછી, પુરુષે પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસને માહિતી મળી હતી કે, ડેટ-એક્સટોર્શન મોડ્યુલ ચાલી રહ્યું છે, જેમાં સંગીતા પણ ચારેય સાથે સામેલ હતી અને સફેદ પાવડર કોઈ ડ્રગ્સ નહીં, પણ બેકિંગ સોડા હતો. પોલીસે કેસની તપાસ શરૂ કરી અને છ લોકોની ધરપકડ કરી હતી. જેમાં પોલીસે શરણબાસપ્પા, રાજુ માને, શ્યામ સુંદર, અભિષેક, બીરબલ અને સંગીતાની ધરપકડ કરી હતી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (નોર્થ ઈસ્ટ ડિવિઝન) સાજીત વીજેએ માહિતી આપી હતી કે, ''આરોપીઓમાંથી એક પર બેંગલુરુમાં સમાન ગુના માટે જૂનો કેસ નોંધાયેલ છે. અમે બાકીના આરોપીઓની ગુનાહિત પૃષ્ઠભૂમિ તપાસી રહ્યા છીએ. અમને જાણવા મળ્યું છે કે, મહિલા ઉત્તર પ્રદેશની છે અને અગાઉ ડાન્સ બારમાં કામ કરતી હતી.''

ડોનાલ્ડ ટ્રમ્પ પર ભડક્યું ઈરાન

# ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચે પરમાણુ કાર્યક્રમને લઈને તણાવ યથાવત

। (એજન્સી) ઈરાન,તા.૩૦ ।

ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચે પરમાણુ કાર્યક્રમને લઈને તણાવ યથાવત છે. કહેવા માટે તો ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સીઝફાયર થઈ ગયું છે, પરંતુ વાકયુદ્ધ હજુ પણ ચાલુ જ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે આ વાકયુદ્ધ ફરી એક વાર ગંભીર બન્યુ છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાને સીધી ધમકી આપતા કહ્યું કે, 'જો અમેરિકા કે ઈઝરાયલ ફરીથી ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલો કરશે તો તેનો જડબાતોડ જવાબ આપીશું.' ઈરાનના વિદેશ મંત્રીની આ પ્રતિક્રિયા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એ નિવેદન બાદ આવી છે, જેમાં તેમણે ધમકી આપી હતી કે, જો ઈરાન ફરીથી પરમાણુ પ્લાન્ટ શરૂ કરશે તો અમેરિકા તેને ખતમ કરી દેશે. ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદન બાદ અરાઘચીએ ૪ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'જો બીજી વાર આવો આક્રમક હુમલો કર્યો તો અમે પહેલા કરતા વધુ નિર્ણાયક અને કઠોર જવાબ આપીશું. રાજદ્વારી જ એકમાત્ર રસ્તો છે, ધમકીઓ નહીં.'ઈરાન અમેરિકા પર એટલા માટે ભડક્યું કારણ કે, અમેરિકાએ ૨૨ જૂને ઓપરેશન મિડનાઈટ હેમર હેઠળ ઈરાનના ત્રણ મુખ્ય પરમાણુ ઠેકાણા પર બંકર-બર્સ્ટર બોમ્બથી હુમલો કર્યો હતો. આ હુમલામાં નાતાન્ઝ, ફોર્ડો અને ઈસ્ફહાન જેવા મોટા પરમાણુ ઠેકાણાને મોટું નુકસાન થયું હતું. ત્યારબાદ અમેરિકાએ ઈરાન વિરુદ્ધ પોતાના નિવેદનો ચાલુ રાખ્યા છે. જ્યાં પણ તક મળી ત્યાં ટ્રમ્પ ઈરાનના પરમાણુ કાર્યક્રમનો ખાતમો કરવાની અને તેના પર ફરીથી હુમલો કરવાની ધમકી આપતા જોવા મળ્યા છે. આવી સ્થિતિમાં ઈરાન પણ તેમને જડબાતોડ જવાબ આપી રહ્યું છે. ઈઝરાયલે ઈરાનના પરમાણુ કાર્યક્રમને પોતાના અસ્તિત્વ પર ખતરો જણાવતા તેની વિરુદ્ધ ઓપરેશન રાઈઝિંગ લાયન લોન્ચ કર્યું હતું. તેમાં ૨૦૦થી વધુ ફાઈટર પ્લેનોએ ૧૦૦થી વધુ ટાર્ગેટ પર ૩૩૦ બોમ્બ અને મિસાઈલો છોડી હતી. તેમાં ઈંધણ પ્લાન્ટ, સેન્ટરફ્યુઝ વર્કશોપ, મિસાઈલ બેઝ અને કમાન્ડ સેન્ટર સામેલ હતા. ત્યારબાદ બંને દેશો વચ્ચે ૧૨ દિવસ સુધી લડાઈ ચાલુ રહી અને પછી સીઝફાયર થઈ ગયું.

તમારા માટે રાષ્ટ્રનો મુદ્દો શૂન્ય બન્યો છે.

# રાજ્યસભામાં ખડગે અને નડ્ડા વચ્ચે ઉગ્ર ચર્ચા, ભાજપ સાંસદે નિવેદન પરત લઈ માફી માગી

**નડ્ડાએ જણાવ્યું કે, ખડગેજી તમે પોતાના પદ અનુસાર, શબ્દોનો ઉપયોગ કરી રહ્યા નથી. હું ઈચ્છું છું કે, તમે આ પ્રકારના (તુચ્છ) શબ્દોને દૂર કરો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।



રાજ્યસભામાં આજે મંગળવારે ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન વિપક્ષ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા વચ્ચે શાબ્દિક પ્રહારો થયા હતાં. નડ્ડાએ ખડગે પર નિશાન સાધતા કહ્યું કે, નરેન્દ્ર મોદી વિશ્વમાં સૌથી લોકપ્રિય નેતા છે, પક્ષ અને દેશ માટે ગૌરવનો વિષય છે. પરંતુ તમે પક્ષ સાથે એટલા જોડાઈ ગયા છો, કે, પોતાના દેશની જ ગોર ખોદી રહ્યા છે. માનસિક સંતુલન ગુમાવી તમે આ પ્રકારના નિવેદનો આપી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી નડ્ડાએ જણાવ્યું કે, ખડગેજી તમે પોતાના પદ અનુસાર, શબ્દોનો ઉપયોગ કરી રહ્યા નથી. હું ઈચ્છું છું કે, તમે આ પ્રકારના (તુચ્છ) શબ્દોને દૂર કરો. તમે એક વરિષ્ઠ નેતા છો, પરંતુ જે રીતે તમે વડાપ્રધાન પર ટીપ્પણી કરી રહ્યા છો, મને દુઃખ થાય છે. તમે ૧૧ વર્ષથી વિપક્ષમાં બેઠા છો, અને પીએમ મોદી વિશ્વમાં લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે. નડ્ડાએ આગળ જણાવ્યું કે, આપણે તમામે ગર્વ અનુભવવો જોઈએ. પરંતુ તમારી પક્ષની ગતિવિધિઓ એટલી વ્યસ્ત છે કે, તમારા માટે રાષ્ટ્રનો મુદ્દો શૂન્ય બન્યો છે. તમે પોતાનું માનસિક સંતુલન ગુમાવ્યા બાદ પીએમ મોદી માટે અસંસદીય શબ્દ બોલો છો. જેપી નડ્ડાના આ નિવેદન બાદ વિપક્ષ સાંસદોએ હોબાળો શરૂ કર્યો હતો. હોબાળો વધતા નડ્ડાએ કહ્યું કે, હું મારા શબ્દો પાછા લઉ છું. માનસિક અસંતુલનને રેકોર્ડમાં લાગણીના વશમાં કરી નાખો. મારા શબ્દોને બદલવા વિનંતી કરૂ છું. નડ્ડાએ શબ્દો પાછા લીધા હોવા છતાં હોબાળો થંભ્યો ન હતો. તેમના પક્ષ અને તેમના નેતૃત્વ સાથે આ શબ્દો મેળ ખાઈ રહ્યા ન હોવાથી તમે તે શબ્દોને રેકોર્ડમાંથી દૂર કરો. જેપી નડ્ડાના નિવેદન બાદ ખડગે ભડકી ઉઠ્યા હતાં. તેમણે કહ્યું કે, હું નડ્ડા સાહેબનો આદર કરુ છું, રાજનાથ સિંહ અને નડ્ડા સાહેબ એવા મંત્રી છે, જે પોતાનું સંતુલન ગુમાવ્યા વિના વાત કરે છે. પરંતુ આજે તે મને મેન્ટલ કહી રહ્યા છે. જે અત્યંત શરમજનક છે. તેમણે માફી માગવી જોઈએ. હું તેમને છોડીશ નહીં. ખડગેના ઉગ્ર સ્વરૂપને જોતાં નડ્ડાએ ફરી એકવાર કહ્યું કે, હું મારા શબ્દો પરત લેવા કહી રહ્યો છું. તમારી લાગણીઓને ઠેસ પહોંચાડવા બદલ હું માફી માગુ છું. પરંતુ તમે લાગણીના આવેશમાં વડાપ્રધાનની ગરિમાનું ધ્યાન રાખવાનું ભૂલી જાવ છો. તેનુ તમારે ધ્યાન રાખવુ જોઈએ.

# મેઘાલયમાં અચાનક ૪૦૦૦ ટન કોલસાનો ગુમ જથ્થો ચર્ચાનો વિષય બન્યો

**હાઈકોર્ટે રાજ્ય સરકારને કોલસો ગુમ કરનારા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો**

। (એજન્સી) મેઘાલય, તા.૩૦ ।



મેઘાલયમાં અચાનક ૪૦૦૦ ટન કોલસાનો ગુમ જથ્થો ચર્ચાનો વિષય બન્યો છે. હાઈકોર્ટના આદેશ બાદ મેઘાલયના મંત્રીએ કોલસા ગુમ થવા પાછળનું કારણ ધોધમાર વરસાદ ગણાવ્યું છે. તેમનું કહેવું છે કે, મૂશળધાર વરસાદના કારણે કોલસો પાણીના પ્રવાહમાં વહી ગયો છે.

મેઘાલય હાઈકોર્ટે રાજ્ય સરકારને કોલસો ગુમ કરનારા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. મેઘાલય સરકારે આબકારી મંત્રી કિરમેન શાયલાએ ચોંકાવનારો જવાબ આપ્યો છે.

મીડિયા સાથે વાતચીત દરમિયાન મેઘાલયે આબકારી મંત્રી કિરમેન શાયલાએ જણાવ્યું હતું કે, મેઘાલયમાં મૂશળધાર વરસાદ થયો હતો. જેના લીધે કદાચ કોલસો (૪૦૦૦ ટન) પાણીમાં વહી ગયો હશે. તેની શક્યતા વધુ જણાઈ રહી છે. હું માત્ર વરસાદને કારણભૂત નથી ગણાવી રહ્યો, પરંતુ હું સંભાવના વ્યક્ત કરી રહ્યો છે કે, આમ થઈ શકે. તેની પાછળનું વાસ્તવિક કારણ કોઈ જાણતું નથી.

કિરમેન શાયલાએ વધુમાં કહ્યું કે, બની શકે કે કોઈ રોજી-રોટી માટે કોલસો લઈ ગયુ હોય. કારણકે, કોઈપણ વ્યક્તિ પોતાના રાજ્યને નુકસાન પહોંચાડી શકે નહીં. સરકારના સાયન્ટિફિક માઈનિંગના વિચારથી રાજ્યમાં તમામ ખુશ હતા. મને લાગે છે, અમારા લોકો આવુ કરી શકે નહીં. તેમણે ખાતરી કરી હતી કે, રાજ્યમાં કોલસાનું માઈનિંગ અને પરિવહન કાયદા અંતર્ગત થઈ રહ્યું છે. તેમજ ઓથોરિટી ગેરકાયદે ગતિવિધિઓ ન થાય તે સુનિશ્ચિત કરી રહી છે.

રાજ્યમાં ચાલી રહેલા ગેરકાયદે કોલસા ખાણકામ અને પરિવહનના આરોપો અંગે શાયલાએ કહ્યું કે આવા દાવાઓને સ્થાપિત કરવા માટે નક્કર પુરાવાની જરૂર છે અને આવી પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા માટે બહુવિધ વિભાગો જવાબદાર છે.



નવી દિલ્હીમાં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન, છત્તીસગઢના દુર્ગમાં માનવ તસ્કરી અને બળજબરીથી ધર્મ પરિવર્તનના આરોપમાં ધરપકડ કરાયેલી બે કેથોલિક નનની ધરપકડ સામે કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા, કેસી વેણુગોપાલ અને હિબી એડન અન્ય લોકો સાથે વિરોધ પ્રદર્શન કરે છે.

# પહેલી ઓગસ્ટથી UPI માં થશે 3 મોટા ફેરફાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

UPI દ્વારા પેમેન્ટ કરતા લોકો માટે ૧ ઓગસ્ટ, ૨૦૨૫થી મોટા ફેરફારો અમલમાં આવશે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે, જેનો મુખ્ય હેતુ UPI સિસ્ટમ પરનો ભાર ઓછો કરવાનો છે. તો ચાલો જાણીએ કે શું મોટા ફેરફાર થશે...

૧. બેલેન્સ ચેક પર મર્યાદા

૧ ઓગસ્ટ ૨૦૨૫થી, યુઝર્સ એક દિવસમાં કોઈ એક UPI એપ પરથી ફક્ત ૫૦ વખત જ બેલેન્સ ચેક કરી શકશે. જો તમે બે એપ્સનો ઉપયોગ કરો છો, તો બંનેમાં અલગ-અલગ ૫૦ વખત ચેક કરી શકાશે. આનાથી વધુ વખત બેલેન્સ જાણવા માટે તમારે તમારી બેંકની એપનો ઉપયોગ કરવો પડશે. NPCIનું કહેવું છે કે, ખાસ કરીને પીક અવર્સ (સવારે ૧૦ થી બપોરે ૧ અને સાંજે ૫ થી રાત્રે ૯:૩૦) દરમિયાન UPI સિસ્ટમ પર ઘણો ભાર પડે છે. વારંવાર બેલેન્સ ચેક કરવાથી સિસ્ટમ ધીમી પડે છે. સૌથી વધુ નાના દુકાનદારો જેવા કે ચા અને શાકભાજી વેચનારને ઘણીવાર વધુ વખત બેલેન્સ ચેક કરવાનું રહેતું હોય છે.

૨. ઓટો-પે પેમેન્ટ્સ હવે નોન-પીક અવર્સમાં થશે, ઓટોપે મેન્ડેટ્સની મર્યાદા અને પ્રક્રિયામાં કોઈ ફેરફાર નહીં થાય.

## તંત્રી લેખ...

# પાકિસ્તાનના ગોળીબારમાં અનાથ થયેલા ૨૨ બાળકોની જવાબદારી લેશે રાહુલ ગાંધી

પાકિસ્તાન અને ભારત વચ્ચે પહલગામ આતંકવાદી હુમલા બાદ જોરદાર તણાવ જોવા મળ્યો હતો. સ્થિતિ એવી બની ગઈ હતી કે, બંને બાજુથી એકબીજા પર મિસાઈલ છોડવામાં આવી રહી હતી. જેમાં અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો. જોકે, હવે હાલ વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક મોટી પહેલ કરી છે, જેણે બધાનું ધ્યાન ખેંચ્યું છે. હકીકતમાં રાહુલ ગાંધી એ ૨૨ બાળકોને દત્તક લેવા જઈ રહ્યા છે, જેણે પાકિસ્તાન ગોળીબારમાં પોતાના માતા-પિતા ગુમાવ્યા હતા. આ વિશે જમ્મુ-કાશ્મીર કોંગ્રેસ ચીફ તારિક હામિદ કર્રાએ કહ્યું કે, 'રાહુલ ગાંધી પૂંછના એ ૨૨ બાળકોના શિક્ષણનો આખો ખર્ચ ઉઠાવશે જેણે પોતાના માતા-પિતા પાક. ગોળીબારમાં ગુમાવી દીધા છે. આ બાળકોના શિક્ષણ માટેનો પહેલો હપ્તો જાહેર કરી દેવાયો છે અને ગ્રેજ્યુએશન સુધી તેમની મદદ યથાવત્ રહેશે.' મળતી માહિતી મુજબ, રાહુલ ગાંધીએ આ વર્ષે મે મહિનામાં પૂંછની મુલાકાત લીધી હતી, તેમણે ત્યાં પોતાના સ્થાનિક નેતાઓને અપીલ કરી હતી કે, તે પ્રભાવિત બાળકોની એક યાદી તૈયાર કરે. ત્યારબાદ કાર્યકરો દ્વારા સરકારી રૅકોર્ડ ખંગાળવામાં આવ્યા અને બાદમાં સરવે કરી એક યાદી તૈયાર કરવામાં આવી, જે રાહુલ ગાંધીને આપવામાં આવી હતી. રાહુલ ગાંધી જ્યારે પૂંછ ગયા હતા, ત્યાં તેમણે ક્રાઈસ્ટ પબ્લિક સ્કૂલની મુલાકાત લીધી હતી, ત્યાં ૧૨ વર્ષના ટ્વિન ઉર્બા ફાતિમા અને જૈન અલનું પાક. ગોળીબારમાં મૃત્યુ થયું હતું. ત્યાં પહોંચીને રાહુલ ગાંધીએ બાળકોને કહ્યું હતું કે, તમે પોતાના મિત્રોને ખૂબ યાદ કરતા હશો, તમને થોડો ડર પણ લાગતો હશે, પરંતુ ચિંતા ન કરો. બધું બરાબર થઈ જશે. આ સ્થિતિનો સામનો કરવાનો એક જ રસ્તો છે. હજુ વધારે અભ્યાસ કરો.' મહત્ત્વનું છે કે, જ્યારે પાકિસ્તાને પોતાની તરફથી ગોળીબાર શરુ કર્યો હતો, ત્યારે સૌથી વધારે પ્રભાવિત પૂંછ વિસ્તાર જ હતો. અનેક બાળકો પણ ઈજાગ્રસ્ત થયા હતા અને મોત પણ થયા હતા. જોકે, પાકિસ્તાનને આ ગોળીબારની ભારે કિંમત ચૂકવવી પડી હતી. ભારતીય સેનાએ ન ફક્ત પાડોશી દેશના એરબેઝ ઉડાડી દીધા હતા, પરંતુ તેના અનેક આતંકી ઠેકાણાને પણ સંપૂર્ણ રૂપે ધ્વસ્ત કરી દીધા હતા. મહત્ત્વનું છે કે, જ્યારે પાકિસ્તાને પોતાની તરફથી ગોળીબાર શરુ કર્યો હતો, ત્યારે સૌથી વધારે પ્રભાવિત પૂંછ વિસ્તાર જ હતો. અનેક બાળકો પણ ઈજાગ્રસ્ત થયા હતા અને મોત પણ થયા હતા. જોકે, પાકિસ્તાનને આ ગોળીબારની ભારે કિંમત ચૂકવવી પડી હતી. ભારતીય સેનાએ ન ફક્ત પાડોશી દેશના એરબેઝ ઉડાડી દીધા હતા, પરંતુ તેના અનેક આતંકી ઠેકાણાને પણ સંપૂર્ણ રૂપે ધ્વસ્ત કરી દીધા હતા.

## સરકારે રકમ વસૂલવા માટે કરી તૈયારીઓ
# લાડકી બહેન યોજનાનો લાભ ૧૪, ૨૯૮ પુરુષોએ લીધો હોવાનું સામે આવ્યું

**લાભાર્થીઓની યાદીમાં આ ૧૪,૨૯૮ પુરુષોનો સમાવેશ કોણે કર્યો અને તેઓ તપાસમાંથી કેવી રીતે ચૂકી ગયા તે શોધવા માટે તપાસ હાથ ધરવામાં આવી રહી છે**



મહારાષ્ટ્રમાં મહિલાઓ માટેની એક મોટી યોજના 'લાડકી બહેન યોજના'નો લાભ ૧૪, ૨૯૮ પુરુષોએ લીધો હોવાનું સામે આવ્યું છે. આ પુરુષોને ૧૦ મહિના માટે ૧૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી હતી, જેના કારણે સરકારી તિજોરીને ૨૧.૪૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ તપાસ દરમિયાન આ આંકડા સામે આવ્યા છે. યોજનાના લાભાર્થીઓની તપાસ દરમિયાન આ વાત સામે આવી. આ યોજનાના લાભ ઓગસ્ટ ૨૦૨૪માં આપવાનું શરૂ થયું હતું અને ગયા વર્ષે વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિની જંગી જીત પાછળનું આ કારણ છે. લાભાર્થીઓની યાદીમાં આ ૧૪,૨૯૮ પુરુષોનો સમાવેશ કોણે કર્યો અને તેઓ તપાસમાંથી કેવી રીતે ચૂકી ગયા તે શોધવા માટે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેમનું માનદ વેતન બંધ કરી દેવામાં આવ્યું છે. સરકાર આ લાભાર્થીઓ સામે કાર્યવાહી કરવા અને તેમની પાસેથી પૈસા પાછા લેવાનો પણ નિર્ણય લેશે. સરકારે લાડકી બેહન યોજના માટે વાર્ષિક ૪૨ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ યોજના તત્કાલીન એકનાથ શિંદે સરકારે શરૂ કરી હતી. આનાથી વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને ઘણો ફાયદો થયો. જોકે, આના કારણે રાજ્ય સરકાર ઘણા વિકાસ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકી શકી નથી. આ ઉપરાંત, એવી શંકા છે કે ૨,૩૬,૦૧૪ અન્ય લાભાર્થીઓએ પુરુષો હોવા છતાં મહિલાઓના નામ આપીને લાભ લીધો છે.નીતિ મુજબ, ૬૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ આ યોજનાનો લાભ મેળવી શકતી નથી, કારણ કે તેમને રાજ્ય સરકારની અન્ય યોજનાઓ હેઠળ નાણાકીય લાભ આપવામાં આવે છે. આમ છતાં, એવું જોવા મળ્યું છે કે ૬૫ વર્ષથી વધુ ઉંમરની ૨,૮૭,૮૦૩ વૃદ્ધ મહિલાઓએ આ યોજનાનો લાભ લીધો છે. છેલ્લા ૧૦ મહિનામાં તેમના બેંક ખાતામાં કુલ ૪૩૧.૭૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. આ લાભાર્થીઓને અલગ કરીને, સરકાર વાર્ષિક ૫૧૮ કરોડ રૂપિયા બચાવશે. એવું પણ જાણવા મળ્યું છે કે ૭,૯૭,૭૫૧ કેસોમાં, એક પરિવારની બે થી વધુ મહિલાઓએ લાભ લીધો છે. નિયમ એ છે કે એક પરિવારની બે થી વધુ મહિલાઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે નહીં. આવા કિસ્સાઓમાં લાભાર્થીઓની યાદીમાંથી મહિલાઓને બાકાત રાખવાનો નિર્ણય હજુ લેવામાં આવ્યો નથી. નાયબ મુખ્યમંત્રી અજિત પવારે રકમ વસૂલવાનું અને છેતરપિંડી કરનારાઓ સામે કાર્યવાહી કરવાનું વચન આપ્યું છે, ત્યારે વિપક્ષે તેની સીબીઆઈ તપાસની માગ કરી છે.

**તુલસી કૃત રામચરિત માનસની કથા કરનાર કે અન્ય હરિ કથા કરનાર તમામ વ્યાસપીઠ સમાન આદરની અધિકારી છે.**

# શ્રાવણ સુદ સપ્તમી એટલે રામનામનું ગુણગાન ગાતા તુલસીદાસજીની જન્મ જયંતી.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રામ હી કેવલ પ્રેમ પિયારા એ સૂત્રને પ્રતિપાદિત કરનારા તુલસી કહે છે રામ ચરિત માનસ તો મંદાકિની છે, અને એમાંથી કેટલાંય રત્ન કણિકા જેવા પ્રસંગો નીકળે છે. જય માળા હંમેશા રામના ગળામાં શું કામ પડે છે? સ્વયંવરમાં રામ અને રાવણ બંને હાજર હતાં. રામ પાસે રૂપ હતું તો રાવણ પણ રુપવાન હતો.**

આજે શ્રાવણ સુદ સપ્તમી છે, એટલે એ મહાન ચરિત્રની વંદના કરીએ. આ વખતે તુલસી જયંતિ નિમિત્તે રાજાપૂર ખાતે તુલસી જન્મ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. સર્વ લોકના શુભ મંગલ માટે જે ચારે દિશામાં હરિ કથાનું ગાન કરી રહ્યા છે, એવાં હરિ પ્રેમી ઓની સભા ચાલે છે. હિન્દુ ધર્મનો ડંકો વગાડવા જેમણે પોતાની જીંદગી દાવ પર લગાવી દીધી, એમને શત શત નમન. ગયા વર્ષે મહુવા ખાતે તુલસી જન્મોત્સવ ઉજવાયો હતો એ બડભાગી ક્ષણોની સાક્ષી બનવાનું બન્યું હતું મ! તુલસીનો જન્મ, એની જીવની, અને ત્યારબાદ તેનું જીવન કર્મ, રૂપે રામ ચરિત માનસ લખાયું! તુલસી સંવાદ અને સંવેદના નાં સંત હોવાથી એમણે રામરાજ્યની સ્થાપના સુધી કથા લખી, પછી પોતાના મનને વિશ્રામ મળ્યો! આપણાં સૌની પણ રામરાજ્યની અપ્રિતમ મહેચ્છા છે, કદાચ મનોરથ પણ હોય શકે, પરંતુ બંગલો બનાવવાનો કે ગાડી ખરીદવાનો મનોરથ પૂર્ણ કરવાં જે જી જાનથી મહેનત થાય છે, એવી મહેનત રામરાજ્ય માટે નથી થતી એ હકીકત છે. પૂજ્ય બાપુની કરુણા આજે જગત ભર માટે પરાકાષ્ઠાએ છે, એટલે એ સૌનો પૂજ્ય બાપુ માટેનો પ્રેમ કે ભાવ દેખાય. જ્યાં સત્ય હોય ત્યાં સ્ફૂર્તિ હોય એ સૂત્ર અહીં સિદ્ધ થાય,અને એટલે જ પૂજ્ય બાપુ સત્ય, પ્રેમ, અને કરુણાની ત્રિવેણી રૂપ છેક સ્વિત્ઝર્લૅન્ડની કથા પૂરી કરી રાજાપૂર ખાતે પહોંચ્યા. હિન્દુસ્તાનની ધરતી પર સનાતન ધર્મ શું છે? અને તેને કેમ નિભાવી શકાય! એ વિશેનું સંપૂર્ણ જ્ઞાન આપણને રામ ચરિત માનસ આપે છે. તુલસીદાસજીએ તો લખ્યું, પરંતુ લોકોના માનસમાં એ વાત સિદ્ધ કરવા માટે રામાયણનું ગાન કરનાર તમામ કથાકારોનો ફાળો છે, અને એમાં મુખ્ય ફાળો પૂજ્ય બાપુનો છે. આજે તુલસી જયંતિ નિમિત્તે રામાયણની અમર કથા દ્વારા પુજ્ય પાદ શ્રી તુલસીદાસ જી મહારાજનાં ચરણોમાં શબ્દ પુષ્પાંજલિ અર્પણ કરીએ.

પરમ પૂજ્ય પાદ શ્રી તુલસીદાસજી મહારાજ રામચરિત માનસના પ્રથમ ત્રણ શ્લોકમાં કહે છે કે..

વર્ણાનામર્થસંઘાનાં રસાનાં છન્દસામપિ મઙ્ગલાનાં ચ કર્ત્તારૌ વન્દે વાણીવિનાયકૌ (૧)

ભવાનીશઙ્કરૌ વન્દે શ્રદ્ધાવિશ્વાસરૂપિણૌ યાભ્યાં વિના ન પશ્યન્તિ સિદ્ધાઃસ્વાન્તઃસ્થમીશ્વરમ્ (૨)

વન્દે બોધમયં નિત્યં ગુરું શઙ્કરરૂપિણમ્ યમાશ્રિતો હિ વક્રોડપિ ચન્દ્રઃ સર્વત્ર વન્દ્યતે (૩)

રામ હી કેવલ પ્રેમ પિયારા એ સૂત્રને પ્રતિપાદિત કરનારા તુલસી કહે છે રામ ચરિત માનસ તો મંદાકિની છે, અને એમાંથી કેટલાંય રત્ન કણિકા જેવા પ્રસંગો નીકળે છે. જય માળા હંમેશા રામના ગળામાં શું કામ પડે છે? સ્વયંવરમાં રામ અને રાવણ બંને હાજર હતાં. રામ પાસે રૂપ હતું તો રાવણ પણ રુપવાન હતો. રામ ધનવાન હતા તો રાવણ પણ ધનવાન હતો, સોનાની લંકાનું એશ્વર્ય ધરાવતો હતો. રામ બુદ્ધિમાન હતા તો રાવણ પણ વિદ્વાન હતો અને સંસ્કૃતનો પૂર્ણ જાણકાર હતો. રામ બળવાન હતાં તો રાવણ પણ બળવાન હતો કૈલાશને ઊંચો કરવાનું સામર્થ્ય ધરાવતો હતો, છતાં સિયાજુ એ રામનાં ગળામાં જ કેમ જય માળા નાખી? કારણ કે રામ હી કેવલ પ્રેમ પિયારા. તુલસીએ ભામિનીની સુંદર આખ્યાયિકા કરીને કહ્યું કે ભામિની એટલે પત્ની, લક્ષ્મી માતા ને શ્રાપ લાગ્યો, એટલે એ શબરી બન્યા,અને એટલે પ્રભુશ્રી રામ એમને ભામિની કહે છે. વિભિષણની શરણાગતિ મહાન છે, એને પ્રભુ શ્રીરામ સિવાય કોઈ આશરો આપી શકે તેમ નથી, એ તે જાણતાં હતાં, અને પોતાનો ભાઈ ખોટું કરે છે, તો એને છોડી શત્રુ પક્ષે જવામાં વિલંબ કર્યો નહીં. પ્રભુ ભક્તિ વગર સુખ પ્રાપ્ત થતું નથી, અને ભક્તિ અકારણ આનંદ પદની પ્રાપ્તિ કરાવે છે. મહારાજા જનકની પુષ્પ વાટિકાના સુંદર મનોભાવ માળી, અને પ્રભુનાં સંવાદ રૂપે રજૂ કરી જનક નંદીની સીતાનો જયઘોષ, પ્રભુ શ્રી રામનાં મુખે કરાવ્યો. આપણી પાસે તુલસીદાસજી મહારાજ રચિત રામ ચરિત માનસ છે, અને રામ રાજ્ય કંઈ રીતે થયું, એ આપણે જાણીએ છીએ! ચરિત્ર નિર્માણ કેમ થાય છે એ આપણે સૌ જાણીએ છીએ! છતાં એ તરફ દુર્લક્ષ સેવીએ છીએ. બીજાંનાં અહમની રક્ષાનો સંકલ્પ લેવાથી રામ રાજ્ય આવશે, નહીં કે આપણાં. પણ આ બધું ચાર દીન કી ચાંદની જેમ પછી હતું તેમ! દરેકની માનસિકતાને વાહવાહી બોલાવવાનું જે ગ્રહણ લાગ્યું છે, એ દૂર નહીં થાય ત્યાં સુધી પૂર્ણ ચંદ્રનાં દર્શન કેમ થાય? તો પ્રશ્ન થાય કે પૂર્ણ દર્શન કોણ કરાવે! ભોલે મહારાજ મહાદેવ, ભાલમાં ચંદ્ર ચમકે તેનાથી માર્ગ અજવાળે, અને જટાની ગંગાથી દ્રષ્ટિને પવિત્ર કરે, પછી જ પૂર્ણ દર્શન થાય! તો સતીને કેમ થયાં નહીં? એ તો અર્ધાંગિની હતાં ,પણ શ્રવણ દોષ, માત્ર કાનથી સાંભળ્યું, એટલે દક્ષ યજ્ઞમાં બળવું પડ્યું, બીજા રાવણે પણ કાનથી સાંભળ્યું, એટલે લંકા દહન થયું, અને એને પણ હણાવુ પડ્યું.લંકા દહન પછી હનુમાનજી પાછા ફરે છે, અને પ્રભુ પુછે છે કે તમે એકલાંએ લંકા જલાવી? કહે ના! પાંચ જણાએ! પ્રભુ પુછે કોણ પાંચ! તો કહે તમારો પ્રતાપ સીતા મૈયાનો સંતાપ, રાવણનું પાપ, મારો બાપ અને હું, એમ પાંચ ભેગા થયાં એટલે લંકા જલી.

તુલસી કૃત રામચરિત માનસની કથા કરનાર કે અન્ય હરિ કથા કરનાર તમામ વ્યાસપીઠ સમાન આદરની અધિકારી છે. બાપુ કહે છે, કે સાધુ માટે કોઈ વ્રત બંધન નથી હોતું. તે ઈચ્છે, તો વ્રત તોડી પણ શકે! સાધુને વ્રત ન બાંધે, બલ્કે સાધુ વ્રતને બાંધે છે! એકવાર બાપુએ કહ્યું હતું કે સેતુબંધ કરનાર જ કલ્યાણ કરી શકે છે. તુલસીદાસજીએ પરમ પુરુષાર્થવાદી વિશ્વામિત્રજી, અને પરમ પ્રારબ્ધવાદી વશિષ્ઠ ઋષિ વચ્ચે સેતુબંધ રચવાનું કામ કર્યું છે. વૈશ્વિક એકતા જેણે સ્થાપી છે, એવાં ગોસ્વામી શ્રી તુલસીદાસજીની જન્મ જયંતી પણ આજે છે. આખરી માણસથી લઈને સર્વોચ્ચ વ્યક્તિ સુધીનાં સહુને આજના દિવસે વધાઈ. પૂજ્ય બાપુએ એક તુલસી જયંતિ એ કહ્યું હતું કે શિવજીનાં મસ્તક પર ગંગા છે, અને ચંદ્ર છે. મતલબ કે બુદ્ધ પુરુષ આપણને પ્રકાશિત કરે અને પવિત્ર પણ કરે છે. શંકરનાં મસ્તિષ્ક પરની ગંગા સહુને પવિત્ર કરે છે જ્યારે ભાલ પરનો ચંદ્ર સૌને પ્રકાશિત કરે છે.

તુલસીદાસજીની જન્મ તિથિ સાતમ શા માટે છે? તુલસીજીને સાતનો આંક સૌથી વધારે પ્રિય છે. આમ તો તુલસીદાસજીને ૧,૩,૫ ૭,૯ અને ૧૧ એટલા અંક પસંદ છે. અને તેનો સરવાળો ૩૬ થાય છે, જે પૂર્ણાંક છે. આપણે ત્યાં બત્રીસ લક્ષણા'નું ઘણું જ મહત્વ છે.પરંતુ તુલસીદાસજી તો ૩૬ લક્ષણા છે! તુલસીદાસજીને સાતનો આંક વધારે પ્રિય છે અને એટલા માટે એમણે રામચરિતમાનસના સાત સોપાન આપ્યા છે. બાલકાંડ સંસ્કારનો કાંડ છે, અયોધ્યા કાંડમાં સ્વીકાર છે, અરણ્યકાંડમાં સત્સંગ છે. સુંદરકાંડમાં સંવાદ છે, લંકાકાંડ સંઘર્ષનો કાંડ છે અને સાતમા ઉત્તર કાંડમાં સુખ છે. આ સાત કાંડના 'સાત સ' તુલસીદાસજીનું જન્મ સપ્તક છે.

બાપુએ કહે છે કે, સાધુ બનવું સહેલું નથી. સાધુ બનવા માટે બહુ સાધના કરવી પડે છે, સાધુ બનતા બહુ વાર લાગે છે, બહુ રાહ જોવી પડે છે. સાધુનાં દર્શન તો કોઈ પુણ્યપૂંજને કારણે થઈ જાય છે, પણ સાધુ બનવા માટે જન્મ જન્મની સાધના જોઈએ! પૂજ્ય બાપુએ પોતાના અંતર મનની વાત કરી હતી. મારી અંગત આસ્થામાં ત્રણ ત્રિભુવન ગુરુ છે- એક ભગવાન શંકર, બીજા પૂજ્ય ત્રિભુવન દાદા અને ત્રીજા કાગભુષંડીજી મહારાજ. કોઈપણ ગુરુ કદી કંઠી ન પકડે, એ તો સાધકનો આશ્રિતનો કંઠ પકડે, કે જેથી ''રામ'' સિવાય એમાંથી કશો શબ્દ ન નીકળે. બસ રામ એક મંત્ર, રામ એક વિચાર, કે જે સૌને જોડે છે, એ વિચાર સાથે પૂર્ણ સહમતી દર્શાવી,અને આવનારા સમયમાં બહુ જલ્દીથી રામ રાજ્ય સ્થાપાય એવું આચરણ કરીએ. જય સીયારામ.


**શ્રાવણ માસમાં શિવ મહિમા-૭**

# તડકેશ્વર મહાદેવ તીર્થનો મહિમા જાણીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**હવે મને આ કાદવ કીચડમાંથી બહાર કાઢી યોગ્ય જગ્યાએ લઈ જઈ પૂજન કરજે. ભક્તની લાગણીને માન આપી ગામ લોકો એ શિલાની આસપાસ ખોદકામ કરતાં સૌના આશ્ચર્ય વચ્ચે છ થી સાત ફૂટ લંબાઈ ધરાવતું પોઢેલા શિવ જેવા આકારનું લિંગ નજરે પડ્યું હતું. ખૂબ જ સાવચેતી પૂર્વક લિંગ ખંડિત ન થાય તે રીતે ખોદકામ પૂર્ણ કરાયું હતું.**



પવિત્ર શ્રાવણ માસમાં આપણે શિવ મહિમાનું રસપાન કરી રહયા છીએ.પૃથ્વી લોક પર ભગવાન સદા શિવ ભોળાનાથ અજન્મા દેવ છે એટલે જ ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે. ભગવાન શિવ તો એવા દેવ છે કે જેમણે હંમેશા માણસોની વસ્તી થી અલગ અને એકાંત જગ્યા વધારે પસંદ કરી છે. તેવી જ રીતે તેમના શિવાલયો પણ જંગલ અથવાતો ગામથી થોડા દુર જોવા મળે છે.મહાદેવનાં શણગાર તથા પૂજન વિધિમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે. જેમાં વનનાં ફૂલો ધતુરો, બીલીપત્ર, રૂદ્રાક્ષ શણગાર તરીકે, શરીર ઉપર ભસ્મનું લેપન, વાહનમાં પોઠીયો, વગાડવામાં ડમરું, શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાકમાં હાથી કે વાઘનું ચામડું હોય છે.પૂજન વિધિમાં પાણીનો લોટો અને થોડા બીલીપત્રનાં પાન,શિવને આમ તો મંદિરની પણ જરૂર નથી,પથ્થરનાં ઓટલે, ઝાડની નીચે,ડુંગરની ટોચે પણ ભોળાનાથ બીરાજમાન થઈ જાય છે.ત્યારે આજે શ્રાવણમાસ માં શિવ મહિમા ૦૭માં તડકેશ્વર મહાદેવ તીર્થનો મહીમા જાણીએ -:- તડકેશ્વર મહાદેવ મંદિરની ખાસિયત એ છે કે મંદિર ઉપર કોઈ છત નથી તેમજ સૂર્યના કિરણો શિવલિંગ ઉપર પડે છે. જેના કારણે સૂર્યના કિરણો સતત શિવલિંગને સ્પર્શ કરતાં હોવાથી તે તડકેશ્વર મહાદેવના મંદિર તરીકે પ્રસિધ્ધ છે. ૧૯૯૪માં જિર્ણોદ્ધાર કરી ૨૦ફૂટના ગોળાઈનો ઘુમ્મટ ખુલ્લો બનાવાયો. સ્વયંભૂ પ્રગટેલા શિવલિંગના દર્શનાર્થે લોકોની ભારે ભીડ રહે છે.શ્રાવણમાસ અને મહાશિવ રાત્રિએ તો ભક્તો દૂર દૂરથી દાદાના દર્શનાર્થે આવે છે. તડકેશ્વર મહાદેવની પ્રતિમાની પૌરાણિક ગાથા કંઈક આવી છે તો આવો તડકેશ્વર મહાદેવના કલમ કાગળ થકી દર્શન કરીએ. વલસાડના પરા વિસ્તાર અબ્રામા ગામે વાંકી નદીના કિનારે તડકેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન શિવાલય આવેલું છે.આશરે આઠસો વર્ષ પુરાણા આ શિવાલયની પૌરાણિક ગાથા અનોખી અને અલૌકિક છે.વર્ષો પહેલાં અહિંના જંગલમાં ગાયો ચરાવતા નિર્દોષ ગોવાળિયાએ એક ગાયને સ્વયંમ્ દૂધનીધારા વહાવતી જોઈ તો તે વિસ્મય પામ્યો હતો. ગામલોકોને જાણ કરતાં તેઓએ તે જગ્યા પર તપાસ કરતાં એક મોટી પથ્થર ની શિલા નજરે પડી હતી. ત્યારબાદ આ શિલા પર એક ભક્ત રોજ આવીને દૂધનો અભિષેક કરી જતો હતો. ભોળા શિવજીએ તેને સ્વપ્નમાં આવી જણાવ્યું કે,તું રોજ આ ઘોર જંગલમાં આવીને મારી પૂજા- અર્ચના કરે છે, તારી નિષ્ઠા અને અનન્ય ભક્તિથી હું પ્રસન્ન થયોછું

હવે મને આ કાદવ કીચડમાંથી બહાર કાઢી યોગ્ય જગ્યાએ લઈ જઈ પૂજન કરજે.ભક્તની લાગણીને માન આપી ગામ લોકો એ શિલાની આસપાસ ખોદકામ કરતાં સૌના આશ્ચર્ય વચ્ચે છ થી સાત ફૂટ લંબાઈ ધરાવતું પોઢેલા શિવ જેવા આકારનું લિંગ નજરે પડ્યું હતું. ખૂબ જ સાવચેતી પૂર્વક લિંગ ખંડિત ન થાય તે રીતે ખોદકામ પૂર્ણ કરાયું હતું. બળદગાડામાં શિલાને લાવી આજના સ્થળે તેમની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હતી. શા માટે મંદિર પર કોઈ છત નથી ? શિવલિંગના રક્ષણ માટે કામ ચલાઉ દિવાલ અને ઉપર ઘાસનું છાપરું બનાવાયું હતું, પરંતુ થોડા દિવસમાં આ છાપરું અચાનક સળગી ગયું હતું.બાદમાં નળીયા વાળું છાપરું બનાવાયું તો તે વાવાઝોડાથી ઉડી ગયું હતું. વારંવાર બનતી આ ઘટના બાદ શિવભક્તને સ્વપ્ન આવ્યું કે હું તડકેશ્વરે છું,મારા શીરે કોઈ છાપરું બાંધવાનો પ્રયત્ન ન કરશો ગામલોકો એ ભક્તની વાત સાચી ગણીની ચારેબાજુ દિવાલ કરી દરવાજા બનાવ્યા પણ ઉપરથી ખૂલ્લું જ રાખ્યું હતું.શ્રાવણમાં એક લાખથી વધુ ભકતો દર્શનાર્થે આવે છે. તડકેશ્વર મહાદેવના મંદિરે દર શ્રાવણ માસ દરમિયાન ભક્તોની ભારે ભીડ રહે છે. શ્રાવણના દર સોમવારે દશ હજાર થી વધુ શિવભક્તો ભોળાનાથ ને શિશ નમાવવા આવે છે. તડકેશ્વર દાદાના દર્શનાર્થે એનઆરઆઈ ભક્તો આવી અચૂક દર્શનનોલાભ લે છે.શ્રાવણ માસમાં દર સોમવારે તડકેશ્વર મહાદેવ મંદિરે વિશાળ મેળો ભરાય છે. જેમાં દૂર દૂરથી લોકો લકઝરી બસ તેમજ ખાનગી વાહનોમાં આવે છે. દાદાનો મહિમા અપરંપાર અને શ્રધ્ધાભેર હોવાથી ભક્તોની ભીડ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આસપાસના જોવાલાયક સ્થળો કલ્યાણ બાગ,રાજારામ મંદિર વગેરે જોવાલાયક ચળો આવેલાં છે. વલસાડથી ૫ કિમીના અંતરે દરિયાકિનારે પ્રખ્યાત હવા ખાવાનું સ્થળ નિયલ તેમ જ ૩ કિમીના અંતરે પારનેરાનો કિલ્લો જોવા લાયક સ્થળો આવેલાં છે. આજે શ્રાવણ સુદને ગુરૂવાર બસ હવે રક્ષાબંધન અને શ્રાવણી તહેવાર થોડાક દિવસ જ આવશે. ભકતોની ભીડ રહેશે.સુના મંદિર શિવાલયમાં લોકો વારે તહેવારે જ આવે છે. સમય ક્યાં છે.પવિત્ર શ્રાવણ માસમાં એક હિન્દુ તરીકે સંકલ્પ કરીએ કે હું એક ટાઈમ એટલે સવારે કે સંધ્યાકાળે જયાં હોઈશ ત્યાંના નજીકના એક મંદિર કે શિવાલયમાં જઈશ. આજે શ્રેષ્ઠ ઉપાસના આરાધના અભિષેક કર્યો કહેવાય છે. સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે.


હવે રક્ષાબંધન અને શ્રાવણી તહેવાર થોડાક દિવસ જ આવશે. ભકતોની ભીડ રહેશે.સુના મંદિર શિવાલયમાં લોકો વારે તહેવારે જ આવે છે. સમય ક્યાં છે.પવિત્ર શ્રાવણ માસમાં એક હિન્દુ તરીકે સંકલ્પ કરીએ કે હું એક ટાઈમ એટલે સવારે કે સંધ્યાકાળે જયાં હોઈશ ત્યાંના નજીકના એક મંદિર કે શિવાલયમાં જઈશ. આજે શ્રેષ્ઠ ઉપાસના આરાધના અભિષેક કર્યો કહેવાય છે. સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે. આસપાસના જોવાલાયક રથળો કલ્યાણ બાગ,રાજારામ મંદિર વગેરે જોવાલાયક ચળો આવેલાં છે.

વલસાડથી ૫ કિમીના અંતરે દરિયાકિનારે પ્રખ્યાત હવા ખાવા નું સ્થળ નિયલ તેમ જ ૩ કિમીના અંતરે પારનેરાનો કિલ્લો જોવા લાયક સ્થળો આવેલાં છે. આજે શ્રાવણ સુદને ગુરૂવાર બસ

### અમિતાભ બચ્ચનની સોશિયલ મીડિયા પોસ્ટ છવાઈ ગઈ

# અમિતાભ બચ્ચને બેન સ્ટોક્સને ટ્રોલ કરી નાખ્યો, અમિતાભ બચ્ચનનો ક્રિકેટ પ્રેમ તો જગજાહેર





અમિતાભ બચ્ચનનો ક્રિકેટ પ્રેમ તો જગજાહેર છે, ભારતની કોઈ પણ મેચ વખતે તેઓ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા અભિનંદન આપે છે, અથવા તો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા હોય છે. પરંતુ આ વખતે તેમણે એક એવી પોસ્ટ કરી છે, જેનો કોઈને અંદાજ પણ નહોતો. તાજેતરમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ ક્રિકેટ મેચ ડ્રો થઈ પછી એક ઘટના ચર્ચામાં આવી હતી. જેમાં ઈંગ્લેન્ડની ટીમના કૅપ્ટન બેન સ્ટોક્સે ઈન્ડિયન ટીમને ડ્રો ઓફર કર્યો, હોવાની ચર્ચા હતી. અમિતાભ બચ્ચને આ ઘટનાનો પ્રતિભાવ આપતા એક પોસ્ટ કરી હતી. રીચર્ડ કેટલબરોની પોસ્ટ હતી, જેણે લખ્યું હતું, ‘‘બેન સ્ટોક્સ ઓફર્સ ડ્રો – ઈન્ડિયા ડિનાઈઝ એન્ડ કન્ટિન્યુઝ ટુ બેટ – વોટ્સ યોર ટેક ઓ ધિસ’’ અમિતાભ બચ્ચને આ પોસ્ટને રીટ્વીટ કરીને લખ્યું હતું,‘‘ટેક!? એરે ગોરે કો ટિકા (ટિકા સોરી ટાયકા(ભુંસી નાંખવું))દિયા રે.’’ અમિતાભ બચ્ચન કટાક્ષ અને રમુજપૂર્વક માર્મિક રીતે પોતાની વાત કહેવા માટે જાણીતા છે. આ પોસ્ટમાં મજાક તો ઉડાવી જ હતી સાથે તેમણે શબ્દની રમત પણ રમી હતી. તેમણે શબ્દની રમત રમતા અંગ્રેજીમાં ખાસ કરીને બ્રિટિશ ઈંગ્લિશમાં કોઈને બિલકુલ ભુંસી નાંખવું એવો અર્થ થાય છે. આ પોસ્ટ કરતાં જ તેમના ફોલોવર્સને મજા કરાવી દીધી હતી. ઘટના એવી હતી કે માન્ચેસ્ટર ટેસ્ટના પાંચમા દિવસે લગભગ ૧૫ ઓવર બાકી હતી, ત્યારે બેન સ્ટોક્સે આ મૅચ ઝડપથી પુરી કરવા રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદર સાથે હાથ મિલાવ્યા હતા. પરંતુ આ બંને ક્રિકેટરે બેટિંગ ચાલુ રાખી હતી. અમિતાભ બચ્ચન કટાક્ષ અને રમુજપૂર્વક માર્મિક રીતે પોતાની વાત કહેવા માટે જાણીતા છે. આ પોસ્ટમાં મજાક તો ઉડાવી જ હતી સાથે તેમણે શબ્દની રમત પણ રમી હતી. તેમણે શબ્દની રમત રમતા અંગ્રેજીમાં ખાસ કરીને બ્રિટિશ ઈંગ્લિશમાં કોઈને બિલકુલ ભુંસી નાંખવું એવો અર્થ થાય છે. આ પોસ્ટ કરતાં જ તેમના ફોલોવર્સને મજા કરાવી દીધી હતી. ઘટના એવી હતી કે માન્ચેસ્ટર ટેસ્ટના પાંચમા દિવસે લગભગ ૧૫ ઓવર બાકી હતી, ત્યારે બેન સ્ટોક્સે આ મૅચ ઝડપથી પુરી કરવા રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદર સાથે હાથ મિલાવ્યા હતા.

### અભિનેત્રી તૃપ્તિ ડિમરીની વેદના

# ૩૦ વર્ષથી ચૂપ રહી અને અવાજ ન ઉઠાવી શકી

**તૃપ્તિએ જણાવ્યું કે તે રિયલ લાઈફમાં ઈન્ટ્રોવર્ટ છે. બધા સાથે તે ખુલ્લેઆમ પોતાની ફીલિંગ્સ એક્સપ્રેસ કરી શકતી નથી**



એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી તેની આવનારી ફિલ્મ ‘ધડક ૨’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. તેની ફિલ્મ રિલીઝ માટે તૈયાર છે. ફિલ્મમાં તે ‘વિધિ’નું પાત્ર ભજવી રહી છે, જે પ્રેમને મેળવવા જાતિવાદનો સામનો કરે છે. તેણે જણાવ્યું કે, આ પાત્રની તેના પર ઊંડી અસર થઈ હતી. તે ઈચ્છે છે કે તે રિયલ લાઈફમાં પણ વિધિ જેવી બની શકે. તૃપ્તિએ જણાવ્યું કે તે રિયલ લાઈફમાં ઈન્ટ્રોવર્ટ છે. બધા સાથે તે ખુલ્લેઆમ પોતાની ફીલિંગ્સ એક્સપ્રેસ કરી શકતી નથી. દરેક વાતને પોતાના મનમાં દબાવી રાખે છે. એક્ટ્રેસે ઘણી વસ્તુઓ જોઈ અને સહન કરી છે, પરંતુ ક્યારેય તેનો વિરોધ કર્યો નથી.તૃપ્તિએ ‘ધડક ૨’ ફિલ્મમાં તેના પાત્રનું ઉદાહરણ આપી જણાવ્યું કે, ‘જેમ વિધિ સાચું બોલવામાં ક્યારેય નથી ડરી. તેનાથી મને ખૂબ શીખવા મળ્યું છે. કારણ કે તે મને મજબૂત બનાવે છે. હું પોતે ઈન્ટ્રોવર્ટ છું. મેં ઘણી બાબતો સહન કરી છે અને જોઈ છે. પણ મેં ક્યારેય તેના માટે અવાજ નથી ઉઠાવ્યો. મેં મારા જીવનના ૩૦ વર્ષમાં ઘણી વાતો મનમાં દબાવી સહન કરી છે.’તૃપ્તિએ આગળ જણાવ્યું કે, ‘મારી હિંમત નહોતી કે, જાહેર માધ્યમથી લોકોને હું કંઈક કહી શકું. મેં શાજિયા (ફિલ્મના ડિરેક્ટર)ને જણાવ્યું કે હું વિધિ જેવી બનવા ઈચ્છું છું. આ ફિલ્મના અંત સુધી મને વિના ડરે બોલવાની હિંમત આવી જવી જોઈએ, ભલે કોઈ પણ પરિણામ હોય. હવે હું સાચી વાત માટે અવાજ ઉઠાવું છું. આ ફિલ્મે મને મારી જાતને વધુ બિન્દાસ રાખવામાં મદદ કરી છે.’શાજિયા ઈકબાલના દિગ્દર્શન હેઠળ બનેલી ‘ધડક ૨’ ૧ ઓગસ્ટે રિલીઝ થવાની છે. આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ ‘ધડક’ની સ્પિરિચ્યુઅલ સીક્વલ માનવામાં આવે છે અને તમિલ ફિલ્મ ‘પરિયેરુમ પેરુમાલ’ની રીમેક માનવામાં આવી છે. તે સિવાય તૃપ્તિ પાસે અન્ય ઘણા રસપ્રદ પ્રોજેક્ટ્સ પણ છે, જેમાં વિશાલ ભારદ્વાજનીની ફિલ્મ શાહિદ કપૂર સાથે અને સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ ‘સ્પિરિટ’ પ્રભાસના અપોઝિટમાં સામેલ છે.

## ‘અવતારઃ ફાયર એન્ડ એશ’માં મળી નવી દુનિયાની ઝલક




જ્યારે કેમેરુનની પહેલી અવતાર રિલીઝ થઈ ત્યારે પેન્ડોરાની દુનિયા જોઈને લોકો અવાચક રહી ગયાં હતાં. જેમાં ઉડતાં પહાડો, ઉડતા ઘોડા અને ઉડતાં ડ્રેગન જોવા મળ્યાં હતાં. ત્યાર પછી આવેલી ‘અવતારઃધ વોટર વે’માં પેન્ડોરાની દરિયાઈ સૃષ્ટિની અલગ દુનિયા જોવા મળી. હવે તેની ત્રીજી ફિલ્મ ‘અવતારઃ ફાયર એન્ડ એશ’નું ટ્રેલર ‘ફેન્ટાસ્ટિક ફોરઃ ફર્સ્ટ સ્ટેપ’માં જોવા મળ્યું હતું. આ સાઈફાઈ ફિલ્મનું ટ્રેલર જોઈને જ તેની સુંદર દુનિયા, ફરી નવા વિલન સાથે જુના વિલન, માણસ અને પેન્ડોરાવાસીઓનો સંઘર્ષ અલગ રીતે જોવા મળશે.આ ટ્રેલરમાં હવે નવા વિન્ડ ટ્રેડર્સની ઝલક જોવા મળી છે, પેન્ડોરાના લોકો જેક સલી, નેયિત્રી અને નાવિ પરિવારના લોકો આ વખતે નાવી પ્રજાતિના જ ડાર્ક ફોર્સીસ સાથે લડશે.આ ટ્રેલરમાં દેખાતાં ટ્લેલિમ ક્લેનના લોકો વિન્ડ ટ્રેડર્સ તરીકે પણ ઓળખાય છે, તેનાથી અવતારનાં બ્રહ્માંડમાં નવા પડકારો જોવા મળશે. આ હવામાં તરતાં લોકો મેડુસોઈડ્ઝ અને વિન્ડરેઝનો ઉપયોગ કરીને ઝડપથી હવામાં ગતિ કરતાં લોકો છે. જેમ્સ કેમેરુન તેમને એવા નોમેડિક ટ્રેડર્સ સાથે સરખાવે છે, જેઓ ઊંટ પર સામાન લાદીને કબીલામાં ફરતાં હતાં, જેઓ મસાલા અને અન્ય સામગ્રીઓની લે-વેચ કરતા હતા. તેઓ નાણા તરીકે સતારે બીડ્ઝનો ઉપયોગ કરતાં હતાં. કેમેરુનની આ ફિલ્મ ૧૯ ડિસેમ્બરે રિલીઝ થવાની છે, તેની પાસે ઘણી અપેક્ષાઓ છે, આગળની ફિલ્મે ગ્લોબલી ૨.૩ બિલિયનની કમાણી કરી હતી, ત્યારે હવે આ ફિલ્મ પણ બ્લોકબસ્ટર રહે એવી આશા અને અપેક્ષા છે. કેમેરુનની આ ફિલ્મ ૧૯ ડિસેમ્બરે રિલીઝ થવાની છે, તેની પાસે ઘણી અપેક્ષાઓ છે, આગળની ફિલ્મે ગ્લોબલી ૨.૩ બિલિયનની કમાણી કરી હતી, ત્યારે હવે આ ફિલ્મ પણ બ્લોકબસ્ટર રહે એવી આશા અને અપેક્ષા છે.

### કેરેક્ટરને વાસ્તવિક બનાવવા સૈન્ય પરિવારમાંથી આવતી મેધાની પસંદગી થઈ

# ન્યૂકમર મેધા રાણા ‘બોર્ડર ૨’માં વરુણ ધવન સાથે જોડી જમાવશે

**૧૯૯૭ની વોર ક્લાસિક ફિલ્મ બોર્ડરની સ્ટોરીને બદલાયેલા સમય અને વોર ટેકનોલોજી સાથે આગળ વધારવામાં આવશે**



હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં ન્યૂ કમર્સના ધમાકેદાર આગમનનો દોર લાંબા સમય બાદ શરૂ થયો છે. થોડા સમય પહેલા રિલીઝ થયેલી ‘સૈયારા’માં અનિત પડ્ડાને મળેલી અણધારી સફળતા બાદ બિગ બજેટ ‘બોર્ડર ૨’માં આઉટસાઈડર ગર્લ મેધા રાણાને તક આપવાનો નિર્ણય લેવાયો છે. યુદ્ધ અને પરાક્રમ આધારિત આ ફિલ્મમાં વરુણ ધવન સાથે મેધા રાણા જોડી જમાવવાની છે. સામાન્ય રીતે બિગ બજેટ ફિલ્મોમાં મોટા સ્ટાર્સની પસંદગી કરવામાં આવતી હોય છે. ‘બોર્ડર ૨’ની કાસ્ટમાં પણ મોટા ભાગે સ્ટાર્સ છે, જો કે નવા ચહેરાને સમાવેશ સાથે કેરેક્ટરને રિયાલિસ્ટિક બનાવવાના હેતુથી મેધાની પસંદગી કરવામાં આવી છે. ટી સિરીઝ અને જે.પી. ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ થઈ રહેલી ‘બોર્ડર ૨’ ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ રોજ રિલીઝ થવાની છે. તેનું ડાયરેક્શન અનુરાગ સિંઘે કર્યુ છે, જેઓ અગાઉ ‘કેસરી’નું સુકાન સંભાળી ચૂક્યા છે. ૧૯૯૭ની વોર ક્લાસિક ફિલ્મ બોર્ડરની સ્ટોરીને બદલાયેલા સમય અને વોર ટેકનોલોજી સાથે આગળ વધારવામાં આવશે. આગામી ફિલ્મની પોતાની ઓળખ ઊભી થાય તે હેતુથી ફ્રેશ કાસ્ટિંગની સાથે નેરેટિવ એપ્રોચમાં પણ ફેરફાર કરાયો છે. ‘બોર્ડર ૨’માં પસંદ થયેલી મેધા રાણા પોતે આર્મી પરિવારમાંથી આવે છે. પ્રોડ્યુસર ભુષણ કુમારે કહ્યું હતું કે, પ્રાદેશિક ઓળખને રજૂ કરે તેવો સ્વભાવ, સંવાદ અને બોડી લેન્ગવેજ ધરાવતી વ્યક્તિની જરૂર હતી. મેધાએ એક્ટર તરીકે સમગ્ર ટીમને પ્રભાવતિ કરી હતી. તેના કારણે કેરેક્ટરમાં ઊંડી વાસ્તવિકતા આવી શકશે. મેધાના કેરેક્ટર અંગેની વિગૈતો આગામી સમયમાં જાહેર થશે. આ ફિલ્મમાં સની દેઓલ અગાઉથી નક્કી છે. તે સિવાયની કાસ્ટમાં મોટા ફેરફાર કરાયા છે. દિલજિત દોસાંજ, અહાન શેટ્ટી, સોનમ બાજવા, મૌની રોય અને વિનાલી ભટનાગર અગાઉ આ ફિલ્મમાં નક્કી થયેલા છે. કે, પ્રાદેશિક ઓળખને રજૂ કરે તેવો સ્વભાવ, સંવાદ અને બોડી લેન્ગવેજ ધરાવતી વ્યક્તિની જરૂર હતી. મેધાએ એક્ટર તરીકે સમગ્ર ટીમને પ્રભાવતિ કરી હતી.

તેના કારણે કેરેક્ટરમાં ઊંડી વાસ્તવિકતા આવી શકશે. મેધાના કેરેક્ટર અંગેની વિગૈતો આગામી સમયમાં જાહેર થશે. આ ફિલ્મમાં સની દેઓલ અગાઉથી નક્કી છે. તે સિવાયની કાસ્ટમાં મોટા ફેરફાર કરાયા છે. દિલજિત દોસાંજ, અહાન શેટ્ટી, સોનમ બાજવા, મૌની રોય અને વિનાલી ભટનાગર અગાઉ આ ફિલ્મમાં નક્કી થયેલા છે.

## ભારતીય સેનાએ અભિનેત્રી કાજોલનો રોલ કપાવ્યો



કાજોલ, ઈબ્રાહીમ અલી ખાન અને પૃથ્વીરાજ સુકુમારનની ફિલ્મ ‘સરઝમીન’ તાજેતરમાં ઓટીટી પર રિલીઝ થઈ છે, જેને ખાસ પ્રતિસાદ મળ્યો નથી. ફિલ્મને નબળા પ્રતિભાવ મળ્યા છે, તેમાં ઘણા લોકોની કાજોલની બહુ ટૂંકી હાજરીની ફરિયાદ છે. તાજેતરમાં આ ફિલ્મના પ્રમોશન માટે આ ફિલ્મના ડિરેક્ટર કાયોઝ ઈરાનીએ ખુલાસો કર્યો છે કે આ ફિલ્મમાંથી કાજોલના પાત્રનો મહત્વનો હિસ્સો કાપી નાખવો પડ્યો છે. એક ફલેશબેક સિક્વન્સ હતી, જેમાં ભુતકાળની વાર્તા હતી, જેમાં તેના પાત્રની વાત કહેવાઈ હતી, જે ફાઈનલ કટમાંથી કાઢી નાખવી પડી હતી. કાયોઝે જણાવ્યું કે ભારતીય સેના તરફથી મળેલા પ્રતિભાવો પછી તેમણે આ નિર્ણય લેવો પડ્યો.ઈન્ટરવ્યૂમાં કાયોઝે કહ્યું, ભારતીય સેનાની વિનંતિને કારણે અમે કાજોલના પાત્રને ઊંડાણપૂર્વક દર્શાવી શક્યા નહીં. સમયની કમી નહોતી પરંતુ સુરક્ષાના કારણોસર એ સીન દૂર કરવા પડ્યા હતા. રિલીઝ પહેલાં તેમની મંજુરી મેળવવા માટે કાયોઝે આર્મીને સ્ક્રિપ્ટ પણ વંચાવી હતી અને ફિલ્મ પણ બતાવી હતી. અંતે સુરક્ષાના કારણોસર તેનો રોલ કાપી નાખવો પડ્યો હતો. કાયોઝે કહ્યું કે તેમનો ઘણો તીવ્ર પ્રતિસાદ હતો, તેઓ અમારી ટીમ સાથે ૩૫થી ૪૦ મિનિટ સુધી બેઠા અને ફિલ્મ કઈ રીતે આગળ વધવી જોઈએ એ સમજાવ્યું. તેમની મુખ્ય ચિંતા એ હતી કે ફિલ્મ વર્દીવાળા જવાનો પ્રત્યે શ્રદ્ધા દાખવતી હોવી જોઈએ.

### સંજય દત્તના જન્મ દિવસે જાહેર થયો લૂક

# પ્રભાસની ‘રાજાસાબ’માં સંજય દત્ત વૃદ્ધ દાદાનો રોલ કરશે





સંજય દત્ત અલગ અલગ પ્રકારના રોલ કરવા માટે જાણીતો છે, તેણે કોમેડી, એક્શન, વિલનના પછી તે આજના જમાનાના વિલન હોય કે પછી કોઈ ઐતિહાસિક મુગલ, તેણે વિવિધ પ્રકારના રોલ કર્યા છે. છેલ્લાં કેટલાંક સમયથી હવે તે સાઉથની ફિલ્મોમાં પણ કામ કરી રહ્યો છે. હવે તે પ્રભાસની ફિલ્મ ‘ધ રાજાસાબ’માં જોવા મળશે. સંજુ બાબાનો મંગળવારે જન્મદિવસ હતો ત્યારે આ આવનારી હોરર કોમેડી ફિલ્મ ‘ધ રાજા સાબ’માંથી સંજ દત્તનો પહેલો લૂક જાહેર કરવામાં આવ્યો છે. જેમાં સંજય દત્ત એક મજબુત પાત્ર કરવાનો હોવાનો અંદાજ આવે છે. એક ઘરડા માણસના રોલમાં એ પ્રભાસના દાદા તરીકે જોવા મળશે.આ પોસ્ટરમાં સંજય દત્ત પરંપરાગત લાંબા કપડામાં જોવા મળે છે, જેના ગ્રે વાળ હવામાં ઉડે છે અને તેની જાડી મૂછો દેખાય છે. સંજય દત્ત આ પહેલાં ‘કેજીએફ ૨’માં પણ મજબુત રોલ કરી ચૂક્યો છે. આ ફિલ્મમાં તેનો લૂક ડરામણો છે અને તે અંધારિયા રૂમમાં બેઠો હોય એવું લાગે છે. ફિલ્મની ટીમે આ પોસ્ટર શેર કરતા કૅપ્શનમાં લખ્યું છે, ‘‘ટીમ રાજા સાબ પાવરહાઉસ અને વર્સેટાઈલ સંદુ બાબાને જન્મ દિવસની શુભેચ્છાઓ આપે છે. જન્મ દિવસની શુભેચ્છા. ૫ ડિસેમ્બરે થિએટરમાં તમને હચમચાવી નાખે એવી ડરામણી હાજરી જોવા માટે તૈયાર થઈ જાઓ.’’ આ ફિલ્મ મારુથી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને તેમાં પ્રભાસ તેમજ નિધિ અગ્રવાલ લીડ રોલમાં છે, તેની સાથે માલવિકા મોહનન અને રિદ્ધિ કુમાર પણ મહત્વના રોલમા છે. આ ફિલ્મમાં પ્રભાસ ડબલ રોલમા છે, જે પિતા અને પુત્ર બંનેનો રોલ કરશે. આ ફિલ્મ તેલુગુ, હિન્દી, તમિલ, કન્નડા અને મલયાલમ ભાષામાં રિલીઝ થશે. આ ફિલ્મ મારુથી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને તેમાં પ્રભાસ તેમજ નિધિ અગ્રવાલ લીડ રોલમાં છે, તેની સાથે માલવિકા મોહનન અને રિદ્ધિ કુમાર પણ મહત્વના રોલમા છે. આ ફિલ્મમાં પ્રભાસ ડબલ રોલમા છે, જે પિતા અને પુત્ર બંનેનો રોલ કરશે. આ ફિલ્મ તેલુગુ, હિન્દી, તમિલ, કન્નડા અને મલયાલમ ભાષામાં રિલીઝ થશે.

# સલમાન ખાન ૧૧ વર્ષ મોટી એક્ટ્રેસના પ્રેમમાં પડ્યો હતો!

**સલમાન ખાન હંમેશાથી રેખાને ખૂબ પસંદ કરતો આવ્યો છે. એટલી તે તેની આદર પણ રાખે છે**



અભિનેતા સલમાન ખાનની ચર્ચા તેની ફિલ્મો કરતા તેના અંગત જીવનને લઈને થતી હોય છે. ૫૯ વર્ષની ઉંમરમાં પણ સલમાન કુંવારો છે, હવે તેના મનમાં લગ્ન કરવાનો કોઈ વિચાર નથી. એવું નથી કે સલમાને પહેલા પણ લગ્ન કરવા વિશે વિચાર્યુ ન હોય. એવી ચર્ચા છે કે સલમાનના લગ્ન સંગીતા બિજલાની સાથે થતા થતા રહી ગયા. લગ્નના કાર્ડ પણ છપાઈ ગયા હતા. લગ્નની તૈયારી પણ થઈ ગઈ હતી. પણ નસીબ સામે કોઈનું ન ચાલે. લગ્નના અમુક દિવસો પહેલા સંગીતા અને સલમાનનું બ્રેકઅપ પણ થઈ ગયું. પણ ઘણા ઓછા લોકો જાણતા હશે કે સલમાને સંગીતા સાથે લગ્ન કરતાં પહેલાં બોલિવૂડની દિગ્ગજ અને ઉંમરમાં એક્ટ્રેસ સાથે પણ લગ્ન કરવાનો વિચાર કર્યો હતો. સલમાને તો તેની નાની ઉંમરમાં જ લગ્ન કરવાનો વિચાર કરી લીધો હતો. તેને અભિનેત્રી રેખા સાથે પ્રેમ થઈ ગયો હતો. રોજ સલમાન તેની સાયકલ પર અભિનેત્રીની પાછળ-પાછળ ફરતો હતો. સલમાનની આ પોલ ખૂદ રેખાએ ખોલી હતી. જણાવી દઈએ કે રિયાલિટી શો Bigg Bossના સેટ પર રેખાએ જણાવ્યું હતું કે, સલમાન તેની સાથે લગ્ન કરવા માગે છે. જ્યારે રેખાએ સલમાનની આ પોલ ખોલી ત્યારે સલમાન શરમાઈ ગયો હતો.સોશિયલ મીડિયા પર હાલમાં એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયો ક્લિપ Bigg Boss સિઝન ૮ની છે, જ્યારે આ શોમાં અભિનેત્રી રેખા આવી હતી. અભિનેત્રીએ જણાવ્યું હતું કે કેવી રીતે સલમાન તેની પર ફિદા થયો હતો. ત્યારે સલમાન ૬ થી ૭ વર્ષના હતા. ક્લિપમાં રેખા કહે છે કે જ્યારે હું વહેલી સવારે વૉક પર જતી હતી ત્યારે સલમાન મારી આગળ પાછળ સાયકલ લઈને ફરતો. સલમાન ત્યારે ૬ કે ૭ વર્ષનો હશે. તેણે ખબર જ નહોતી કે તે સમયે તેને મારી સાથે પ્રેમ થઈ ગયો હતો. તે ઘરે જઈને કહેતો કે હું આ અભિનેત્રી સાથે લગ્ન કરીશ. સલમાન ખાન હંમેશાથી રેખાને ખૂબ પસંદ કરતો આવ્યો છે. એટલી તે તેની આદર પણ રાખે છે. સલમાનની પહેલી ફિલ્મમાં પણ રેખા સાથે હતી. તેને રેખાની ફિલ્મ ‘બીબી હો તો એસી’માં સાઈડ રોલ પ્લે કર્યો હતો. સલમાને ફિલ્મમાં રેખાના દેવરનું પાત્ર ભજવ્યું હતું.

ડો. સુધીર જોશીએ વિદ્યાર્થીઓને સ્ટ્રેસના પ્રકારો

# ઝાલોદ કોલેજમાં "સ્ટ્રેસ મેનેજમેન્ટ" અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઝાલોદમાં તા ૩૦/૦૭/૨૦૨૫ને બુધવારના રોજ કૉલેજના આચાયશ્રી ડૉ. એ. આર. મોદીના વિશેષ માર્ગદર્શન હેઠળ વિદ્યાથી-ઓ વર્તમાન પરિસ્થિતિમાં કેવી રીતે તણાવ મુક્ત જીવન જીવી શકે તે હેતુથી "સ્ટ્રેસ મેનેજમેન્ટ" વિષયક અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે દાહોદ જિલ્લાના આયુર્વેદ અધિકારી ડૉ. સુધીર જોશી તથા તેમની સાથે કરંબાના આયુર્વેદ મેડિકલ ઓફિસર અલકાબેન બારીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના આચાયશ્રીએ આ બંને મહાનુભાવોનું શાબ્દિક તથા પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કરી તેમને આવકાર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તેમના શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે માનસિક સ્વાસ્થ્ય પણ જળવાય તથા કામ અને જીવન શૈલીમાં બેલેન્સ રાખી કેવી રીતે માનસિક બીમારીઓથી બચવું એ અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડૉ. સુધીર જોશીએ વિદ્યાર્થીઓને સ્ટ્રેસના પ્રકારો, સાચા પ્રકારનો સ્ટ્રેસ તથા ઉભા કરેલા સ્ટ્રેસનો ભેદ, આધુનિક જીવનશૈલીમાં વધતા જતા તણાવ, તેના ચિહ્નો, તણાવની ટૂંકા અને લાંબા ગાળાની માનસિક તથા શારીરિક સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરો તથા તેના દુષ્પરિણામો વગેરે અંગે વિસ્તૃત સમજણ આપી હતી.

આ ઉપરાંત તેમણે સ્ટ્રેસ નિવારણ માટે જીવન શૈલીમાં બદલાવ, યોગા, મેડીટેશન અને આયુર્વેદિક વસ્તુઓના ઉપયોગ થકી ઉત્તમ સ્વા-સ્થ્ય કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગે સૂચનો પણ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં કૉલેજના અધ્યાપકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતે અધ્યાપક - વિદ્યાર્થી પ્રતિભાવની સાથે સાથે પ્રશ્નોત્તરી નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. બહાદુરસિંહ ગોહિલે કર્યું હતું તથા આભાર દર્શન ડૉ. વાય.પી. ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું..

# ઝાલોદ સોમનાથ મહાદેવ મંદિરે થી નિકળનાર કાવડ યાત્રામા જોડાવા નગરમાં જોવા મળતો અનેરો ઉત્સાહ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ સોમનાથ મહાદેવ ઉત્સવ સમિતિ દ્વારા શ્રાવણ માસમા ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે તે અંતર્ગત ઝાલોદ સોમનાથ મહાદેવ મંદિરે થી તારીખ ૦૬-૦૮-૨૦૨૫ બુધવારના રોજ સાંજની આરતી કરી મોટા પ્રમાણમાં કાવડ યાત્રીઓ વાહન દ્વારા દાહોદ કેદારનાથ ( ચોસાલા) મુકામે પ્રસ્થાન કરનાર છે. રાત્રિ દરમ્યાન ભાવિક ભક્તો દ્વારા ભજનની રમઝટ કરવામાં આવનાર છે. વહેલી સવારે ૦૭-૦૮-૨૦૨૫ ના રોજ કેદારનાથ થી કાવડમા પવિત્ર જળ ભરી ઝાલોદ સોમનાથ મુકામે કાવડ યાત્રીઓ આવનાર છે. નગરમા કાવડ યાત્રીઓ સહુ વિશ્વકર્મા મંદિરે એકત્રિત થઈ ઢોલ નગારા તેમજ ડી.જે સાથે કાવડ યાત્રીઓની શોભાયાત્રા નગરમાં નીકળનાર છે. સોમનાથ મહાદેવ મંદિરે સહુ કાવડ યાત્રીઓ કાવડમા લાવેલ પવિત્ર જળ થી ભગવાન ભોળાનાથનો અભિષેક કરનાર છે. નગરમાં નીકળનાર ભવ્ય કાવડ યાત્રા માટે નગરના યુવાઓ ખૂબ જ ઉત્સાહિત જોવા મળી રહેલ છે. તેમજ નગરના કાવડ યાત્રા માટે નામ લખાવવા માટે ભાવિક ભક્તો નામ લખાવી કાવડ યાત્રાની તૈયારીમાં લાગી ગયેલ છે.

# ૧૧ આંગણવાડીને નિશાન બનાવતા તસ્કરો ઝડપાયા, ગેસના બાટલા, તેલના ડબા ઉઠાવી ગયા

। (માહિતી) જામનગર, તા.૩૦ ।

જામનગર જિલ્લામાં જુદા જુદા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ૧૧ જેટલી આંગણવાડીમાં રાંધણ ગેસના બાટલા તથા અન્ય સામગ્રીની ચોરી થઈ ગયાની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે, જે ફરિયાદના અનુસંધાને એલસીબીની ટુકડીએ એક શકમંદને ઉઠાવી લીધો છે. જેની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવવા આવી રહી છે, અને તેના માધ્યમથી તમામ ચોરીઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતાઓ છે. જામનગર તાલુ-કાના સિક્કા, રાવલસર સહિતની આંગણવાડી ઉપરાંત લાલપુરના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી અલગ અલગ ચાર આંગણવાડી, ઉપરાંત મેઘપર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં આવેલી આંગણવાડી સહિત કુલ ૧૧ આંગણવાડી કેન્દ્રમાં ગેસના બે નંગ બાટલા અથવા તેલના ડબ્બા સહિતની સામગ્રીની ચોરી થઈ ગયાની પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જામનગરના પંચકોષી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન, સિક્કા પોલીસ મથક, લાલપુર પોલીસ મથક અને મેઘપર પડાણા પોલીસ મથકમાં કુલ ૧૧ પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે, અને અલગ-અલગ સમયગાળા દરમિયાન રાત્રિના કોઈ તસ્કરો આંગણવાડીના તાળા તોડી અંદર પ્રવેશ મેળવી રાંધણ ગેસના બાટલા તેમજ અન્ય ખાદ્ય સામગ્રી જે હાજર હોય તેની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# વડોદરામાં દશામાની મૂર્તિ વિસર્જન માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા રજૂઆત

। (માહિતી) વડોદરા, તા.૩૦ ।

હાલમાં સૌની દશા સુધારતી મા દશામાનો તહેવાર ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે ત્યારે પૂર્ણાહુતિ પ્રસંગે માતાજીની મૂર્તિના વિસર્જન અંગે માંજલપુર ખાતે બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવ અંગે ગત વર્ષ કરતાં વધુ સતર્કતા દાખવવા બાબતે મહિલા કાર્યકરે સહિત અસંખ્ય માઈ ભક્તો સાથે વડોદરા મહાનગર સેવા સદન તંત્ર સમર્થ આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સામાજિક કાર્યકર કુમકુમ મજમુદાર, એડવોકેટ ભાવિન વ્યાસે આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, દશામાના તહેવારની પુર્ણાહુતિ નિમિત્તે માતાજીની મૂર્તિ વિસર્જન માંજલપુર તળાવમાં કરવા અંગે ગત વર્ષે માઈ ભક્તોની ધાર્મિક લાગણી અને આસ્થા દુભાયા હતા. હતી. માંજલપુર ખાતેના કૃત્રિમ તળાવ કિનારે ગયા વર્ષે ખૂબ જ તકલીફ પડી હતી અને માઈ ભક્તો મૂર્તિ વિસર્જન વખતે રડી પડ્યા હતા. તળાવ ખાતેનું આયોજન તદ્દન ખરાબ હતું. જરૂરી વ્યવસ્થાનો અભાવ હતો. તે અંગે રજૂઆત સહિત આ વર્ષે વધુ સુચારું આયોજન થાય એ બાબતે કોન્ટ્રાક્ટરને યોગ્ય સૂચના મળે તે અંગેની તમામ વ્યવસ્થા કરવા મહિલા કાર્યકર સહિત અન્યોએ તંત્રને આવેદનપત્ર આપતી વખતે જણાવ્યું હતું.

# લીમપુર ગામે શ્રાવણ માસ દરમિયાન પૂજન અર્ચન


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (ભરતભાઈ પંડ્યા) દિવડા કોલોની, તા.૩૦ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે શ્રી ભોળાનાથ મહાદેવનું મંદિર આવેલું છે. ગ્રામજનો દ્વારા તારીખઃ-૧૩/૫/૨૦૧૩ ના રોજ ભોળાનાથને સહપરિવાર સ્થાપિત કરવામાં આવેલ છે. ત્યારથી દર વર્ષે પુણ્ય પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ભક્તિભાવ પૂર્વક રુદ્ર રાજોપચાર પૂજન અર્ચન ભૂદેવ શ્રી દ્વારા કરવામાં આવે છે. ગામમાંથી મુખ્ય શ્રી પરેશભાઈ કે. પટેલ થી શ્રાવણ સુદ એકમના દિવસથી શરૂઆત કરવામાં આવે છે. ત્યારબાદ ભાવિક ભક્તો આખા માસ દરમિયાન મંદિરે આવી પૂજન અર્ચન કરે છે. આ માસ દરમિયાન એક દિવસ શ્રી જશવંતભાઈ કે.પટેલના હસ્તે ગામમાં ગામખેડામાતા, વેરાઈ માતા તેમ જ બોબડી માતાએ હવનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. જે દરમિયાન ગામમાં પશુપાલન રક્ષણ,વ્યવસાયિક પ્રગતિ,ગામની સુખાકારી તેમજ અનેક શુભ ફળની પ્રાપ્તિ માટે અંતઃકરણ પૂર્વક યાચના કરવામાં આવે છે.

# ભારતીય રેલવેની કવચ ૪.૦ સિસ્ટમની પ્રગતિ

। દિલ્હી-મુંબઈ, તા.૩૦ ।

કવચ ૪.૦ દિલ્હી-મુંબઈ રૂટના મથુરા-કોટા સેક્શન પર શરૂ કરવામાં આવ્યું છે. ભારતીય રેલવે દ્વારા દેશી રીતે વિકસાવવામાં આવેલી રેલવે સુરક્ષા સિસ્ટમ કવચ **4.0** હમણાંજ ઉચ્ચ ઘનતાવાળા દિલ્હી-મુંબઈ રૂટના મથુરા-કોટા સેક્સનમાં કાર્યરત કરવામાં આવી છે. આ રેલવે સુરક્ષા સિસ્ટમ ની આધુનિકીકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવએ જણાવ્યું હતું: "રેલવે દ્વારા કવચ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમનું સ્વદેશી ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદન કરવામાં આવ્યું છે. આ પ્રેરણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના વિઝનમાંથી લેવામાં આવી છે. કવચ ૪.૦ એ એક ટેક્નોલોજીથી ભરપૂર સિસ્ટમ છે. તેને **RDSO** દ્વારા જુલાઈ ૨૦૨૪માં મંજૂરી આપવામાં આવી છે. ઘણાં વિકસિત દેશોએ આવી ટ્રેન સુરક્ષા સિસ્ટમ ઓ વિકસાવવા અને અમલમાં મૂકવા માટે ૨૦–૩૦ વર્ષ લીધાં છે. જ્યારે કોટા-મથુરા વિભાગમાં કવચ ૪.૦નું કાર્યાન્વયન ખૂબ જ ઓછી અવધિમાં પૂર્ણ થયું છે. આ એક મહાન સિદ્ધિ છે." આઝાદી પછીના છેલ્લા ૬૦ વર્ષોમાં ભારતમાં આંતરરાષ્ટ્રીય સ્તરની આધુનિક ટ્રેન સુરક્ષા સિસ્ટમ ઓ સ્થાપિત કરવામાં આવી ન હતી. હવે મુસાફરોની અને ટ્રેનોની સલામતી માટે કવચ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. ભારતીય રેલવે આગામી ૬ વર્ષની ટૂંકી અવધિમાં સમગ્ર દેશમાં કવચ ૪.૦ કાર્યાન્વિત કરવા માટે તૈયારીઓ કરી રહી છે. અત્યાર સુધીમાં ૩૦,૦૦૦થી વધુ લોકોને કવચ પર તાલીમ આપવામાં આવી છે. **IRISET (Indian Railway Institute of Signal Engineering and Telecommunications)** એ ૧૭ **AICTE** માન્ય ઈજનેરી કોલેજો અને યુનિવર્સિટીઓ સાથે **MoU** કર્યા છે જેથી કવચને તેમના **B.Tech** કોર્સમાં સામેલ કરી શકાય.

ઓપરેશન સિંદુર ચર્ચાઃ હું કાશ્મીરી છું, ઓપરેશન સિંદુર અમારા વિસ્તારમાં લડાયો. લાશોનો ઢેર અહીંયા થયો

# એક દિવસના દોઢ લાખ ચૂકવીને અહીં આવ્યો છું, 'મને બોલવા દો' શું તમારી અંતર આત્મા મરી ચૂકી છેઃ એન્જિનિયર રાશીદ



। અમદાવાદ, તા.૩૦ ।

બારામુલ્લાના સાંસદ એન્જિનિયર રાશિદ તિહાર જેલમાં બંધ છે અને ઓપરેશન સિંદૂર પર સંસદમાં ચર્ચામાં ભાગ લીધો હતો. તેમને સંસદમાં આવવા-જવા માટે રોજના ૧.૫ લાખ રૂપિયા ખર્ચવા પડે છે, જેના કારણે સંસદમાં પોતાની આર્થિક સ્થિતિનો ઉલ્લેખ કર્યો તેમની પાસે એટલા પૈસા નથી. આથી તેઓ હવે સંસદમાં આવી શકે તેમ નહીં.

સંસદમાં ઓપરેશન સિંદૂરને લઈને ચર્ચા ચાલી રહી છે. શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ભારે હોબાળો જોવા મળી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરની બારામુલા સીટથી અપક્ષ સાંસદ એન્જિનિયર રાશિદે પણ લોકસભામાં ચર્ચામાં ભાગ લીધો હતો. ગઈકાલે સંસદમાં શિવસેના સાંસદ એકનાથ શિંદેના દિકરા શ્રીકાંત શિંદેએ પોતાની વકત્વ શરૂ કરતા પહેલા અબ્દુલ રાશિદ પાછળથી ઉભા થઈને લોકસભાના બેરેલ પાસે જઈને ઉભા થઈને ગૃહમાં ઓપરેશન સિંદુર પર બોલવા માટે એન્જિનિયર રાશીદે હોબાળો કર્યો હતો. સ્પીકર ઓમબીરલાએ કહ્યું કે, હું એક દિવસના દોઢ લાખ રૂપિયા ચૂકવીને અહીં આવ્યો છું, શું તમારી અંતર આત્મા મરી ચૂકી છે? 'મને બોલવા દો', હું કાશ્મીરી છું, ઓપરેશન સિંદુર અમારા વિસ્તારમાં લડાયો. લાશોનો ઢેર અહીંયા થયો છે, તેમ કહેવા છતાંય સ્પીકર ઓમબીરલાએ પોતાની સીટ પર બેસવાનો કહ્યું અને શ્રીકાંત સિંદેએ પોતાનું ભાષણ ચાલુ રાખાયું હતું. ત્યારબાદ સાંજે ૪ વાગે બારામુલ્લાના સાંસદ એન્જિનિયર રાશિદને સાંસદમાં બોલવા માટે સમય આપ્યો હતો.

સાંસદ રાશિદે ઓપરેશન સિંદૂર પર ચાલી રહેલી ચર્ચામાં પણ ભાગ લીધો. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર મારા સંસદીય ક્ષેત્રમાં થયું. આજે ત્યાં લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. મને બોલવા દો. તેમણે કહ્યું કે આજ પછી હું કદાચ સંસદમાં આવી શકીશ નહીં, કારણ કે મારી પાસે દરરોજ ૧.૫ લાખ રૂપિયા નથી. મને આટલા પૈસા ક્યાંથી મળશે? એટલે મને બોલવા દો. એમ કહ્યું હતું ત્યારબાદ તેમને વકત્વમાં કાશ્મીરના મુદ્દો ઉઠાવ્યા હતા.

વધુમાં રાશિદે કહ્યું, પહેલગામ હુમલામાં માર્યા ગયેલા પરિવારોનું દુઃખ કાશ્મીરીઓ કરતાં વધુ સમજી શકીએ છીએ, કારણ કે આપણે ૧૯૮૯ થી આવા હજારો લોકોને ગુમાવ્યા છે. કાશ્મીરમાં થયેલી વિનાશને આપણા કરતાં વધુ સારી રીતે કોઈ સમજી શકે નહીં. આપણે કબ્રસ્તાનો જોયા છે અને આપણે મૃતદેહો ઉપાડીને થાકી ગયા છીએ. રાશિદે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને સમગ્ર માનવતાની હત્યા ગણાવી છે.

કાશ્મીરીઓ ૧૯૮૯થી આજદીન સુધી ૮૦ હજારથી વધૂ લોકો માર્યા ગયા છે. કાશ્મીરે જેટલો વિનાશ જોય, કબ્રસ્તાન જોયા, લાશો ઉઠાવતા કશ્મીરીઓ થાકી ગયા છે. તમારે લોકો અહીંયાના લોકો માટે દિલ જીતવા પડશે પણ કોઈએ ગૃહમાં કશ્મીરીઓ માટે વાત કરી શક્યા નથી, તમારા લોકોને કાશ્મીરી જમીન લેવી છે. તમે ભારતને યુનાઈટેડ નથી રાખી શક્યા તમે હિન્દુસ્તાને, બાગ્લાદેશ, ભારત અને પાકિસ્તા એમ ત્રણ હિસ્સામાં વહેંચી નાખ્યા બાદ ૧૯૪૭ની આઝાદી બાદ તમે કાશ્મીરીઓને કેમ મારી રહ્યા છો, અમારો લોહીનો જવાબ કોણ આપશે. કશ્મીરનો હલ અહીયાના હિન્દુ-મુસ્લિમો અન્ય કોમ્યુનિટી પાસે છે.

સાંસદ રાશિદ તિહાર જેલમાં બંધ છે. તેમને સંસદમાં લાવવા-જવા માટે ઘણી સુરક્ષાની જરૂર પડે છે. આ સાથે, અન્ય ઘણા ખર્ચાઓ પણ છે. તેમને તાજેતરમાં ૧૭ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ દંડ તેમને સંસદમાં લાવવા-જવા માટે લાદવામાં આવ્યો હતો.

એક સાંસદને સંસદની કાર્યવાહીમાં એક વાર હાજરી આપવા માટે, એટલે કે એક દિવસ માટે, ૧.૫ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ થાય છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે સાંસદે પોતે આ ખર્ચ ઉઠાવવો પડશે. આ અંગે રશીદે સંસદમાં કહ્યું કે તેમની પાસે સંસદની કાર્યવાહીમાં હાજરી આપવા માટે આટલી મોટી રકમ ચૂકવવા માટે પૂરતા પૈસા નથી. આ જ કારણ છે કે મંગળવારે સુનાવણી દરમિયાન તેમણે કહ્યું કે હવે તેઓ સંસદમાં આવી શકશે નહીં. આજે હું ૧.૫ લાખ રૂપિયા ખર્ચ કરીને આવ્યો છું. તેથી, તેમને બોલવાની મંજૂરી આપવી જોઈએ.

# પોરબંદરની મહિલા સાથે રૂપિયા ૨ લાખ ૫ હજારની છેતરપિંડીની ફરિયાદ

। (માહિતી) જામનગર, તા.૩૦ ।

જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં રહેતા એક શખ્સ દ્વારા પોરબંદરની મહિલાને રૂનું મશીન અપાવી દેવાના બહાને પોતાના મકાનના ખોટા ડોક્યુમેન્ટ તૈયાર કરી બેંકમાંથી રૂપિયા ૨ લાખ ૫ હજારની લોન મેળવી લઈ પૈસા અને રૂ નું મશીન મહિલાને નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે પોરબંદરના છાયા વિસ્તારમાં રહેતી હીનાબેન વિમલભાઈ ઊંજીયા નામની ૩૫ વર્ષની પરિણીતાએ પોતાની સાથે રૂપિયા બે લાખ પાંચ હજારની છેતરપિંડી કરવા અંગે જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં રહેતા ઘનશ્યામભાઈ મોહનભાઈ ખોખાણી નામના પટેલ શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી મહિલાને રૂનું મશીન અપાવી દેવાના બહાને આરોપી ઘનશ્યામભાઈએ વિશ્વાસમાં લીધા હતા, અને પોતાનું મકાન ભાડે આપેલું છે, તેવા ભાડા કરાર કરીએ સ્થળે શિવ એન્ટરપ્રાઈઝ નામની હીનાબેનના નામની પેઢી તૈયાર કરી લીધી હતી, અને તેના ડોક્યુમેન્ટના આધારે જામનગરની એસ.બી.આઈ. માંથી રૂપિયા બે લાખ પાંચ હજારની લોન મેળવી લીધી હતી. જે લોનના નાણા પોતે વાપરી નાખ્યા હતા, અને રૂ નું મશીન પણ અપાવ્યું ન હોવાથી આખરે આ મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કર્ક (ડ,હ) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સ્વાસ્થ્યની દષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## ઉત્તર ભારતમાં વરસાદનો કહેર, પાંચ વ્યક્તિઓનાં મોત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

હિમાચલ પ્રદેશ અને રાજસ્થાન સહિત ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં પડી રહેલા મૂશળધાર વરસાદને પ ગલે સંખ્યાબંધ નેશનલ હાઈવે પર પ ણી ભરાતા વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો. મેઘ કહેરને પગલે દેશમાં વિતેલા ૨૪ કલાકમાં પાંચ લોકોનાં મોત થયા હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. હિમાચલના મંડીમાં સોમવારે રાત્રે વધુ એક વખત આભ ફાટતાં ઓચિંતું પૂરનું સંકટ સર્જાયું હતું. અધિકારીઓના જણાવ્યા મુજબ વરસાદ સંલગ્ન ઘટનામાં ત્રણ લોકોના મોત નિપજ્યા હતા તથા ૨૦ જેટલા વાહનો તણાઈ ગયા હતા. દિલ્હી અને ચંડીગઢના રસ્તાઓ પણ વરસાદથી પ્રભાવિત થયા હતા. હિમાચલના મંડીમાં ૧૯૮.૬ મીમી વરસાદ ખાબક્યો હતો. સૌથી વધુ વરસાદ જેલ રોડ, સૈની મોહલ્લા અને ઝોનલ હોસ્પિટલમાં વરસ્યો હતો. શહેરના ડેપ્યુટી કમિશનર અપૂર્વ દેવગને જણાવ્યું હતું કે, વરસાદને પગલે ત્રણ લોકોનાં મોત થયા છે જ્યારે એક ઘાયલ છે. મંડીમાં ગત મહિને પણ વાદળ ફાટવાની સંખ્યાબંધ ઘટના ઘટી હતી અને ફરી વાદળ ફાટતાં સામાન્ય જનજીવન ખોરવાયું છે. એનડીઆરએફ, પોલીસ અને હોમગાર્ડ બચાવ કામગીરીમાં જોડાયા છે અને ૧૫-૨૦ લોકોને સલામત સ્થળએ ખસેડવામાં આવ્યા છે.મંડી જિલ્લામાં ત્રણ રાષ્ટ્રીય હાઈવે સહિત કુલ ૨૯૯ રોડ પૂરને પ ગલે બ્લોક થઈ ગયા છે. ચંડીગઢ-મનાલી નેશનલ હાઈવે (૨૧) પર મંડી અને કુલ્લુ વચ્ચે વિવિધ સ્થળોએ રસ્તા ધોવાઈ ગયા હોવાથી ત્યાં વાહનવ્યવહાર સંપૂર્ણ ઠપ થયો છે. રાજસ્થાનમાં અતિભારે વરસાદને લીધે નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ જોવા મળી હતી. કોટા, બુંદી, ઝાલાવાડ, ધોલપુર અને ટોંક સહિતના જિલ્લાઓમાં નદીઓ ભયજનક સપાટી ઉપર વહી રહી છે. રાજ્યમાં આવેલા વિવિધ ડેમના દરવાજાઓ પણ ખોલવાની ફરજ પડી હતી. રાજસ્થાનમાં આ ચોમાસામાં અત્યાર સુધીમાં સામાન્યથી ૮૫ ટકા વધુ વરસાદ નોંધાયો છે.દિલ્હીને મંગળવારે પણ મેઘરાજાએ ઘમરોળ્યું હતું. સંખ્યાબંધ વિસ્તારો જળમગ્ન બનતાં ઠેરઠેર ટ્રાફિક જામ સર્જાયો હતો. ભારે પાણી ભરાઇ જવાને કારણે જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે. અનેક વિસ્તારોમાં રેડ એલર્ટ જારી કરાયું હતું. સિવિલ લાઈન્સ વિસ્તારમાં લેફ્ટનન્ટ ગર્વનરના ઘરની નજીક નિર્માણાધિન બિલ્ડિંગની દિવાલ ધસી પડતાં ૪૦ વર્ષીય મહિલા અને તેનો પુત્ર મોતને ભેટ્યા હતા.

### ચોથી ટેસ્ટમાં જાડેજા, સુંદરની બેટિંગ બાદ ભારતે ડ્રો કરી તેનાથી કેપ્ટન સંતુષ્ટ

# અમે પુરવાર કરી દીધું છે કે શા માટે અમારી ટીમ મહાન છેઃ ગિલ

## કારકિર્દીમાં પહેલી વાર ભારતીય ટીમનું સુકાન સંભાળનારા ૨૫ વર્ષીય ગિલે આ સિરીઝમાં બેટિંગમાં શાનદાર પ્રદર્શન કર્યુ છે

। (એજન્સી) માન્ચેસ્ટર, તા.૩૦ ।

ઈંગ્લેન્ડ સામેની માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતેની ચોથી ક્રિકેટ ટેસ્ટમાં જે રીતે ભારતે બેટિંગ કરી અને અંતિમ દિવસે કપરાં પડકારનો સામનો કરીને મેચ બચાવી તેનાથી ટીમના સુકાની શુભમન ગિલે સંતોષ વ્યક્ત કર્યો હતો. ગિલે જણાવ્યું હતું કે મને લાગે છે કે આ રમત દ્વારા અમે પુરવાર કરી દીધું છે કે શા માટે અમારી ટીમ મહાન છે.અહીં રમાયેલી ચોથી ટેસ્ટમાં ૩૧૧ રનના દેવા બાદ ભારત સામે ઈનિંગ્સના પ રાજયનું જોખમ હતું ત્યારે ખુદ શુભમન ગિલે સદી ફટકારવાની સાથે સાથે કે એલ રાહુલ (૯૦) સાથે વિશાળ ભાગીદારી નોંધાવીને ટીમને ડ્રો માટે પાયો રચી આપ્યો હતો જેને મજબૂત બનાવીને રવીન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરે બેવડી સદીની ભાગીદારી ખડકીને મેચ ડ્રો કરાવી આપી હતી. આ પરિણામ સાથે ભારત હાલમાં પાંચ ટેસ્ટની સિરીઝને સરભર કરવાની તક




લાવીને ઉભું છે અને ૩૧મીથી શરૂ થઈ રહેલી ઓવલ ખાતેની પાંચમી ટેસ્ટમાં મજબૂત આત્મવિશ્વાસ સાથે રમી શકે છે.શુભમન ગિલે જણાવ્યું હતું કે ૧૪૦ ઓવર સુધી રમવાના માનસિકતા રાખવી તે આસાન બાબત નથી અને આ જ બાબત સારી ટીમ અને મહાન ટીમ વચ્ચેનો ફરક દર્શાવે છે. મને લાગે છે કે અમે માન્ચેસ્ટર ખાતે આ પુરવાર કરી દીધું છે કે અમારી ટીમ મહાન છે.શૂન્ય પર જ બે વિકેટ ગુમાવવી અને ત્યાર બાદ મારી અને રાહુલ વચ્ચેની ભાગીદારીએ ટીમમાં વિશ્વાસનું સંપાદન કર્યુ હતું. ત્યારે જ અમને લાગ્યું હતું કે અમે મેચ બચાવી શકીએ છીએ. આ પરિસ્થિતિમાંથી મેચ ડ્રો કરવાથી હું ખરેખર ખુશ છું અને સંતુષ્ટ પણ છું તેમ ગિલે ઉમેર્યું હતું.રાહુલે શાનદાર બેટિંગ કરીને ૯૦ રન ફટકાર્યા હતા અને સાથે સાથે પોતાના કેપ્ટન ગિલ સાથે મળીને તેણે ૧૮૮ રન ઉમેર્યા હતા. જોકે ત્યાર બાદનો દિવસ રવીન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરનો રહ્યો હતો. આ બંને બેવડી સદીની ભાગીદારી નોંધાવી હતી અને અંતે સદી પણ ફટકારી હતી. કારકિર્દીમાં પહેલી વાર ભારતીય ટીમનું સુકાન સંભાળનારા ૨૫ વર્ષીય ગિલે આ સિરીઝમાં બેટિંગમાં શાનદાર પ્રદર્શન કર્યુ છે અને ૭૦૦થી વધારે રન ફટકાર્યા છે. જેમાંએક બેવડી સદી સાથે ચાર સદીનો સમાવેશ થાય છે.જોકે આ સિરીઝની પોતાની ચાર સદીમાં ગિલે માન્ચેસ્ટર ખાતેની સદીને સર્વશ્રેષ્ઠ ગણાવી હતી. તેણે કહ્યું હતું કે મારા મતે સિરીઝની નવ ઈનિંગ્સમાં આ ઈનિંગ્સ અને સદી સર્વશ્રેષ્ઠ હતી.રવિવારે શુભમન ગિલ આઉટ થયો ત્યારે પણ મેચ હજી ઈંગ્લેન્ડના હાથમાં જ હતી પરંતુ જાડેજા અને સુંદરે અંત સુધી બેટિંગ કરીને અંગ્રેજ બોલર્સને હંફાવ્યા હતા અને થકવી દીધા હતા.શુભમન ગિલે પોતાની ટીમના સાથીઓના પ્રયાસની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે જ્યારે જાડેજા અને વોશી (સુંદર) બેટિંગ કરી રહ્યા હતા ત્યારે પરિસ્થિતિ આસાન ન હતી. બોલ પણ સારી રીતે સ્વિંગ અને મૂવ થઈ રહ્યો હતો. આ તબક્કે બંનેએ ધીરજપૂર્વક બેટિંગ કરી હતી અને તેમાં ય અંતે સદી પૂરી કરવી તેનાથી અહેસાસ થાય છે કે તેમણે કેવી સિદ્ધિ હાંસલ કરી છે.વોશિંગ્ટન સુંદરનો ઈનિંગ્સ ખાસ રહી હતી કેમ કે તેણે પોતાની કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી અને તે પણ એવા સમયે જ્યારે ટીમને ખરેખર તેની પાસેથી મોટી અપેક્ષા હતી અને ટીમને આ પ્રકારની બેટિંગની જરૂર હતી.

### ૨૧ મહિનાથી ચાલી રહ્યું છે યુદ્ધ

## યુદ્ધમાં ૬૦ હજાર જેટલાં પેલેસ્ટેનિયનનાં મોત થયાં

। (એજન્સી) ડેર અલ-બલાહ , તા.૩૦ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ૨૧ મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. જેને પ ગલે ઈઝરાયેલના લશ્કરી દળો દ્વારા છાશવારે ગાઝા પર હુમલા કરવામાં આવે છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ ૨૧ મહિનાથી ચાલતાં યુદ્ધમાં ૬૦ હજાર પેલેસ્ટેનિયનનાં મોત થયા છે. હમાસ સંચાલિત સરકારના મંત્રાલયના મતે ગાઝામાં મૃત્યુઆંક ૬૦,૦૩૪ને આંબી ગયો છે અને ઘાયોલની સંખ્યા ૧.૫૦ લાખ આસપાસ પહોંચી છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ના હમાસ દ્વારા ઈઝરાયેલ પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૧,૨૦૦થી વધુ લોકોના મોત થયા હતા અને ૨૫૦ જેટલા લોકોને હમાસે બંધક બનાવ્યા હતા. આ બંધકોને છોડાવવાની માંગ સાથે ઈઝરાયેલ સમયાંતરે વળતા હુમલા કરી રહ્યું છે.

તાજેતરમાં ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના સુરક્ષા દળો (આઈડીએફ)એ કરેલી કાર્યવાહીમાં ૭૦ લોકોના મોત નિપજ્યા છે. જેમાં ૧,૨૦૦થી વધુ લોકોના મોત થયા હતા અને ૨૫૦ જેટલા લોકોને હમાસે બંધક બનાવ્યા હતા. આ બંધકોને છોડાવવાની માંગ સાથે ઈઝરાયેલ સમયાંતરે વળતા હુમલા કરી રહ્યું છે. તાજેતરમાં ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના સુરક્ષા દળો (આઈડીએફ)એ કરેલી કાર્યવાહીમાં ૭૦ લોકોના મોત નિપજ્યા છે.

### ભારતને ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી!

## ‘જલદી ટ્રેડ ડીલ કરો નહીંતર ૨૫% ટેરિફ ભરવા તૈયાર રહો’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ટ્રેડ ડીલ ફાઈનલ કરવા માટે ભારત સરકારે અમેરિકાને ૧ ઓગસ્ટની સમયમર્યાદા મુલતવી રાખવા અપીલ કરી હતી પરંતુ આ ડેડલાઈન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નક્કી કરવામાં આવી છે. ટ્રમ્પે ધમકી આપી છે કે જો આ તારીખ સુધીમાં ભારત અને અમેરિકા વચ્ચે કોઈ વેપાર કરાર નહીં થાય, તો હું ભારત પર ૨૦-૨૫ ટકા સુધીનો ટેરિફ લાદીશ. આ માહિતી મામલા સાથે સંકળાયેલા સરકારી સૂત્રો દ્વારા આપવામાં આવી છે. મંગળવારે એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, “મને લાગે છે કે ભારત એક સારો મિત્ર છે, પરંતુ તેણે લગભગ દરેક દેશ કરતાં વધુ ટેરિફ વસૂલ્યા છે. આ હવે આગળ પણ આવું નહીં ચાલે. ભારત પર વધુ ટેરિફ લાદી શકાય છે.’’ સરકારી સૂત્રોના




જણાવ્યા અનુસાર, ભારતે અમેરિકાને ૧ ઓગસ્ટની સમયમર્યાદા લંબાવવા વિનંતી કરી છે ભારત પર વધુ ટેરિફ લાદી શકાય છે.’’ સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતે અમેરિકાને ૧ ઓગસ્ટની સમયમર્યાદા લંબાવવા વિનંતી કરી છે જેથી ૨૫ ઓગસ્ટે નવી દિલ્હીમાં યોજાનારી આગામી રાઉન્ડની વાટાઘાટો સુધી કરારની શક્યતાઓ ખુલ્લી રહે. ભારત સરકારના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું, “બંને પક્ષો વાતચીતમાં રોકાયેલા છે. હજુ બે દિવસ બાકી છે. કંઈ પણ થઈ શકે છે. આશા છે કે, અમેરિકા સમય આપશે, પરંતુ અંતિમ નિર્ણય ત્યાંની સરકારે લેવાનો છે.’’

## છ બેન્કોનાં ખાતામાં મિનિમમ બેલેન્સ નહીં હોય તો પણ દંડ નહીં

### સરેરાશ માસિક બેલેન્સ એ ગ્રાહક દ્વારા તેના સેવિંગ્સ બેન્ક એકાઉન્ટમાં જાળવવામાં આવતી એક ચોક્કસ રકમ છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

બચત ખાતામાં ન્યૂનતમ સરેરાશ માસિક બેલેન્સ નહીં જાળવવાને કારણે ગ્રાહકોના ખાતામાંથી બેન્કો દ્વારા દંડ પેટે પૈસા કાપી લેવાની અનેક ફરિયાદો જોવા મળે છે. જોકે તાજેતરમાં જ દેશની જાહેર ક્ષેત્રની છ બેન્કોએ એવરેજ મંથલી બેલેન્સ (એએમબી) એટલે કે સરેરાશ માસિક બેલેન્સ નહીં રાખવા બદલ દંડ નહીં વસૂલવાનો નિર્ણય કર્યો છે. દંડની જોગવાઈ દૂર કરનારી બેન્કોમાં પંજાબ નેશનલ બેન્ક, બેન્ક ઓફ બરોડા, બેન્ક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેન્ક, કેનેરા બેન્કનો સમાવેશ થાય છે. જ્યારે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ ૨૦૨૦થી જ મિનિમમ બેલેન્સ નહીં રાખવા બદલ દંડ વસૂલવાનું બંધ કર્યુ છે.સરેરાશ માસિક બેલેન્સ એ ગ્રાહક દ્વારા તેના સેવિંગ્સ બેન્ક એકાઉન્ટમાં જાળવવામાં આવતી એક ચોક્કસ રકમ છે. જો કોઈ ગ્રાહકનાં ખાતાનું બેલેન્સ આ ચોક્કસ રકમ કરતાં નીચું જાય તેવા કિસ્સામાં બેન્ક તેની પર પેનલ્ટી લગાવે છે. બેન્ક ઓફ બરોડા દ્વારા ૧ જુલાઈ, ૨૦૨૫થી તમામ સ્ટાન્ડર્ડ સેવિંગ્સ બેન્ક એકાઉન્ટ્સ પર બેલેન્સ એવરેજ મંથલી બેલેન્સ નહીં જાળવવા બદલ લગાવાતા દંડને દૂર કર્યો છે. જોકે પ્રીમિયમ સેવિંગ્સ એકાઉન્ટ્સને આ મુક્તિ નહીં મળે. બેન્ક એકાઉન્ટ્સ પર બેલેન્સ એવરેજ મંથલી બેલેન્સ નહીં જાળવવા બદલ લગાવાતા દંડને દૂર કર્યો છે. જોકે પ્રીમિયમ સેવિંગ્સ એકાઉન્ટ્સને આ મુક્તિ નહીં મળે.

## કેરેબિયન પ્રવાસમાં તમામ આઠેય મેચ જીતીને ઓસ્ટ્રેલિયાનો દબદબો

। (એજન્સી) સેંટ કિટ્સ, તા.૩૦ ।

પ્રવાસી ઓસ્ટ્રેલિયાએ તેના વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસનો સફળ અંત લાવતાં અહીં રમાયેલી પાંચમી અને અંતિમ ટી૨૦ ક્રિકેટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને ત્રણ વિકેટે હરાવ્યું હતું. આ સાથે ઓસ્ટ્રેલિયાએ આ પ્રવાસમાં તમામ આઠેય (ત્રણ ટેસ્ટ અને પાંચ ટી૨૦) મેચ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ અગાઉ કયારેય વેસ્ટ ઈન્ડિઝને પાંચ ટી૨૦ મેચમાં ૫-૦થી હરાવ્યું ન હતું. હકીકતમાં તેણે અન્ય કોઈ ટીમ સામે પણ આવી સફળતા હાંસલ કરી ન હતી તો બીજી તરફ બે વખતની ટી૨૦ વર્લ્ડ ચેમ્પિયન કેરેબિયન ટીમ પણ પોતાના ટી૨૦ ઈતિહાસમાં પહેલી વાર કોઈ સિરીઝ ૦-૫થી હારી હતી.સળંગ આઠમી વાર ઓસ્ટ્રેલિયાએ ટોસ જીત્યો હતો. સોમવારે આમ કરીને તેણે બોલિંગ કરવાનું પસંદ કર્યુ હતું. વેસ્ટ ઈન્ડિઝે ૧૯.૪ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૧૭૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ૧૭ ઓવરમાં સાત વિકેટે ૧૭૩ રન ફટકારીને મેચ જીતી લીધી હતી. વેસ્ટ ઈન્ડિઝે ૧૯.૪ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૧૭૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ૧૭ ઓવરમાં સાત વિકેટે ૧૭૩ રન ફટકારીને મેચ જીતી લીધી હતી. વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ વિકેટ લેનારા બેન દ્વારશૂઈસને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો તો સમગ્ર સિરીઝમાં શાનદાર દેખાવ કરનારા કેમરૂન ગ્રીનને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો. વેસ્ટ ઈન્ડિઝ માટે શિમરોન હેતમાયરે ૩૧ બોલમાં બાવન રન ફટકાર્યા હતા તો શેરફાને રૂધરફોર્ડે ૧૭ બોલમાં ૩૫ રન ફટકાર્યા હતા. જોકે અન્ય બેટર ખાસ નોંધપાત્ર દેખાવ કરી શક્યા ન હતા જેને કારણે ઓસ્ટ્રેલિયાને ૧૭૧ રનનો ટારગેટ જ મળ્યો હતો. દ્વારસૂઈસે ૪૧ રનમાં ત્રણ વિકેટ ખેરવી હતી તો નાથાન એલિસે ૩૨ રનમાં બે વિકેટ લીધી હતી. એડમ ઝમ્પાએ એક વિકેટ ખેરવવાની સાથે ટી૨૦ ઈન્ટરનેશનલમાં પોતાની ૧૦૦ વિકેટ પૂરી કરી હતી. ઓસ્ટ્રેલિયન બેટિંગમાં માઈકલ ઓવને ૧૭ બોલમાં ૩૭, અગાઉની મેચમાં આક્રમક સદી ફટકારનરા ટિમ ડેવિડે ૧૨ બોલમાં ૩૦ અને કેમરૂન ગ્રીને ૧૮ બોલમાં ૩૨ રન ફટકાર્યા હતા. ઓવેન અને કેમરૂન ગ્રીને પાંચમી વિકેટ માટે ૬૩ રન ઉમેરીને ટીમનો વિજય નિશ્ચિત કરી દીધો હતો. એરોન હાર્ડી ૨૮ રન સાથે અણનમ રહ્યો હતો.

**વિશેષ**


### પ્રિયંકા ગાંધીએ પહલગામ આતંકી હુમલાના જવાબદાર ટીઆરએફને લઈને સરકાર પર પ્રહાર કર્યા હતા

# પહલગામ હુમલા મુદ્દે લોકસભામાં આક્રમક ચર્ચા, પ્રિયંકા ગાંધીએ ઉઠાવ્યા સુરક્ષાના પ્રશ્નો

। નવીદિલ્હી,તા.૩૦ ।

લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન પ્રિયંકા ગાંધીએ પોતાનું ભાષણ આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું કે, ‘સૌથી પહેલાં હું તે સૈનિકો, જવાનોને સલામ કરવા માંગુ છું જેઓ દુર્ગમ વિસ્તારોમાં આપણી સરહદોનું રક્ષણ કરે છે. તેમણે ૧૯૪૮થી અત્યાર સુધી આપણા દેશની અખંડિતતાનું રક્ષણ કરવામાં ઘણું યોગદાન આપ્યું છે. આપણી સ્વતંત્રતા અહિંસાના આંદોલનથી પ્રાપ્ત થઈ હતી, પરંતુ આપણી સેનાએ તેને જાળવવામાં ઘણું યોગદાન આપ્યું છે. ગઈકાલે હું ગૃહમાં બધાનું ભાષણ સાંભળી રહી હતી. સંરક્ષણ મંત્રીનું ભાષણ સાંભળતી વખતે, મને એક વાત ચિંતાજનક લાગી કે દરેક વસ્તુની ચર્ચા કરવામાં આવી હતી, ઈતિહાસ પણ શીખવવામાં આવ્યો હતો, પરંતુ એક વાત છોડી દેવામાં આવી હતી કે, ૨૨ એપ્રિલ ૨૦૨૫ના દિવસે જ્યારે ૨૬ નાગરિકોને તેમના પરિવારની સામે મારી નાખવામાં આવ્યા હતા, ત્યારે સવાલ થઈ રહ્યો છે કે, આ હુમલો થયો જ કેવી રીતે?’

આ વિશે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, ‘બૈસરન ખીણમાં આતંકવાદીઓ શું કરી રહ્યા હતા? છેલ્લાં કેટલાક સમયથી તમારી સરકાર પ્રચાર કરી રહી હતી કે કાશ્મીરમાં શાંતિ છે. વડાપ્રધાને પણ કહ્યું હતું કે, ત્યાં શાંતિનો માહોલ છે. તેથી આ જ કારણોસર કાનપુરના એક યુવક શુભમ દ્વિવેદીએ કાશ્મીર જવાનું નક્કી કર્યું. તેના લગ્ન છ મહિના પહેલા થયા હતા. ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ બૈસરન ખીણમાં વાતાવરણ સારું હતું. દરરોજ હજારો લોકો આવતા હતા, તેથી તે દિવસે પણ મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા. શુભમ તેની પત્ની સાથે એક સ્ટોલ પર ઊભો હતો. પછી જંગલમાંથી ચાર આતંકવાદીઓ બહાર આવ્યા અને તેની પત્નીની સામે જ શુભમની હત્યા કરી દેવાઈ. ત્યારબાદ, તેમણે એક






કલાક સુધી એક પછી એક ૨૬ લોકોને મારી નાખ્યા. જ્યારે શુભમની પત્ની ગભરાઈને ત્યાંથી ભાગી ગઈ, ત્યારે ખબર પડી કે ઘણા લોકો ભાગી રહ્યા હતા. પરંતુ, આ સમગ્ર ઘટના દરમિયાન તેમને એક પણ સુરક્ષા કર્મચારી દેખાયો નહીં. શું સરકારને ખબર નહોતી કે હજારો લોકો ત્યાં જાય છે? લોકો સરકાર પર વિશ્વાસ કરીને ત્યાં ગયા અને સરકારે તેમને ભગવાન ભરોસે છોડી દીધા. આ જવાબદારી કોની હતી?’

પ્રિયંકા ગાંધીએ પહલગામ આતંકી હુમલાના જવાબદાર ટીઆરએફને લઈને સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, ‘ટીઆરએફે અનેક આતંકવાદી હુમલા કર્યા. ૨૦૨૦થી આંતકી હુમલા કરી રહેલા આ સંગઠનને ૨૦૨૩માં આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું. આ સંગઠન આટલા મોટા હુમલા કરતું રહ્યું અને સરકારને ખબર પણ ન પડી? આપણી એજન્સીની નિષ્ફળતાની જવાબદારી કોણ લેશે? શું કોઈએ રાજીનામું આપ્યું? ગુપ્ત વિભાગ ગૃહ મંત્રાલય હેઠળ આવે છે, શું ગૃહ મંત્રીએ તેની જવાબદારી લીધી? તમે ઈતિહાસની વાત કરો છો, હું વર્તમાનની વાત કરીશ. ૧૧ વર્ષથી તો તમારી સરકાર છે કોઈ જવાબદારી કેમ નથી લેતું?

વધુમાં તેમણે કહ્યું કે, ‘મુંબઈ હુમલાની વાત કરવામાં આવી હતી. મુંબઈ હુમલામાં સામેલ તમામ આતંકવાદીઓને તે જ સમયે ઠાર કરી દેવામાં આવ્યા હતા. ગૃહમંત્રીએ રાજીનામું આપ્યું હતું. ત્યારે અમારી જવાબદારી જનતા પ્રત્યે હતી. અત્યારે દેશ જવાબ ઈચ્છે છે કે, ૨૨ એપ્રિલના દિવસે શું થયું હતું? સરકાર પોતે જ પોતાની પીઠ થપથપાવે છે. સંસદમાં ખોટું બોલે છે. પરંતુ, અમે હુમલા સમયે એકજૂટ થયા હતા. દેશ પર હુમલો થયો તો અમે બધાં જ તમને સમર્થન આપી રહ્યા હતા. સેના પર અમને ગર્વ છે કે, સેના વીરતાથી લડી પરંતુ, ઓપરેશનનો શ્રેય વડાપ્રધાન મોદી લઈ રહ્યા છે. પરંતુ, ફક્ત શ્રેય લેવાથી કંઈ નહીં થાય. જવાબદારી પણ લેવી જોઈએ. દેશના ઈતિહાસમાં પહેલીવાર યુદ્ધ થતા-થતા રોકાઈ ગયું. યુદ્ધ રોકાયું પરંતુ, તેની જાહેરાત પણ આપણી સરકારે કે સેનાએ નહીં પરંતુ અમેરિકન પ્રમુખે કરી! આ સરકારની ગેરજવાબદારી છે. ગૃહમંત્રીએ નહેરૂ, ઈંદિરા ગાધીએ શું કર્યુ? મારી માતાના આંસુ સુધી પહોંચી ગયા પરંતુ, યુદ્ધ કેમ રોકાયું તેનો જવાબ ન આપ્યો.’

ભારતની વ્યૂહનીતિ પર વાત કરતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, આ આપણી વ્યૂહનીતિની નિષ્ફળતા છે. કારણ કે, સંઘર્ષ વિરામના થોડા જ સમયમાં પાકિસ્તાનના જનરલ અમેરિકન ટ્રમ્પ સાથે લંચ કરી રહ્યા હતા. તેની જવાબદારી કોણ લેશે? જો ઓપરેશન સિંદૂરમાં જહાજોનું નુકસાન નથી થયું તો ગૃહમાં જણાવવામાં શું જાય છે? આ સરકાર સવાલોથી બચે છે. તેમના હૃદયમાં જનતાનું કોઈ સ્થાન નથી. બધું રાજકારણ, પીઆર અને પ્રચાર છે.

સુરક્ષા વિશે વાત કરતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, અહીં ગૃહમાં બેઠેલા લગભગ બધાની પાસે સુરક્ષા છે. આપણે જ્યાં પણ જઈએ છીએ આપણને સુરક્ષા મળે છે. પરંતુ, એ દિવસે પહલગામમાં એ ૨૬ પરિવાર વેરવિખેર થઈ ગયા. ૨૬ દીકરા/ પતિ/ પિતા ગુજરી ગયા. તેમાંથી ૨૫ ભારતીય હતા. જેટલા પણ લોકો બૈસરન ખીણમાં હતા તેમની પાસે સુરક્ષા ન હતી, તમે ગમે તેટલા ઓપરેશન કરી લો, પરંતુ એ હકીકત નહીં છુપાવી શકો કે, ત્યારે આ સરકાર તે પરિવારોને સુરક્ષા આપી શકી નહીં.

### અનેક રાઉન્ડ છતાં યુનિ.ઓમાં પૂરતા વિદ્યાર્થીઓ મળતા નથી, ૪૦થી ૫૦ ટકા ધરાવતાં વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મૂકાયા

# રાજ્યની સરકારી યુનિ.ઓમાં ૧૯ રાઉન્ડ પછી બેઠકો ખાલી

**। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।**

રાજ્યમાં સરકારી યુનિવર્સિટીઓમાં જીકાસના માધ્યમથી પ્રવેશ કાર્યવાહી ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૧૯ રાઉન્ડ પુરા કર્યા પછી પણ મોટાભાગની યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં બેઠકો ખાલી પડી છે ત્યારે હવે યુનિવર્સિટીએ જીકાસમાં રજિસ્ટ્રેશન સાથે ફરીવાર એક રાઉન્ડ કરવાની માંગણી કરી હોવાની વિગતો બહાર આવી છે. આમ, ૧૯-૨૦ રાઉન્ડ પછી પણ મોટાભાગની યુનિવર્સિટીની બેઠકો ખાલી પડતાં જીકાસ સામે સંચાલકો, વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ સાથે નારાજગી જોવા મળી રહી છે. ગુજરાત યુનિવર્સિટી સહિતની તમામ સરકારી યુનિવર્સિટીઓ અત્યાર સુધી પોતાની રીતે આર્ટસ,કોમર્સ અને સાયન્સ સહિતના કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા કરતી હતી. બે વર્ષથી સરકાર દ્વારા જીકાસના માધ્યમથી રજિસ્ટ્રેશન અને પ્રવેશ ફાળવણી કરવાનું શરૂ કર્યું છે. ચાલુવર્ષે જીકાસના માધ્યમથી ૧૯ રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. આટલા બધા રાઉન્ડ કરવા છતાં ગુજરાત યુનિવર્સિટી સહિતની અનેક યુનિવર્સિટીઓમાં બેઠકો ખાલી પડી છે. બીજીબાજુ ઓછી ટકાવારી ધરાવતાં અસંખ્ય વિદ્યાર્થીઓએ વારંવાર કોલેજોની ચોઈસ આપવા છતાં પ્રવેશ ફાળવવામાં આવતો નથી. આમ, જીકાસના માધ્યમથી થતી પ્રવેશ કાર્યવાહીમાં હાલમાં ૪૦થી ૫૦ ટકા વચ્ચેની



ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓ પ્રવેશ માટે રીતસરનો રઝળપાટ કરી રહ્યા છે. જુદી જુદી કોલેજના પ્રિન્સિપાલ કહે છે કે, સામાન્ય રીતે યુનિવર્સિટી દ્વારા પ્રવેશ કાર્યવાહી કરવામાં આવતી હતી ત્યારે ઓનલાઈનમાં બેથી ત્રણ રાઉન્ડ અને એક ઓફ લાઈન રાઉન્ડ કરવામાં આવે તો તમામ બેઠકો ફુલ થઈ જતી હતી. આ ઉપરાંત નીચી ટકાવારીથી લઈને ઉંચી ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓને પણ કોઈને કોઈ કોલેજમાં પ્રવેશ મળી જતો હતો. જીકાસના માધ્યમથી હાલમાં ૧૯ રાઉન્ડ પુરા કર્યા પછી પણ ગુજરાત યુનિવર્સિટીની કોલેજોમાં પણ મોટભાગની બેઠકો ખાલી પડી છે. હાલમાં ૨૦મો રાઉન્ડ ચાલી રહ્યો છે ત્યારે હવે રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓએ સરકારમાં એટલે કે જીકાસમાં એવી લેખિતમાં રજૂઆત કરી છે કે, ખાલી બેઠકોની સંખ્યા જોતાં ફરી એકવાર જીકાસના માધ્યમથી રજિસ્ટ્રેશન શરૂ કરીને નવો રાઉન્ડ કરવો જોઈએ.ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં જુદી જુદી કોલેજોમાં ૪૫૯૪૫ બેઠકો ભરાઈ હોવાની આંકડાકીય વિગતો જીકાસ દ્વારા જાહેર કરવામાં આવી છે. પરંતુ યુનિવર્સિટીની કઈ કોલેજમાં કેટલી બેઠકો ભરાઈ છે અને કેટલી ખાલી છે તેની કોઈ વિગતો કોલેજો દ્વારા યુનિવર્સિટીને આપવામાં આવતી નથી. આ મુદ્દે યુનિવર્સિટીના સત્તાધીશો કહે છે કે, કોલેજોને વારંવાર સૂચના આપવા છતાં કેટલી બેઠકો ખાલી છે તેની વિગતો આપતી નથી. કેટલીક કોલેજો હજુ પ્રવેશની વિગતો અપલોડ કરવામાં આવી નથી તેવા બહાનાઓ આગળ ધરીને પ્રવેશની આંકડાકીય વિગતો આપતી નથી.

## કડિયાવાડમાં ભાડુઆતના મકાન પર ઇંગલિશ દારૂ અંગે દરોડા

**। (એજન્સી) જામનગર, તા.૩૦ ।**

જામનગરના કડિયાવાડ વિસ્તારમાં એક ભાડાના મકાન પર એલસીબીની ટુકડીએ દરોડો પાડી ૬૦ નંગ ઈંગ્લિશ દારૂની બોટલો સાથે એક શખ્સને ઝડપી લીધો છે, જ્યારે દારૂના સપ્લાયરને ફરાર જાહેર કરાયો છે. જામનગરના કડિયાવાડ વિસ્તારમાં મોટું ફળીમાં મકાન ભાડેથી રાખીને રહેતા હિરેન ઉર્ફે પોપટ પ્રાણલાલ વસાણીના મકાનમાં દારૂનો જથ્થો ઉતારવામાં આવ્યો છે, તેવી બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન મકાનમાંથી ૬૦ નંગ ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો, તેથી પોલીસે ઇંગ્લિશ દારૂ કબજે કરી લીધો છે, અને હિરેન પ્રાણલાલ વસાણીની અટકાયત કરી લીધી છે. પોલીસની પૂછપરછ દરમિયાન તેને ઉપરોક્ત દારૂનો જથ્થો જામનગરમાં કડીયાવાડમાં રહેતા રોહિત ઉર્ફે ગટી જયંતીભાઈ ચાવડાએ સપ્લાય કર્યો હોવાનું જણાવતાં પોલીસે તેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

## ધોરાજીના જામકંડોરણામાં છ વર્ષની પુત્રી સાથે પિતાએ નદીમાં ઝંલાવ્યુ

**। (એજન્સી) ધોરાજી, તા.૩૦ ।**

ધોરાજી અને જામકંડોરણા વચ્ચે ભાદર નદી પર આવેલા પુલ નીચે પાણીમાંથી જૂનાગઢ રહેતા અને પુત્રની લાશ મળી આવી હતી. જેમાં છ વર્ષની પુત્રી સાથે પિતાએ નદીમાં ઝંપલાવ્યાનું પ્રાથમિક તારણ નીકળ્યું છે.

ધોરાજી અને જામકંડોરણા વચ્ચે ભાદર નદીના પુલ પર મોટરસાયકલ પડેલું હોય, જે બાબતે પોલીસને જાણ કરાતા તપાસ શરૂ કરાઈ હતી. જેથી ભાદર નદી ઉપર પુલ પાસેના ભાગમાં પિતા અને પુત્રીની લાશ મળી આવી હતી. મૃતક પિતાની સાથે પુત્રીને કપડાંથી બાંધેલી હતી.

ત્યારબાદ બંનેની લાશ બહાર કાઢી સરકારી હોસ્પિટલ ખાતે પીએમ માટે ખસેડવામાં આવી હતી. મૃતક પિતાનું નામ ગફાર વિજળીવાળા (ઉ.વ.૪૫) અને પુત્રીનું નામ અનામ ફાતિમા (ઉ.વ.૬) અને જૂનાગઢના સુખનાથ ચોક વિસ્તારમાં રહેતા હતા. આંટો મારવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. સોમવારે જામકંડોરણા અને ધોરાજી વચ્ચે ભાદર નદીના પુલ નીચે મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું કે દીકરી બહુ બિમાર રહેતી હોવાથી ગૃહકંકાશ વધી જતાં પિતાએ કંટાળીને અંતિમ પગલું ભર્યું હતું.

### પાણીજન્ય રોગચાળાની સામે મચ્છરજન્ય રોગચાળો કાબુમાં છે

# શહેરમાં પાણીજન્ય રોગચાળો વકર્યો કોલેરાના ૨૫, કમળાના ૪૧૩ કેસ નોંધાયા

**અમદાવાદમાં જુલાઈ માસમાં પાણીથી ફેલાતા રોગોના દોઢ હજારથી વધુ કેસ નોંધાયાઃ પૂર્વ વિસ્તારમાં સૌથી વધુ અસર**

**। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।**

અમદાવાદમાં જુલાઈ માસમાં પાણીજન્ય રોગચાળાના દોઢ હજાર કરતા વધુ કેસ સામે આવ્યા છે. જેમાં કોલેરા અને કમળાનો કહેર ચાલુ રહેવા પામ્યો છે. જુલાઈ માસના ૨૬ દિવસના સમયગાળામાં જ શહેરમાં કોલેરાના ૨૫ કેસ નોંધાયા હતા. જે પૈકી ૨૦ જેટલા કેસ પૂર્વ વિસ્તારમાં નોંધાયા હોવાનું જાણવા મળે છે. જ્યારે કમળાના પણ ૪૧૩ કેસ સામે આવ્યા છે. પાણીજન્ય રોગચાળાના કેસોની સંખ્યામાં સતત થઈ રહેલા વધારાને પગલે પાણીના સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાં ૭૯ સેમ્પલ અનફીટ જાહેર થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરમાં જુલાઈ માસના ૨૬ દિવસમાં જ પાણીજન્ય રોગચાળાના મોટા પ્રમાણમાં કેસો સામે આવ્યા છે. ૨૬ દિવસમાં જ શહેરમાં કોલેરાના ૨૫ કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. કોલેરાના ૨૬ કેસ પૈકી વટવામાં ૪, મક્તમપુરામાં ૩, રામોલ- હાથીજણમાં ૩, અસારવામાં



૨, ઈસનપુરમાં ૨, ઠક્કરનગરમાં ૨, સરસપુર- રખિયામાં ૧, ખાડીયામાં ૧, ગોમતીપુરમાં ૧, અમરાઈવાડીમાં ૧, સરદારનગરમાં ૧, સરખેજમાં ૧, લાંભામાં ૧, નિકોલમાં ૧ અને ચાંદલોડીયામાં ૧ કેસ નોંધાયો છે. આ સાથે ચાલુ વર્ષે શહેરમાં કોલેરાના કુલ ૮૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. આ ઉપરાંત ઝાડા-ઉલ્ટીના ૨૬ દિવસમાં ૭૦૩ કેસ, કમળાના ૪૧૩ અને ટાઈફોઈડના ૫૧૯ કેસ નોંધાયા છે. આમ, જુલાઈ માસના ૨૬ દિવસમાં જ કોર્પોરેશનના હેલ્થ વિભાગના સત્તાવાર ચોપડે પાણીજન્ય રોગચાળાના કુલ ૧૬૬૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. પાણીજન્ય રોગચાળાના કેસો સામે આવતા કોર્પોરેશન દ્વારા જુલાઈ માસમાં જ ૬૫૧૦ પાણીના સેમ્પલ લઈને તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૭૯ સેમ્પલ અનફીટ જાહેર થયા છે. આ સાથે ચાલુ વર્ષે પાણીના કુલ ૪૬ હજાર કરતા વધુ સેમ્પલની ચકાસણી કરાઈ હતી અને તેમાંથી ૩૫૮ સેમ્પલ અનફીટ જાહેર થયા હતા. પાણીજન્ય રોગચાળાની સામે મચ્છરજન્ય રોગચાળો કાબુમાં છે. જુલાઈ માસના ૨૬ દિવસમાં સાદા મેલેરિયાના ૮૯ અને ડેન્ગ્યૂના ૭૫ કેસ સામે આવ્યા છે. જ્યારે ઝેરી મેલેરિયાના ૯ કેસ નોંધાયા છે. ઉપરાંત ચીકનગુનિયાના ૩ પણ કેસ નોંધાયા છે. ડેન્ગ્યૂના ૭૫ કેસ સામે ચાલુ વર્ષે કુલ કેસોની સંખ્યા ૨૩૬ પર પહોંચી ગઈ છે. ડેન્ગ્યુના કેસો સામે આવતા કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા જુલાઈ માસમાં ૪૨૩૨ સીરમ સેમ્પલ લઈને તપાસ માટે મોકલ્યા હતા. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૨૯ હજાર કરતા વધુ સીરમ સેમ્પલની તપાસ કરવામાં આવી છે.

# વરસાદી પાણી ભરાતા સ્થાનિકોએ બાવળા-ધોળકા હાઇવે કર્યો ચક્કાજામ

**બાવળા પોલીસ સ્ટેશન પાસે આવેલી સોસાયટીના રસ્તોએ બાવળાથી ધોળકા જતાં રોડ પર વાહનો રોકી વિરોધ વ્યક્ત કર્યો હતો**

**। (એજન્સી) નવસારી,તા.૩૦ ।**

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે મેઘરાજાએ ધમાકેદાર બેટીંગ કરતાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે.

ત્યારે અમદાવાદ જિલ્લાના બાવળા શહેરમાં વરસાદી પાણી ભરાવવાની ગંભીર સમસ્યાએ લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. બાવળામાં પાણી નહીં પણ પાણીમાં બાવળા જેવી સ્થિતિ સર્જાઈ છે. તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેમણે રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું છે. બાવળા પોલીસ સ્ટેશન પાસે આવેલી સોસાયટીના રસ્તોએ બાવળાથી ધોળકા જતાં રોડ પર વાહનો રોકી વિરોધ વ્યક્ત કર્યો હતો.

વરસાદ બંધ થયાના બે દિવસ વીતી ગયા હોવા છતાં, બાવળા શહેર બેટમાં ફેરવાયું છે અને પાણી ઓસર્યા નથી. સ્વાગત રેસીડેન્સી, રત્નદીપ સોસાયટી અને બળિયાદેવ વિસ્તારમાં ઘરો અને દુકાનોમાં ૩ થી ૪ ફૂટ સુધી પાણી ઘૂસી ગયા છે. જેના કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પાણીના નિકાલની તાત્કાલિક વ્યવસ્થા કરવાની માંગ સાથે સ્થાનિકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. મહિલાઓએ મામલતદારની ગાડી અટકાવીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત, રોષે ભરાયેલા રહીશોએ ધારાસભ્ય કનુ પટેલનો ઘેરાવો કર્યો હતો. જોકે, કનુ પટેલ સવાલોના જવાબ આપવાને બદલે ઘટનાસ્થળેથી રવાના થઈ ગયા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સ્થાનિકોનો આરોપ છે કે નગરપાલિકાના પ્રી-મોન્સૂન કામગીરીના દાવા પોકળ સાબિત થયા છે. પરિણામે, લોકોના ઘરો અને દુકાનોમાં પાણી ભરાયા છે. વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિકોએ "હાય રે નગરપાલિકા" ના નારા લગાવ્યા હતા.

વરસાદી પાણીના ભરાવાને લઈને રોષે ભરાયેલા રહીશોએ બાવળા-ધોળકા માર્ગ પર ચક્કાજામ કરતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને ઘટનાસ્થળે પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. બાવળામાં સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા અને વરસાદી પાણીના નિકાલની કાયમી સમસ્યાને ઉજાગર કરે છે. સ્થાનિકો દ્વારા તાત્કાલિક અને કાયમી ઉકેલની માંગ કરવામાં આવી રહી છે. બાવળામાં સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા અને વરસાદી પાણીના નિકાલની કાયમી સમસ્યાને ઉજાગર કરે છે. સ્થાનિકો દ્વારા તાત્કાલિક અને કાયમી ઉકેલની માંગ કરવામાં આવી રહી છે.

# ડુમાણા-વણા રોડ પર ઘુડખર આવતા ST બસ રસ્તાની સાઈડમાં ઊતરી ગઈ

**। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।**

કચ્છના નાના રણમાં આવેલ ઘુડખર અભિયારણ્યના આરક્ષીત ઘુડખરો અભિયારણ્ય વિસ્તારમાંથી બહાર આવી ખેતી પાકને નુકશાન કરતા હોવાની રાવ ઉઠી છે.

ત્યારે ડુમાણા-વણા રોડ પર આ ઘુડખરને બચાવવા જતા ભુજ-સુરેન્દ્રનગર રૂટની એસ.ટી.બસ રસ્તાની સાઈડમાં ઉતરી ગઈ હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજાઓ પહોંચી ન હતી.

લખતર પંથકમાં છેલ્લા થોડા દિવસોથી ઘુડખરોનો ત્રાસ વધતો જાય છે. અભિયારણ્ય બહારના વિસ્તારમાં ફરતા ઘુડખરો ખેતરોમાં નુકશાન કરતા હોવાની થોડા દિવસો પહેલા જ રજુઆત થઈ હતી. ત્યારે રસ્તા પર ફરતા ઘુડખરના લીધે અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. મળતી માહીતી મુજબ દુધરેજ કેનાલ પરનો પુલ બંધ કરવામાં આવતા ભુજથી સુરેન્દ્રનગર તરફ આવતી એસ.ટી. બસ વાયા વણા, લખતર થઈને રવીવારે રાતના સમયે સુરેન્દ્રનગર તરફ જતી હતી. ત્યારે ધ્રાંગધ્રાના ડુમાણા અને લખતરના વણા રોડ પર ઘુડખરોનું ટોળુ પસાર થયુ હતુ. અંતીમ ઘુડખર પસાર થવાના સમયે ડ્રાઈવરે કાર ચલાવતા ઘુડખરને બચાવવા જતા ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. અને બસ રસ્તાની સાઈડમાં ઉતરી ગઈ હતી. આ સમયે બસમાં ડ્રાઈવર-કંડકટર ઉપરાંત ૧૧ મુસાફરો સવાર હતા. પરંતુ સદભાગ્યે કોઈને ઈજા પહોંચી ન હતી. ડુમાણા અને વણાના ગ્રામજનોએ દોડી જઈ મુસાફરોને સહી સલામત બહાર કાઢયા હતા. જયારે એસ.ટી.ની ક્રેઈન વડે બસને બહાર કઢાઈ હતી. અને બસ રસ્તાની સાઈડમાં ઉતરી ગઈ હતી. આ સમયે બસમાં ડ્રાઈવર-કંડકટર ઉપરાંત ૧૧ મુસાફરો સવાર હતા. પરંતુ સદભાગ્યે કોઈને ઈજા પહોંચી ન હતી. ડુમાણા અને વણાના ગ્રામજનોએ દોડી જઈ મુસાફરોને સહી સલામત બહાર કાઢયા હતા. જયારે એસ.ટી.ની ક્રેઈન વડે બસને બહાર કઢાઈ હતી.

# ઈજાગ્રસ્ત યુવતીને ઘરે મૂકવા જવા નીકળેલા સહકર્મીનો છેડતીનો પ્રયાસ

**। અમદાવાદ, તા.૩૦ ।**

શહેરના વિસત ગાંધીનગર હાઈવે પર આવેલા એક પેટ સ્પા સેન્ટરમાં નોકરી કરતી યુવતી ઓનલાઈન રાઈડ થકી ઓફિસે જઈ રહી હતી ત્યારે રાઈડરે અકસ્માત સર્જી દેતા તેને ઈજા પહોંચી હતી. બાદમાં તે ઓફિસે ગઈ ત્યારે તેના મેડમે ઘરે જવા કહ્યું હતું. શ્વાનનો ખોરાક અને દવાઓ લઈને ડિલિવરી બોય યુવતીના ઘર નજીકના વિસ્તારમાં જતો હોવાથી તેની સાથે જ ઘરે જવાનું કહેતા યુવતી સહકર્મી સાથે નીકળી હતી. રસ્તામાં સહકર્મીની દાનત બગડતા નાના ચિલોડા પાસે ભાટ ટોલ ટેક્સ બૂથ પાસે યુવતીને ઝાડીમાં લઈ જવાનો પ્રયાસ કરીને છેડતી કરી હતી. આ મામલે યુવતીએ પોલીસને જાણ કરતા ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૂળ રાજસ્થાનની ૨૩ વર્ષીય યુવતી વિસત ગાંધીનગર હાઈવે પર પેટ સ્પાની દુકાનમાં નોકરી કરે છે. ગત તા.૨૬મીએ તે ઓનલાઈન રાઈડ બુક કરીને નોકરીએ જતી હતી ત્યારે રાઈડર દ્વારા અકસ્માત સર્જતા યુવતી ઈજાગ્રસ્ત થઈ હતી. બાદમાં તે નોકરી સ્થળે પહોંચી ત્યારે હાજર મેડમે તેને ઘરે જવા



કહ્યું હતું. દરમિયાનમાં ત્યાં જ કામ કરતો ડિલિવરી બોય નરોડા ખાતે શ્વાનનો ખોરાક અને દવાઓ લઈને જવાનો હોવાથી યુવતીને તેની સાથે જવાનું કહેતા તે તેની સાથે જવા રવાના થઈ હતી. દરમિયાન આરોપી ડિલિવરી બોયે ભાટ ટોલ ટેક્સ પાસે અવાવરૂ જગ્યાએ ગાડી ઊભી રાખી હતી. બાદમાં તેણે યુવતીને ઝાડીમાં લઈ જવા પ્રયાસ કર્યો હતો. યુવતીએ પ્રતિકાર કરતા આરોપીએ જબરજસ્તીથી હાથ ખેંચીને યુવતીની છેડતી કરી હતી. આ દરમિયાનમાં યુવતીએ તેના મેડમ અને પોલીસને જાણ કરતા આરોપી ત્યાંથી ભાગી ગયો હતો. બાદમાં ઓનલાઈન રાઈડ બુક કરાવીને યુવતી ઘરે પહોંચી હતી.

### નિકોલ અને ઓઢવમાં પાણી ભરાવાથી સમસ્યા યથાવત્

# ગોપાલ ચોક વિસ્તારમાં પાણી ન ભરાવાના તંત્રના દાવા પર પાણી ફરી વળ્યું

**રવિવાર બાદ સોમવારે વરસાદે આંશિક વિરામ લીધો હતો પરંતુ પૂર્વના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણીમાંથી મુક્તિ મળી ન હતી**

**। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।**

તાજેતરમાં પૂર્વ માટે ખૂબ જ જરૂરી એવા રૂ.૧૨ કરોડથી વધુના ખર્ચે ઓઢવ ૩૧૦ પમ્પિંગ સ્ટેશન અપગ્રેડ કરવામાં આવ્યા બાદ પણ નિકોલ ગોપાલ ચોક, ઓઢવ ફાયર સ્ટેશન, રામોલ જનતા નગર જેવા વિવિધ વિસ્તારોમાં બેથી ત્રણ ફૂટ જેટલાં પાણી ભરાઈ રહ્યા હતા. પૂર્વના વિરાટનગરમાં બે ઈંચ, ઓઢવ, દૂધેશ્વર, મેમ્કો સહિતના વિસ્તારમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. એટલું જ નહીં સૈજપુરબોઘા ગોપાલપુરમાં ઘરોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોની હાલાકી વધી હતી. જ્યારે પીપળજના ગણેશનગરમાં સરકારી શાળામાં પાણી ભરાઈ જવાના કારણે બાળકોનું શિક્ષણ પણ પ્રભાવિત થયું હતું. સામાન્ય વરસાદ બાદ પણ રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. નિકોલ સહિત પૂર્વના વિવિધ વિસ્તારોમાં એક અઠવાડિયા પહેલાં વરસાદી પાણી ન ભરાય અને તેનો નિકાલ થાય તે માટે મ્યુ.કોર્પો. દ્વારા રૂ.૮૧.૪૦ કરોડના ખર્ચે ઈસ્ટર્ન ડ્રેનેજ ટ્રંક લાઈનનુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પરંતુ ૨ દિવસમાં માંડ ૩ ઈંચ જેટલો વરસાદ પડયો તેમાં પણ આ ઈસ્ટર્ન ડ્રેનેજ ટ્રંક લાઈન કામ ન આવી હોય તેવી પરિસ્થિતિ જોવા મળી છે.

### ભારે વરસાદને કારણે ગંભીર દુર્ઘટના સર્જાઈ

# છોટા ઉદેપુરના સનાડા ગામે ભારે વરસાદથી મકાન ધરાશાયી

**। (એજન્સી) છોટા ઉદેપુર, તા.૩૦ ।**

છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા અવિરત વરસાદ પડી રહ્યો છે. જેના કારણે કારણે નદી-નાળાઓ છલકાઈ ગયા છે. આ દરમિયાન સનાડા ગામે ભારે વરસાદને કારણે ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. જ્યા જર્જરીત મકાન ધરાશાયી થતા એક વ્યક્તિનું મોત નીપજ્યું. જ્યારે તેમની પત્નીનો આબાદ બચાવ થયો છે. અકસ્માત બાદ તાત્કાલિક સ્થાનિક લોકોએ મદદરૂપ થઈ હતી અને ઈજાગ્રસ્ત મહિલાને બહાર કાઢીને સારવાર માટે ખસેડાઈ હતી. મળતી માહિતી અનુસાર, છોટાઉદેપુરમાંના સોમવારે (૨૮મી જુલાઈ) મોડી રાત્રે સનાડા ગામમાં ડુંગળી ફળિયામાં એક જર્જરીત મકાનનો ભાગ તૂટી પડ્યો હતો. આ મકાનની અંદર સૂઈ રહેલા પતિ-પત્ની કાટમાળમાં દબાઈ ગયો હતો. જો કે, આ દુર્ઘટનામાં ગફુર રાઠવાનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે તેમની પત્નીનો આબાદ બચાવ થયો છે. આ ઘટના અંગે સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી. હાલમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે અને આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

### પુનઃલગ્ન ન કર્યા અંગેના દાખલાનું વેરિફિકેશન પણ કરાવવું પડશે

# વિધવા સહાયના લાભાર્થીઓએ હયાતીની ખરાઈ ફરજિયાત કરાવવી પડશે

**ગાંધીનગર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાના હાલમાં ૪૯ હજારથી વધુ લાભાર્થી છે**

**। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।**

આ તમામ લાભાર્થીઓએ હવે પેન્શનરોની જેમ પોતાની હયાતીની ખરાઈ જે તે લગત મામલતદાર કચેરી ખાતે ફરજિયાત કરાવવી પડશે. એટલું જ નહિ પુનઃલગ્ન ન કર્યા અંગેના દાખલાનું વેરિફિકેશન પણ કરાવવું પડશે. સરકારના ઠરાવ મુજબ દર જુલાઈ મહિનામાં આ પ્રોસેસ કરાવવા લાભાર્થીઓને જણાવવામાં આવ્યું છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના (વિધવા સહાય) અમલમા છે. જેમાં લાભાર્થીને દર મહિને રૂ. ૧૨૫૦ની સહાય ડીબીટીના માધ્યમથી સીધી બચત ખાતામાં ચૂકવણી કરવામાં આવે છે. આ સહાય નિયમિત ચાલુ રહે અને કોઈ મુશ્કેલી ઉભી ના થાય તે માટે વિધવા મહિલા લાભાર્થીઓને હયાતીની ખરાઈ જે તે મામલતદાર કચેરીમાં આપવા જવું પડશે. આ ઉપરાંત ૧૮ થી ૫૦ વર્ષની વયના લાભાર્થીઓએ પુનઃલગ્ન ન કર્યા અંગેનો તલાટીનો દાખલો પણ મામલતદાર કચેરી ખાતે રજુ કરવાનો રહેશે. સરકાર દ્વારા આ ઠરાવ કરાયો છે. જો લાભાર્થી મહિલાનું અવસાન થઈ ગયું તો પરિવારજનોએ ગ્રામપંચાયત, નગરપાલિકામાં મરણ નોંધણી કરાવવી અનિવાર્ય છે.